# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

01 MAY-2024 WEDNESDAY

વર્ષ-13 । અંક-166 । વિક્રમ સંવત-2080 । ચૈત્ર વદ-08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

લક્સની નવી બ્રાન્ડ એમ્બેસેડર બની શાહરૂખની લાડલી...



પેજ-09

સુનીલ નરેને કર્યો કમાલ, IPLમાં મલિંગાને પાછળ છોડી બન્યો નં.-1




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અમદાવાદ | 39.00 | 23.00 |
| વડોદરા | 41.00 | 23.00 |
| સુરત | 40.00 | 25.00 |


પેજ 5




RBI ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગ પ્લેટફોર્મ પર કામ કરતી સંસ્થાઓ માટે મુખ્ય...

ભારત-ઈરાનનો સંબંધ હડપ્પા સંસ્કૃતિ કરતા પણ જૂનો.....




પેજ 10



**શેરબજાર**

| | | | |
| --- | --- | --- | --- |
| સેન્સેક્સ | 74482.78 | ▼ | 188.50 |
| નિફ્ટી | 22604.85 | ▼ | 038.55 |
| સોનું | 70,725.00 | ▼ | 877.00 |
| ચાંદી | 79,605.00 | ▼ | 1,247.00 |

# T-20 વર્લ્ડકપ 2024 માટે ભારતીય ટીમની જાહેરાત કરાઈ

## અમેરિકા અને વેસ્ટ ઈન્ડીઝમાં 1 જૂનથી શરૂ થશે : રોહિતની કેપ્ટનશિપમાં રમશે ખેલાડીઓ : શુભમનગિલ, અવેશ ખાન, ખલીલ અહેમદ અને રિંકુ સિંહને રિઝર્વ રખાયા





હાર્દિક પંડ્યા (વાઈસ કેપ્ટન) | યશસ્વી જયસ્વાલ | વિરાટ કોહલી | સૂર્યકુમાર યાદવ | સંજુ સેમસન | રિષભ પંત | શિવમ દુબે | રવીન્દ્ર જાડેજા | અક્ષર પટેલ | કુલદીપ યાદવ | યુઝવેન્દ્ર ચહલ | અર્શદીપ સિંહ | જસપ્રીત બુમરાહ | મોહમ્મદ સિરાજ

(એજન્સી) મુંબઈ । તા. 30

અમેરિકા અને વેસ્ટ ઈન્ડીઝમાં 1 જૂનથી શરૂ થઈ રહેલા T20 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. BCCIએ મંગળવારે રોહિત શર્માની કેપ્ટનશિપમાં ટુર્નામેન્ટ માટે 15 સભ્યની ટીમ જાહેર કરી છે. IPLમાં સારી બેટિંગ કરી રહેલા સંજુ સેમસન અને રિષભ પંતને વિકેટકીપર તરીકે પસંદ કર્યા છે. હાર્દિક પંડ્યાની સાથે શિવમ દુબેની પણ પેસ બોલિંગ ઓલરાઉન્ડરની શ્રેણીમાં પસંદગી કરવામાં આવી છે. શુભમન ગિલ અને રિંકુ સિંહ મુખ્ય ટીમમાં જગ્યા બનાવી શક્યા નથી. તેમને ટ્રાવેલિંગ રિઝર્વનો ભાગ બનાવવામાં આવ્યા છે.

### કેનેડા અને અમેરિકા વચ્ચે ઓપનિંગ મેચ

ટુર્નામેન્ટની શરૂઆતની મેચ હોમ ટીમ કેનેડા અને અમેરિકા વચ્ચે રમાશે. આ મેચ 1 જૂને ન્યૂયોર્કમાં જ રમાશે. સેમિફાઈનલ પહેલાં કુલ 52 મેચ રમાશે, જેમાં ગ્રુપ સ્ટેજની 40 મેચ અને સુપર-8 સ્ટેજની 12 મેચ સામેલ છે.પ્રથમ સેમિફાઈનલ 26 જૂને ગયાનામાં અને બીજી સેમિફાઈનલ 27 જૂને ત્રિનિદાદમાં રમાશે.

### ટીમ ઈન્ડિયા 9 જૂને પાકિસ્તાન સામે ટકરાશે

ટીમ ઈન્ડિયા પોતાની પ્રથમ મેચ 5 જૂને આયર્લેન્ડ સામે રમશે. ટીમની બીજી મેચ 9 જૂને પાકિસ્તાન સામે, ત્રીજી મેચ 12 જૂને અમેરિકા સામે અને ચોથી મેચ 15 જૂને કેનેડા સામે થશે. ફાઈનલ મેચ 29 જૂને બાર્બાડોસમાં રમાશે. ટુર્નામેન્ટમાં 20 ટીમ વચ્ચે 29 દિવસ સુધી કુલ 55 મેચ રમાશે.

**કોરોનાની કોવિશિલ્ડ વેક્સિનથી હાર્ટ-એટેકનું જોખમ : 2 વર્ષે બ્રિટિશ કોર્ટમાં કંપનીએ સ્વીકાર્યું...** વિસ્તૃત અહેવાલ માટે વાંચો પાના નં. 10 પર

# મુંબઈ-આગરા હાઈવે પર બસ-ટ્રક વચ્ચે ગોઝારો અકસ્માત

(એજન્સી) મુંબઇ । તા. 30

મહારાષ્ટ્રથી એક આંચકાજનક અહેવાલ સામે આવ્યાં છે. અહીં મુંબઈ-આગરા હાઈવે પર બસ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા 10 લોકોનાં ઘટનાસ્થળે જ મૃત્યુ થઈ ગયા હતા જ્યારે 30થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ટાયર ફાટતાં બસ ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવ્યું હતું અને તેના કારણે જ આ અકસ્માત સર્જાયો હોવાનું મનાય છે.

## બસનો કચ્ચરઘાણ નીકળી ગયો, 10ના મોત



### ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયાં

નાસિકના મુંબઈ-આગરા હાઈવે પર અકસ્માત થયા બાદ પોલીસનો કાફલો અને એમ્બ્યુલન્સ સહિતની ટીમ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવી હતી. ત્યારબાદ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા.

### બસ-ટ્રકમાં ધડાકાભેર ટક્કર થઇ


અહેવાલો મુજબ નાસિકથી જલગાંવ જઈ રહેલી મુસાફરો ભરેલી બસ સામેથી આવતા ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે, બસનું કચ્ચરઘાણ વળી ગયું હતું. બસને કાપીને મુસાફરોને બહાર કાઢવા પડ્યા હતા. આ અકસ્માત સર્જાયો ત્યારે તુરંત આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તુરંત પોલીસને જાણ કરી હતી. હાઈવે પર અકસ્માત સર્જાયા બાદ હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે. ટાયર ફાટતાં બસ ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવ્યું હતું અને તેના કારણે જ આ અકસ્માત સર્જાયો હોવાનું મનાય છે.

## સુપ્રીમ કોર્ટનો EDને સવાલ

# ચૂંટણી ટાણે કેજરીવાલની ધરપકડ કેમ, કેસમાં તેમનું નામ કેવી રીતે આવ્યું?

(એજન્સી) નવી દિલ્હી । તા. 30

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ઈડી દ્વારા તેમની થયેલી ધરપકડની કાયદેસરતાને પડકારતી અરજી કર્યા બાદ સુપ્રીમ કોર્ટમાં આજે (30મી એપ્રિલે) ફરી સુનાવણી હાથ ધરાઈ હતી. સુપ્રીમ કોર્ટે ગઈકાલે (29મી એપ્રિલ)ની સુનાવણીમાં કેજરીવાલના વકીલ અને ઈડીના વકીલની દલીલો સાંભળ્યા બાદ બીજા દિવસે ફરી સુનાવણી કરવાનો નિર્ણય કર્યો હતો, ત્યારે આજની સુનાવણીમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધાશી સંજીવ ખન્ના અને ન્યાયાધીશ દીપાંકર દત્તાની બેંચે લોકસભા ચૂંટણી અને કેજરીવાલની ધરપકડ વચ્ચેની ટાઈમિંગ મામલે સવાલ ઉઠાવ્યા છે.



**EDને ત્રીજી મેએ જવાબ રજુ કરવા સુપ્રીમનો આદેશ**

સુપ્રીમ કોર્ટે ઈડીને શુક્રવાર બપોર સુધીમાં જવાબ આપવા આદેશ કર્યો છે. ઈડીએ લિકર પોલિસી કૌભાંડ સંબંધિત મની લોન્ડ્રિંગ કેસમાં PMLA હેઠળ 21 માર્ચે અરવિંદ કેજરીવાલની તેમના નિવાસસ્થાનેથી ધરપકડ કરી હતી.

### ● કેજરીવાલના વકીલની દલીલ બાદ સુપ્રીમ કોર્ટે ઈડીને શું કહ્યું?

કેજરીવાલના સીનિયર એડવોકેટ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી છે કે, 'લોકસભાની ચૂંટણીના થોડા દિવસ પહેલા જ કેજરીવાલની ધરપકડ કેમ કરવામાં આવી?' ત્યારે કોર્ટે સંઘવીની દલીલને ધ્યાને રાખી EDના વકીલ ASG એસવી રાજુ પાસે આ મામલે જવાબ માંગ્યો છે અને કહ્યું કે, સ્વતંત્રતા ખૂબ જ મહત્વની હોવાથી તમે તેનો ઈન્કાર ન કરી શકો. કોર્ટે ઈડીને જવાબ આપવા તેમજ કાર્યવાહી શરૂ થયા બાદ વારંવાર દાખલ થયેલી ફરિયાદો વચ્ચેના સમય અંગે કારણો જણાવવા કહ્યું છે.

### સુપ્રીમ કોર્ટે EDને પૂછ્યા પાંચ સવાલ

1. શું મદનલાલ ચૌધરી અથવા અન્ય કેસમાં કોઈપણ કાર્યવાહી કર્યા વગર જે કહેવાયું છે, તેના સંદર્ભ મુજબ ન્યાયિક કાર્યવાહી શરૂ થઈ શકે છે? (ન્યાયાધીશે કહ્યું કે, કેજરીવાલના કેસમાં હજુ સુધી કોઈ જપ્તી કરાઈ નથી, જો થઈ છે તો ઈડીએ કહેવું પડશે કે, કેસમાં કેજરીવાલને કેવી રીતે જોડવામાં આવ્યા?
2. મનીષ સોસોદિયાના કેસમાં બે બાબતો છે, એક તેમના પક્ષમાં છે, તો બીજી તેમના પક્ષમાં નથી, તો કેજરીવાલનો કેસ કઈ બાબતમાં લાગુ પડે છે?
3. કેજરીવાલ જામીન માટે અરજી કરવાના બદલે ધરપકડ અને રિમાન્ડની વિરુદ્ધમાં છે, જો તેઓ ધરપકડ-રિમાન્ડ વિરુદ્ધનો રસ્તો અપનાવશે તો તેમણે પીએમએલએની કલમ-45 હેઠળની જોગવાઈઓનો સામનો કરવો પડશે, તેથી PMLAની કલમ-19નો અર્થ કેવી રીતે ધ્યાને લેવામાં આવે?
4. કાર્યવાહીની શરૂઆત અને ધરપકડ વગેરે વચ્ચે સમયનું આટલું અંતર કેમ?
5. લોકસભા ચૂંટણી ટાણે જ કેજરીવાલની ધરપકડ કેમ કરવામાં આવી?

## Quick Read

### છત્તીસગઢમાં લગ્નમાં 3 વર્ષના માસૂમ બાળકે બરફ સમજીને ડ્રાઇ આઈસ ખાઇ લેતા મોત

લાલબાગ | લગ્નમા લોકો આતશબાજી અને ડેકોરેશન પાછળ ખર્ચા કરીને પોતાના લગ્નને યાદગાર બનાવતા હોય છે. ત્યારે લગ્નમાં સ્પેશ્યલ ઈફેક્ટ માટે લાવવામા આવતી ડ્રાઈ આઈસ બાળકની મોતનું કારણ બની છે. છત્તીસગઢની આ ઘટનામાં બેદરકારીના કારણે ત્રણ વર્ષના બાળકે જીવ ગુમાવ્યો છે. જિલ્લાના લાલબાગ પોલીસ સ્ટેશન હેઠળના ગામ ચમારરાય ટોલામાં એક લગ્ન સમારંભમાં ત્રણ વર્ષના માસૂમ બાળકે બરફ સમજીને ડ્રાઈ આઈસ ખાઈ લીધો.

### કલોલમાં સૂર્યનારાયણ મંદિરમાં મૂર્તિઓ ખંડિત થતા હોબાળો, ડોગ સ્ક્વોડની મદદથી તપાસ શરૂ

કલોલ | કલોલમાં આવેલા સૂર્યનારાયણ મંદિરમાં તોડફોડ કરી મૂર્તિઓ ખંડિત કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. ઉત્તર ભારત સેવા સમાજ સંસ્થાના સૂર્યનારાયણ મંદિરમાં અજાણ્યા લોકો દ્વારા સાત જેટલી મૂર્તિઓ ખંડિત કરવામાં આવી હતી. આ અંગે પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી. આરોપીઓને ઝડપી પાડવા પોલીસે એફએસએલ અને ડોગ સ્ક્વોડની પણ મદદ લીધી છે.

### કાનૂની પ્રક્રિયા વગર કોઈના ઘર તોડી ના શકાય : બુલડોઝરની કાર્યવાહી સામે હાઈકોર્ટની એક્શન

રાંચી | ઝારખંડ હાઈકોર્ટમાં ગઢવાના સીઈઓ તરફથી અશોક કુમારને જારી નોટિસના મામલે સુનાવણી થઈ. હાઈકોર્ટે કહ્યું કે કોઈ પણ વ્યક્તિના ઘરને કાનૂની પ્રક્રિયા પૂરી કર્યા વિના તોડી શકાય નહીં. સીઈઓએ અરજદારને 24 કલાકની અંદર પોતાના મકાનના તમામ દસ્તાવેજ બતાવવા માટે કહ્યું હતું. સાથે એ પણ કહ્યું કે આવુ કરવા પર તેને અતિક્રમણ માનવામાં આવશે. આ મામલે ગઢવાના અશોક કુમારે અરજી દાખલ કરી હતી, જેની સુનાવણી બાદ કોર્ટે આ આદેશ આપ્યો.

### ચાર ધામ યાત્રા પ્રથમ વખત ભક્તોની સંખ્યા મર્યાદિત, 15 હજાર લોકો દર્શન કરી શકશે,

દેહરાદૂન| ઉત્તરાખંડમાં 10 મેથી ચાર ધામ યાત્રા શરૂ થઈ રહી છે. અત્યાર સુધીમાં 19 લાખથી વધુ ભક્તોએ આ માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ગયા વર્ષે, રેકોર્ડ 55 લાખ લોકો આવ્યા હતા, તેથી વ્યવસ્થા ઘણી વખત ખોરવાઈ ગઈ હતી. આમાંથી બોધપાઠ લઈને ઉત્તરાખંડ પોલીસ અને પર્યટન વિભાગે પ્રથમ વખત ચાર ધામ યાત્રામાં શ્રદ્ધાળુઓની દૈનિક સંખ્યા મર્યાદિત કરી છે. પ્રવાસન સચિવ સચિન કુર્વેના જણાવ્યા અનુસાર, એક દિવસમાં 15 હજાર શ્રદ્ધાળુઓ કેદારનાથ ધામના દર્શન કરી શકશે.

# જમ્મુ-કાશ્મીરમાં વરસાદ-હિમવર્ષા આફત બન્યાં

## ભૂસ્ખલનથી અનેક મકાનો ધરાશાયી, સ્કૂલો બંધ કરાઈ



જમ્મુ : જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ અને પહાડી વિસ્તારોમાં હિમવર્ષાના કારણે જનજીવન મુશ્કેલીમાં મૂકાઇ ગયુ છે.રાજ્યમાં ત્રણ ડઝનથી વધુ મકાનો ધરાશાયી થઇ ગયા છે છે અને ઘણા મકાનો ધરાશાયી થવાના આરે છે. બારામુલ્લા, કિશ્તવાડ અને રિયાસી જિલ્લામાં સૌથી વધુ નુકસાન થયું છે. કિશ્તવાડ જિલ્લામાં ભારે વરસાદને કારણે 12 મકાનોને નુકસાન થયું છે જેના કારણે અધિકારીઓએ ડિઝાસ્ટર રિસ્પોન્સ મશીનરીને હાઇ એલર્ટ પર રાખવી પડી છે.

## પોલીસ એન્કાઉન્ટરની ઘટના

# છત્તીસગઢ-મહારાષ્ટ્ર બોર્ડર પર 3-4 નક્સલવાદીઓ માર્યા ગયા

**નારાયણપુર પોલીસે માઓવાદીઓની મોટી કેડરને ઘેરી લીધો હતો**



(એજન્સી) જગદલપુર । તા. 30

છત્તીસગઢ-મહારાષ્ટ્ર બોર્ડર પર પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ ચાલી રહી છે. ડીઆરજી અને એસટીએફના જવાનોએ નારાયણપુરના અબુજહમદના તાકામેટા વિસ્તારમાં નક્સલવાદીઓને ઘેરી લીધા છે. મંગળવાર સવારથી બંને તરફથી ભારે ગોળીબાર ચાલુ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર એન્કાઉન્ટરમાં 3 થી 4 નક્સલવાદીઓ માર્યા ગયા છે. નારાયણપુરના એસપી પ્રભાત કુમારે એન્કાઉન્ટરની પુષ્ટિ કરી છે. તાકામેટા વિસ્તારમાં મોટી સંખ્યામાં નક્સલવાદીઓ હાજર છે, મળતી માહિતી મુજબ, પોલીસને માહિતી મળી હતી કે છત્તીસગઢ અને મહારાષ્ટ્ર બોર્ડરના તાકામેટા વિસ્તારમાં મોટી સંખ્યામાં નક્સલવાદીઓ હાજર છે. આ માહિતીના આધારે સૈનિકો સોમવારે મોડી રાત્રે સર્ચ ઓપરેશન માટે રવાના થયા હતા. મંગળવારે સવારે જ્યારે સૈનિકો આ વિસ્તારમાં પહોંચ્યા તો નક્સલવાદીઓએ તેમને જોતા જ તેમના પર ગોળીબાર કરી દીધો. આ પછી જવાનોએ પણ નક્સલીઓની ગોળીઓનો જવાબ આપ્યો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અહીં નક્સલવાદીઓના મોટા કેડર હાજર છે. કહેવામાં આવી રહ્યું છે કે જવાનોએ નક્સલવાદીઓને ઘેરી લીધા છે. પ્રાથમિક માહિતી મુજબ 3 થી 4 નક્સલવાદીઓ માર્યા ગયા છે. જોકે, નારાયણપુરના એસપી પ્રભાત કુમારે હજુ સુધી માર્યા ગયેલા નક્સલવાદીઓની સંખ્યાનો ખુલાસો કર્યો નથી. તેમણે કહ્યું કે ઓપરેશન ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં સંપૂર્ણ માહિતી આપવામાં આવશે.

# પતંજલિને આયુર્વેદની 14 પ્રોડક્ટ્સ બનાવવાનું લાઇસન્સ રદ

નવી દિલ્હી : ઉત્તરાખંડ સરકારે બાબા રામદેવની પતંજલિ આયુર્વેદ અને દિવ્યા ફાર્મસીનાં લગભગ 14 ઉત્પાદનોના ઉત્પાદન લાઈસન્સ સસ્પેન્ડ કરી દીધાં છે. ઉત્તરાખંડ સરકાર દ્વારા સોમવારે સાંજે સુપ્રીમ કોર્ટમાં એક એફિડેવિટમાં આ માહિતી આપવામાં આવી છે. ઉત્તરાખંડ સરકારની લાઈસન્સિંગ ઓથોરિટીએ પણ સોમવારે ઉત્પાદનો પર પ્રતિબંધ મૂકવાનો આદેશ જાહેર કર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે- પતંજલિ આયુર્વેદનાં ઉત્પાદનો વિશે વારંવાર ભ્રામક જાહેરાતો પ્રકાશિત કરવાને કારણે કંપનીનું લાઈસન્સ અટકાવી દેવામાં આવ્યું છે.

# હિન્દુ એક્ટ હેઠળ મુસ્લિમ મહિલાએ સંપત્તિમાં હિસ્સો માગ્યો

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટમાં એક એવો મામલો સામે આવ્યો છે જેણે તમામનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યુ છે. આ મામલો ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની ખંડપીઠ સમક્ષ આવ્યો છે. કેરળની એક એવી મહિલાએ અરજી દાખલ કરી છે જેનો જન્મ મુસ્લિમ પરિવારમાં થયો છે પરંતુ તેની આસ્થા ઈસ્લામમાં નથી. આ મહિલાએ સંપત્તિમાં હિસ્સો માગ્યો છે પરંતુ તેણે આ હિસ્સો તેણે શરિયા પ્રમાણે નહીં પરંતુ ઈન્ડિયન સક્સેશન એક્ટ હેઠળ માગ્યો છે. મહિલાએ 29 એપ્રિલના રોજ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. જેના પર હવે કોર્ટે કહ્યું છે કે, અમે આ મામલે વિચારીશું.

# કર્ણાટક સેક્સ સ્કેન્ડલ, SIT તપાસ સુધી પ્રજવલ પાર્ટીમાંથી સસ્પેન્ડ : JDSની બેઠકમાં નિર્ણય લેવાયો

(એજન્સી) બેંગલુરુ । તા. 30

જનતા દળ (સેક્યુલર)એ મંગળવારે હાસનથી પાર્ટીના સાંસદ અને લોકસભાના ઉમેદવાર પ્રજ્જવલ રેવન્નાને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા છે. પૂર્વ સીએમ એચડી કુમારસ્વામીએ મંગળવારે JDS કોર કમિટીની બેઠક મળી હતી. જેમાં પ્રજ્જવલને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠક બાદ જેડી(એસ) કોર કમિટીના પ્રમુખ જીટી દેવગૌડાએ કહ્યું કે અમે પ્રજ્જવલ રેવન્ના સામે SITની રચનાનું સ્વાગત કરીએ છીએ. અમે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષને SIT તપાસ પૂરી ન થાય ત્યાં સુધી પ્રજ્જવલને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવા કહ્યું છે. કુમારસ્વામીએ કહ્યું કે SIT તપાસ પૂરી ન થાય ત્યાં સુધી પ્રજ્જવલ રેવન્નાને સસ્પેન્ડ કરવામાં આવે છે. મેં ક્યારેય ખોટું કરનારનો બચાવ કર્યો નથી, પરંતુ આ વિવાદમાં પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાનું



નામ લેવું ખોટું છે. કોંગ્રેસ અમારા પરિવારમાં ભાગલા પાડવાનો પ્રયાસ કરી રહી છે. કર્ણાટક ભાજપના અધ્યક્ષ વિજયેન્દ્ર યેદિયુરપ્પાએ કલબુર્ગીમાં કહ્યું કે ભાજપનું વલણ સ્પષ્ટ છે. કોઈપણ રાજકીય પક્ષ આ બાબતને સમર્થન આપશે નહીં. રાજ્ય સરકારે પહેલેથી જ SITની રચના કરી છે, તેથી તપાસ ચાલુ રહેશે. ભાજપ કે જેડીએસ આ મામલાને સમર્થન આપી રહ્યું નથી.

### ● અમે તપાસમાં સંપૂર્ણ સહકાર આપીશું : જી.ટી. દેવગૌડા

આ ઉપરાંત પાર્ટી દ્વારા પ્રજ્વલ રેવન્નાને કારણ બતાવો નોટિસ પણ મોકલવામાં આવી છે. પાર્ટીના કોર કમિટીના સભ્ય જી.ટી. દેવગૌડાએ કહ્યું કે 'રાજ્ય સરકારે આ મામલે એસઆઈટી (SIT)ની રચના કરી છે. અમે તેનું સ્વાગત કરીએ છીએ. અમે આ મામલે જ્યાં સુધી તપાસ નહીં થાય ત્યાં સુધી કોઈ નિવેદન આપીશું નહીં. અને તપાસમાં સંપૂર્ણ સહકાર આપીશું.

### ● બંને કેસ SITને સોંપવામાં આવ્યા

મામલે કર્ણાટકના હાસનમાં બે કેસ નોંધાયેલા છે. એક કેસ એચડી રેવન્ના સામે અને બીજો તેમના પુત્ર પ્રજ્વલ રેવન્ના સામે છે. નવીન ગૌડા સામે અન્ય એક કેસ પણ નોંધાયેલો છે. હવે આ બંને કેસ કર્ણાટક સરકારના આદેશ પર તપાસ માટે એસઆઈટીને સોંપવામાં આવ્યા છે.

### નર્મદામાં પાણી છોડાતા હંગામી પુલ ડૂબી ગયો અને જેટી ને પણ નુકશાન થતા પરિક્રમા બાબતે અસમંજસ

# આજે બીજા દિવસે પણ નર્મદા પરિક્રમા પર લાગી બ્રેક



## પરિક્રમા માટે વહીવટી તંત્ર ની ખાસ મિટિંગ મળી જેમાં હજુ પરિક્રમા ક્યારે શરૂ થાય તે બાબતે કોઈજ નિર્ણય લેવાયો નથી

ભરત શાહ : રાજપીપળા

નર્મદા પરિક્રમા નું ઘણું મહત્વ છે પરંતુ ગતરોજ નર્મદા ડેમ માંથી લગભગ ૩૦ હજાર ક્યુસેક પાણી છોડાતા શહેરાવ ખાતે બનાવેલ હંગામી પુલ પાણી માં ડૂબી ગયો હતો અને રામપુરા ખાતે જેટી ને પણ નુકશાન થતા હવે પરિક્રમા ક્યારે ચાલુ થશે તે કહેવું મુશ્કેલ છે,જોકે પાણી છોડતા પહેલા તંત્ર દ્વારા પરિક્રમા સ્થગિત ની કરવાની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં પરિક્રમા વાસીઓ ને એમ હતું કે પાણી છોડવાનું હોવાથી એકાદ દિવસ પરિક્રમા બંધ રહેશે પરંતુ પુલ ડૂબી ગયો અને જેટી ને નુકશાન થતા હવે પરિક્રમા ક્યારે ચાલુ થશે તે કહેવું મુશ્કેલ છે. જોકે આજે સાંજે વહીવટી તંત્ર ની મળેલી એક મિટિંગ માં પણ નક્કી થયું કે પુલ અને જેટી નું નિરીક્ષણ કરી અન્ય વ્યવસ્થા ઉભી કરાઈ ત્યારબાદ જ પરિક્રમા ચાલુ થઈ શકે તેમ છે ત્યારે આર. ડી.સી.સાથે આ મુદ્દે વાત કરતા તેમણે જણાવ્યું કે હજુ બધું નિરીક્ષણ થાય છે અને પરિક્રમા ચાલુ થશે તો જાણ કરવામાં આવશે. જોકે પરિક્રમા ચાલુ કરવા સાધુ સંતો એ પણ કલેકટર ને રજૂઆત કરી છે છતાં હવે પરિક્રમા ચાલુ થાય તેવી કોઈ શક્યતાઓ જણાતી નથી તેવું પણ લોકોનું માનવું છે. ત્યારે દર વર્ષે પરિક્રમા કરવા આવતા ભક્તો માં આ સ્થિતિ ના કારણે નારાજગી જોવા મળી છે.



અગામી ૭મી મે ના રોજ મતદાન યોજાઈ રહ્યું છે ત્યારે ભા.જ.પ અને કોગ્રેસ દ્વારા પાટણ લોકસભા ની બેઠક કબ્જે કરવા માટે એડીચોટી નું જોર લગાવાઈ રહ્યું છે. ત્યારે કોગ્રેશ ના કાર્યકરો દ્વારા ચાણસ્મા ના ધારાસભ્ય દિનેશજી ઠાકોર માર્ગદર્શન ની તાલુકા ના ગ્રામીણ વિસ્તારો નો ઝંઝા વાતી પ્રવાસ કરી લોકસંપર્ક તેજ બનાવાયો છે. ત્યારે ચાણસ્મા શહેર ભાજપ પ્રમુખ રાજૂભાઈ પટેલ (રબારી) પાલીકાના પૂર્વ પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ પ્રફુલભાઈ વ્યાસ પૂર્વ કા અધ્યક્ષ અલ્કાબેન સથવારા સહિત ભાજપ ના મહિલા પદાધિકારીઓ દ્વારા ચાણસ્મા નગરની સોસાયટીઓ મહોલ્લાઓ માં મતદારો સુધી પહોંચી લોકસંપર્ક તેજ બનાવ્યો હતો. (નિતીન ઠાકર । ચાણસ્મા)

## લાલપુર ખાતે 128 કર્મચારીઓ પોસ્ટલ બેલેટના માધ્યમથી મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી થયા

વિશાલ જે હરવરા : જામનગર

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે તા.૭મી મે ના રોજ મતદાન થવાનું છે ત્યારે ચૂંટણી કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા પોસ્ટલ બેલેટ થકી મતદાન પ્રક્રિયા યોજવામાં આવી છે. મતદાનના દિવસે મતદારો સુચારૂ રીતે મતદાન કરી શકે તે માટે ફરજ પર તૈનાત રહેનાર પોલીંગ સ્ટાફ દ્વારા સ્વામી વિવેકાનંદ શૈક્ષણિક સંકુલ ખાતે ઉભા કરવામાં આવેલ પોસ્ટલ બેલેટ મતદાન કેન્દ્ર ખાતે પ્રાંત અધિકારી શ્રી અસવાર સહિત કુલ 128 અધિકારી તથા કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટ થકી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીની પવિત્ર અને નૈતિક ફરજ અદા કરવામાં આવી હતી.




જામનગર સંસદીય મત વિસ્તારમાં ચૂંટણી સાથે સંકળાયેલા અન્ય વિસ્તારના મતદારો મતદાન કરવાથી વંચિત ન રહે તેમજ લોકશાહીના અવસરમાં સહભાગી બને તે માટે તાલીમની સાથે સાથે જ નિયત સ્થળોએ મતદાન કરી શકે તે પ્રકારેની તા.30 અને તા.1 મે સુધીની સુદ્રઢ વ્યવસ્થા પણ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ગોઠવવામાં આવી હતી.

## ગુજરાત અંબુજા એક્સપોર્ટ્સ લિમિટેડ દ્વારા કોમ્યુનિટી કલ્યાણ માટેની પ્રતિબદ્ધતાને મજબૂત કરતા હરે કૃષ્ણ મુવમેન્ટને પૌષ્ટિક ભોજન વિતરણ માટે 3 વાહનોનું દાન

(એજન્સી) અમદાવાદ । તા. 30

એગ્રો-પ્રોસેસિંગ ઉદ્યોગમાં અગ્રણી નામના ધરાવનાર, ગુજરાત અંબુજા એક્સપોર્ટ્સ લિમિટેડ, દ્વારા સામાજિક ઉત્થાન માટે તેમના સમર્પણના ભાગરૂપે હરે કૃષ્ણ મુવમેન્ટ, અમદાવાદને મદદગાર થયા. એકતા અને સમર્થનનારૂપમાં, ગુજરાત અંબુજા એક્સપોર્ટ્સ લિમિટેડ દ્વારા વંચિત દર્દીઓને પૌષ્ટિક ભોજન આપવાના સંસ્થાના ઉમદા પ્રયાસમાં મદદ કરવા ઉદારતાથી ત્રણ વાહનોનું દાન કર્યું છે. સલામત અને કાર્યક્ષમ વાહનવ્યવહાર માટે સજ્જ આ વાહનો, હરે કૃષ્ણ મુવમેન્ટના



મિશન કે કોઈ જરૂરતમંદ ભૂખ્યો ન રહે ના કાર્યની ખાતરી કરવા માટે મુખ્ય ભૂમિકા ભજવશે. આ યોગદાન સાથે, ગુજરાત અંબુજા એક્સપોર્ટ્સ લિમિટેડ કોર્પોરેટ સામાજિક જવાબદારી પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા અને તેની માન્યતા કે વધુ સારી, વધુ સમાવિષ્ટ સમાજની રચના માટે સામૂહિક પ્રયાસોની શક્તિમાં પુનઃસમર્થન કરે છે. 30મી એપ્રિલ, 2024 ના રોજ ભાડજ હરે કૃષ્ણ મુવમેન્ટના રસોઈઘર ખાતે વાહનોનો ફ્લેગ ઓફ સમારોહ યોજાયો હતો. અન્ય પ્રતિષ્ઠિત મહેમાનોની હાજરીમાં ગુજરાત અંબુજા એક્સપોર્ટ લિમિટેડ ના હોલ ટાઈમ ડિરેક્ટર શ્રી સંદીપ અગ્રવાલ દ્વારા વાહનોનો ફ્લેગ ઑફ કરવામાં આવ્યું હતું. શ્રી આલોક આર્ય, વાઈસ પ્રેસિડેન્ટ, લીગલ અને કોર્પોરેટ અફેર્સ, શ્રી સંજય મણિયાર, જી એમ (કોર્પોરેટ) એન્ડ શ્રી રયા રામ દાસ, હરે કૃષ્ણ મુવમેન્ટ ના વાઈસ પ્રેસિડેન્ટ પણ કાર્યક્રમ માં ઉપસ્થિત હતા. આ ઉમદા હેતુને સમર્થન આપવા માટે ત્રણ ફૂડ ડિલિવરી વાનનું યોગદાન આપીને આ પ્રશંસનીય પહેલમાં સામેલ થવા બદલ અમને આનંદ અને સન્માન થાય છે.

## 03 થી 22 મે સુધી રેલ્વે ક્રોસિંગ નં.307 (પુનિતનગર ક્રોસિંગ) બંધ રહેશે

અમદાવાદ : પશ્ચિમ રેલવેના અમદાવાદ-ગેરાતપુર સેક્શનમાં સ્થિત રેલ્વે ક્રોસિંગ નંબર 307 (Km. 489/19-21) (પુનિતનગર રેલ્વે ક્રોસિંગ) 03 મે 2024 ના રોજ સવારે 08:00 વાગ્યા થી 22 મે 2024 ના રોજ 20:00 વાગ્યા સુધી બીસીએમ મશીન દ્વારા ઓવર હોલિંગ અને સમારકામ માટે બંધ રહેશે. રોડ યુઝર્સ આ સમયગાળા દરમિયાન કેડિલા રોડ ઓવર બ્રિજ અને GIDC રોડ ઓવરબ્રિજ (વટવા સ્ટેશનની ઉત્તર બાજુ) મારફતે મુસાફરી કરી શકે છે.

## વિરમગામ-ઝુંડ સ્ટેશન વચ્ચે આવેલ રેલ્વે ક્રોસિંગ નં. 3 એક મહિના માટે બંધ રહેશે

અમદાવાદ : પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના વિરમગામ-સામાખ્યાલી સેક્શનમાં વિરમગામ-ઝુંડ સ્ટેશનો વચ્ચે આવેલું રેલવે ક્રોસિંગ નંબર 3 કિમી 564/4-5 રોડ ઓવર બ્રિજ એપ્રોચ ભાગના નિર્માણ કાર્ય માટે 02 મે 2024 ના રોજ સવારે 08.00 વાગ્યા થી 01 જૂન 2024 સુધી અવર-જવર માટે બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન માર્ગ વપરાશકર્તા રેલ્વે ક્રોસિંગ નંબર 4 કિ.મી. 566/2-3 થી મુસાફરી કરી શકે છે.

## રાજુલા ખાતે કોપર હટાવો સિમિતી દ્વારા : કોપર કંપની હટાવો ખેતી બચાવો નારા સાથે રેલી કાઢી મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

રાજુલા કોપર હટાવો સિમિતી ના નેજા હેઠળ બેઠક યોજી રેલી કાઢી મામલતદારને આવેદનપત્ર આપી કોપર લોક સુનાવણી રદ કરવા માટે ની માંગણી કરાઈ હતી આ કોપર હટાવવા ની ઝુંબેશ માં મહુવા ના પૂર્વ ધારાસભ્ય શ્રી કનુભાઈ કળસરિયા તેમજ જુદી જુદી સંસ્થાઓ એનજીઓ ના લોકોએ મોટી સંખ્યામાં જોડાઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું રાજુલા કોપર હટાવો સિમિતી દ્વારા આજે ફરી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું થોડા દિવસો પહેલા રાજુલાના લોડપૂર ગામ નજીક કોપર કંપની દ્વારા લોક સુનાવણી હાથ ધરવામાં આવી હતી જેમાં કેટલાક લોકો અને એનજીઓ ટ્રસ્ટ દ્વારા કોપર કંપની સામે સ્થળે મૌખિક રજૂઆતો તેમજ સંસ્થા ઓ ના લેટરપેડ ઉપર લેખિત રજૂઆતો કરવામાં આવી હતી તો બીજી તરફ સરપંચો સહિતના લોકો કોપર કંપનીના સમર્થન માં આવી કંપનીને આવકારી હતી આજે ફરી કોપર કંપની હટાવવા માટે કોપર હટાવો સિમિતી ના નેજા હેઠળ રાજુલા ખાતે લુહાર સુથાર જ્ઞાતિની વાડીમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખેડૂતો સાથે અડિખમ નેતા ડો. કનુભાઈ કળસરિયા મહુવા તખુભાઈ



સાંડસુર મહુવાના ભરત સિંહ વાળા, વિક્રમભાઈ ધાખડા, અમદાવાદના પર્યાવરણ વિદ મૃદીતાબેન વિદ્રોહી, અમદાવાદના નીતાબેન વેદ, મંગલુભાઈ ખુમાણ ,જયદીપ ભાઈ, ધાખડા, દિલીપભાઈ સોજીત્રા, ચેતનભાઈ વ્યાસ, મોટીસંખ્યામાં ખેડૂતો સહિત ના લોકો ઉપસ્થિત રહ્યા હતા અને સૌનો એક્જ અવાજ સાથે કોપર હટાવો કંપની સામે બેઠકમાં આ કોપર કંપની આવવાથી નુકસાન અને પ્રદુષણ બાબતે ચર્ચાઓ કરી અને સુનાવણી યોજાય તેને રદ કરવા માટેની માગણી કરવામાં આવી હતી બેઠક બાદ મોટીસંખ્યામાં રેલી સ્વરૂપે મામલતદાર કચેરીએ પહોંચી આવેદનપત્ર આપી રજૂઆતો કરવામાં આવી હતી આ કોપર કંપનીની સુનાવણી રદ કરવા માટેની રજુઆતો કરાય હતી આ ઉપરાંત મહુવા ના ડો. કનુભાઈ કળસરિયા એ જણાવ્યું હતું કે કોપર કંપની થી આ લોકો પરેશાન છે. જેના કારણે આંદોલન ચાલી રહ્યું છે. લોકોનું સુનાવણીમાં પોલીસના ટોળા આવે છે. બધાને ઉઠાવી લે છે. લોકશાહીનું રક્ષણ કરવું જોઈએ આ વિસ્તારના લોકો સાચા છે. કોપર ના કારણે પ્રદુષણ થાય છે. આ બધુ બચાવવા માટે આંદોલન ચાલી રહ્યું છે * અમરેલી કોંગ્રેસના ઉમેદવાર જેની બેન ઠુમ્મર દ્વારા કોપર કંપની વિશે વિડિયો જાહેર કર્યો અને જણાવ્યું હતું કે કોપર કંપની રાજુલા જાફરાબાદ માં આવી રહી છે. જેના કારણે ગામડા અને પરિવારના જન જીવન ઉપર અસર થવાની છે. આ આંદોલન માં છેલ્લા શ્વાસ સુધી ઉભી રહીશ આ પ્લાન્ટ આવનારી પેઢી ઓને નડશે સામેના ઉમેદવાર આ પ્લાન્ટ માટે એક પણ સ્ટેટમેન્ટ આપ્યું નથી આપણે આ લડાઈ લડવાની છે. હું અડીખમ સાથે ઉભી રહીશ તેની હું ખાત્રી આપું છું. તેવું તેઓએ વિડિયો જાહેર કર્યો હતો.

## 01 થી 15 મે સુધી મહેસાણા-આબુરોડ ડેમુ અને સાબરમતી-જોધપુર એક્સપ્રેસ ઉમરદશી સ્ટેશન પર રોકાશે નહીં

અમદાવાદ : પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર મહેસાણા-પાલનપુર સેક્શનના ઉમરદશી સ્ટેશન પર ડબલિંગના કાર્યના સંબંધમાં એન્જિનિયરિંગના કામને કારણે મહેસાણા-આબુ રોડ ડેમુ સ્પેશિયલ અને સાબરમતી એક્સપ્રેસ ઉમરદશી સ્ટેશન પર રોકાશે નહીં. જેની વિગતો નીચે મુજબ છે:- 01 મે 2024 થી 15 મે 2024 સુધી, ટ્રેન નંબર 09437 મહેસાણા-આબુ રોડ ડેમુ સ્પેશિયલ અને ટ્રેન નંબર 14822 સાબરમતી-જોધપુર એક્સપ્રેસ ઉમરદશી સ્ટેશન પર રોકાશે નહીં. ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### કુદરતી ઋતુચક્રનાં પરિક્રમણ સામે જળ સંશાધન પણ લાચાર..

## ડાંગ જિલ્લામાં ઉનાળાની ઋતુમાં નદીઓ પણ પાણી સંગ્રહ માટે વલખા મારતી હોય તેવા દ્રશ્યો

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લામાં ચોમાસાની ઋતુ દરમ્યાન ગાંડીતુર બનીને અધધ પ્રવાહ સાથે વહેતી લોકમાતાઓ ઉનાળાનાં આકરા તાપમાં થોડીક જ્ગ્યામાં પાણી સંગ્રહને લઈને ઝઝૂમતી જોવા મળે છ રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં વર્ષ દહાડે 100 ઈંચ જેટલો વરસાદ નોંધાય છે.પરંતુ કુદરતી ઋતુચક્રનાં પરિક્રમણ સામે કુદરતનું જ જળસંશાધન લાચાર બની ગયુ છે. હાલમાં ગ્લોબલ વોર્મિંગનાં પગલે છેવાડેનાં ડાંગ જિલ્લામાં પણ વરસાદી આંકડામાં વધઘટ જોવા મળ્યો છે.ફાટફૂટ વનસંપદા હોવા છતાંય જિલ્લામાં વરસાદ ઘટતા ચિંતાનો પ્રશ્ન બન્યો છે.ડાંગ જિલ્લામાં ચોમાસાની ઋતુ દરમ્યાન લોકમાતાઓમાં અંબિકા,પૂર્ણા,ખાપરી અને ગીરા નદી અધધ પાણીનાં પ્રવાહ સાથે



બન્ને કાંઠે થઈ ગાંડીતુર બની વહેતી જોવા મળે છે.આ ચારેય નદીઓ તરફ નજર નાખો તો સર્વત્ર પાણી પાણી જ જોવા મળી રહે છે.પરંતુ ઉનાળાની ઋતુમાં ડાંગની આ ચારેય નદીઓ ખુદ પાણી માટે વલખા મારતી હોય તેમ નજરે પડે છે.ડાંગ જિલ્લામાં ચાલુ વર્ષે અસહ્ય ગરમી પડી રહી છે.જેના પગલે નદી,ઝરણા,તળાવમાં પાણીનાં સ્ત્રોત ક્યાંક ઊંડા ગયા છે અથવા તો ક્યાંક સુકાઈ જતા જનજીવન સહિત પશુઓ સુકારો અનુભવી રહ્યા છે. ડાંગ જિલ્લાની અંબિકા,ખાપરી,પૂર્ણા, ગીરા અને ધોધડ નદીમાં હાલમાં અમુક ઠેકાણે પાણી સુકાઈ જવા પામતા આ નદીઓ બોડી બંજર દેખાઈ રહી છે.જ્યારે નદીઓમાં અમુક જગ્યાએ થોડાક અંશે પાણીનો સંગ્રહ જોવા મળી રહ્યો છે.જેને પગલે લોકોની જીવાદોરી સમાન નદીઓજ હાલમાં પાણી માટે વલખા મારતી હોય તેવા દ્રશ્યો પ્રતીત થઈ રહ્યા છે.

## અમદાવાદના જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રવીણા ડી.કે.ના હસ્તે 'ચુનાવ કા પર્વ સેલ્ફી ઈ-પોર્ટલ'નું લોન્ચિંગ કરાયું

ગાંધીનગર સંવાદદાતા : વિજયવીર યાદવ

યુવાનોમાં મતદાન પ્રત્યે જાગૃતતા લાવવા અને પ્રથમ વખતના યુવા મતદારો અચૂક મતદાન કરે તેવા હેતુથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત વિશિષ્ટ પ્રકારની પહેલ કરીને અનોખા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. અમદાવાદમાં કલેકટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રવીણા ડી.કે.ના હસ્તે યુવા મતદારોને મતદાન પ્રત્યે પ્રોત્સાહિત કરવા આકર્ષક 'ચુનાવ કા પર્વ ઈ-સેલ્ફી પોર્ટલ'નું લોન્ચિંગ કરાયું હતું. સ્વીપ ટીમ દ્વારા એક



લાખથી વધુ ફર્સ્ટ ટાઈમ વોટર્સ અને યુવાનો અચૂક મતદાનના શપથ લઈને આ પોર્ટલ પર સેલ્ફી અપલોડ કરે એવો લક્ષ્યાંક રખાયો છે. યુવાનો https://chunavkaparv.org પર જઈને અચૂક મતદાનના શપથ સાથે સેલ્ફી અપલોડ કરી શકશે. ઈ-સેલ્ફી પોર્ટલના લોન્ચિંગ પ્રસંગે અધિક જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ ઠક્કર તથા નેહાબેન ગુપ્તા, જિલ્લા શિક્ષણાધિકારી ગ્રામ્ય કૃપાબહેન ઝા, સ્વીપ સહાયક નોડલ ઓફિસર યોગેશ પારેખ અને તેમની ટીમ અને ચૂંટણી તંત્રના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## માહિતી નિયામકની કચેરીના અધિક્ષક મોહમદ સઇદ ઘોરી વય નિવૃત : ભાવભરી વિદાય અપાઈ

ગાંધીનગર સંવાદદાતા : વિજયવીર યાદવ

માહિતી નિયામકની કચેરીની હિસાબી શાખામાં કાર્યરત અધિક્ષક મોહમદસઈદ ઘોરી વયનિવૃત્ત થતા તેમને માહિતી પરિવાર દ્વારા ભાવભરી વિદાય આપવામાં આવી હતી. ગાંધીનગર ખાતે યોજાયેલ વિદાય સમારોહમાં ઘોરીને માહિતી નિયામક કે. એલ.બચાણી ધ્વારા મોમેન્ટો આપીને તેમજ સંયુકત માહિતી નિયામક જી.એફ. પાંડોર અને નાયબ નિયામક (હિસાબ) એચ.એચ. પરમાર દ્વારા શાલ અને શ્રીફળ આપીને તેમનું સન્માન કરાયું હતું. ઘોરીએ માહિતી ખાતામાં ૩૮ વર્ષ સુધી સેવાઓ આપી છે. આ વેળાએ હિસાબી શાખાના તમામ કર્મયોગીઓએ ઘોરી સાથેના સ્મરણો તાજા કરીને ઘોરીભાઈનું નિવૃત્તિ જીવન સુખમય અને નિરોગીમય રહે તેમજ પરિવાર સાથે વધુ સુખમય રીતે નવી ઈનિંગ્સ વિતાવે એવી શુભેચ્છાઓ આપી હતી.



## રિવરફ્રન્ટ ખાતે 5 મેના રોજ યોજાશે 'રન ફોર વોટ'

ગાંધીનગર સંવાદદાતા : વિજયવીર યાદવ

રાજ્યમાં આગામી તા.7 મેના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી યોજાનાર છે, જેના ભાગરૂપે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સર્વગ્રાહી કામગીરી હાથ ધરાઈ છે. મહત્તમ મતદાન થાય તે દિશામાં ચૂંટણી તંત્ર દ્વારા ટર્નઆઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મતદાન જાગૃતિ માટે સઘન પ્રયાસો હાથ ધરાયા છે. સમગ્ર રાજ્યની સાથે સાથે અમદાવાદમાં 'મતદાન જાગૃતિ' સંદર્ભે તા.5મી મેના રોજ 'રન ફોર વોટ' કાર્યક્રમનું આયોજન કરાયું છે. અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આગામી તા.5મી મેના રોજ સવારે 7 વાગ્યે 'રન ફોર વોટ' કાર્યક્રમ યોજાશે. ગુજરાત રાજ્યનાં મુખ્ય નિર્વાચન અધિકારી પી.ભારતીના હસ્તે રન ફોર વોટને ફ્લેગઑફ અપાશે. રન ફોર વોટના સફળ આયોજનના ભાગરૂપે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રવીણા ડી.કે.એ રિવરફ્રન્ટ ખાતે સ્થળ મુલાકાત લઈને રૂટની સમીક્ષા કરી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર



પ્રવીણા ડી.કે.એ સમીક્ષા કરી ઉપસ્થિત સૌ અધિકારીઓને જરૂરી દિશા-નિર્દેશ કર્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમને સફળ બનાવવા માટે જે-તે વિભાગના સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચન પણ કર્યાં હતાં. અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે યોજાનાર 'રન ફોર વોટ'માં આશરે 2500થી વધુ યુવાનો જોડાઈને 'મતદાન જાગૃતિ' અભિયાનનો નારો બુલંદ કરશે.

## ગુજરાતના સ્થાપના દિવસે સૌ ગુજરાતી ભાઈ બહેનોને રાજ્યપાલની શુભેચ્છાઓ અને અભિનંદન

ગાંધીનગર સંવાદદાતા : વિજયવીર યાદવ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગુજરાતના સ્થાપના દિવસે ગુજરાતમાં અને ગુજરાત બહાર વસતા સૌ ગુજરાતીઓને તથા ગુજરાતીઓ પ્રત્યે સ્નેહ-સન્માન રાખતા સૌ કોઈને ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી છે. ગુજરાતના સ્થાપના દિવસ નિમિત્તે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું છે કે, ગુજરાત એક પ્રદેશ માત્ર નથી, ગુજરાત એક આગવી સંસ્કૃતિ અને સંસ્કાર છે... ગુજરાત એક રાજ્ય માત્ર નથી, ગુજરાત પ્રેમ અને કરુણા, શક્તિ અને ભક્તિ, સત્કાર્યો અને સખાવતનો અખૂટ સ્ત્રોત છે... ગુજરાત એક નામ માત્ર નથી, સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન કરનાર વિરલ વિભૂતિઓને જન્મ આપનાર પ્રતાપી અને પ્રેરણાદાયી ભૂમિ છે ગુજરાત... આઠમી સદીમાં ગુર્જર પ્રજા અહીં આવીને વસી, ત્યારથી આ પ્રદેશ ગુજરાત તરીકે ઓળખાય છે અને આજે તો આખા વિશ્વમાં આ ગુજરાતે વિશેષ ઓળખ પ્રસ્થાપિત કરી છે. ત્યારે 'ગરવી ગુજરાત'ના નિર્માણમાં સહયોગ આપનાર સહુ કોઈ પ્રત્યે આભારનો ભાવ વ્યક્ત કરતા તેમણે તમામ ગુજરાતીઓને અભિનંદન પાઠવ્યા છે.

## સાવરકુંડલા, લાઠી, દામનગર ખાતે ઈન્ડીયા ગઠબંધન કોંગ્રેસ-આપના ચૂંટણી કાર્યાલયનો પ્રારંભ કરાયો આપ પાર્ટી અને કોગ્રેસ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા

અશોક મણવર : અમરેલી

અમરેલી-મહુવા-ગારીયાધાર વિસ્તારના કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ગઠબંધન ઈન્ડીયા ગઠબંધન તરફથી કોંગ્રેસના મહિલા અને શિક્ષીત ઉમેદવાર જેનીબેન ઠુમ્મર દ્વારા રાજુલા-જાફરાબાદ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારની જનતાનો આશિર્વાદ લેવા માટે પહોચ્યા હતા. જ્યાં તેમણે જણાવ્યુ હતુ કે રાજુલા-જાફરાબાદ વિસ્તારનો જોઈએ તેઓ વિકાસ થયો નથી અને આ વિસ્તારમાં શિક્ષણ, સ્વાસ્થ્ય,અને રોડ-રસ્તા જેવી પ્રાથમિક સુવિધાનો અભાવ છે. ત્યો મારી પ્રાથમિકતા રહેશે આ વિસ્તારને સારી સ્કુલ-કોલેજ-તથા હોસ્પિટલોની સુવિધા મળે આ ઉપરાંત હું ચૂંટણી હારૂ કે જીતુ પરંતુ ૩૬ ગામોને પ્રભાવિત કરતી કોપર કંપીનાના આંદોલનને



મારો ટેકો છે. અને આ જન જનની લડત છે તેમાં હું પણ મારૂ યોગદાન આપીશ. આ વિસ્તારમાં ખેડૂતો અને માછીમારીનો વ્યવસાય કરતા લોકો માટે સરકાર વિકાશ લક્ષી વિશેષ પેકેજ લાવે તેવી મારી માંગણી છે. આ ઉપરાંત હોમગાર્ડ ને દૈનિક રૂા.૭૦૦ અને જીઆરડીને રૂ.૫૦૦ માનદ વેતન મળે વિધવા સહાય રૂ. ૨૫૦૦ અને વૃધ્ધ સહાય રૂા. ૨૫૦૦ કરવામાં આવે તેમજ જુની સરકારી કર્મચારીઓ માટે જુની પેન્શન સ્કિમ લાગુ કરવામાં તેવી અપીલ હું રાજ્યના મુખ્યમંત્રીને કરૂ છું ખેતી મોંઘી થઈ છે ત્યારે ખેડૂતોને વધુમાં વધુ ઉપજના ભાવ મળે તે માટે એમ.એસ.પી. લાગુ કરવામાં આવે અને સ્થાનિક કંપનીઓમાં ૭૦% સ્થાનિક યુવાનોને નોકરી આપવામાં આવે તેવી અમારી માંગણી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### બરાનપુરા વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાતા લોકોએ વીજ કચેરીએ હોબાળો મચાવ્યો

# 10 હજાર લોકોને આખીરાત અંધારામાં પસાર કરવી પડી



(એજન્સી) વડોદરા | તા 30

શહેરના બરાનપુરા વિસ્તારમાં રાત્રે અંધારપટ છવાયો હતો. લોકોને આખીરાત અંધારામાં પસાર કરવી પડી હતી. અલબત્ત અસહ્ય ઉકળાટને કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. આ સ્થિતિ વચ્ચે વીજ કર્મચારીઓને ફોલ્ટ ન મળતા લોકો રોષે ભરાયા હતા અને બરાનપુરા વીજ પેટા વિભાગીય કચેરી ખાતે પહોંચી હોબાળો મચાવ્યો હતો. વીજળીના ધાધીયાથી વિસ્તારમાં 10 હજાર ઉપરાંત લોકો હેરાન થઈ રહ્યા છે. ગરમીમાં લોકો ત્રાહિમામ કાળઝાળ ગરમીના કારણે નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. બપોરના સુમારે રસ્તાઓ સુમસામ ભાસી રહ્યા છે. તો છેલ્લા કેટલાંક દિવસોથી શહેરના જુદા જુદા વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાતો હોવાના બનાવો સામે આવી રહ્યા છે. પહેલા વાઘોડિયા રોડ બાદમાં ગોરવા જ્યારે મોડીરાત્રિએ સમગ્ર બરાનપુરા વિસ્તારમાં લાઈટો ગુલ થતા રહીશો મુશ્કેલીમાં મુકાયા હતા. ઉપકરણોને નુકસાનની ભીતિ બરાનપુરાથી વિજયનગર સોસાયટી ગંગોત્રી એપાર્ટમેન્ટ સુધી વીજ પુરવઠો ખોરવાતા સ્થાનિકો પરેશાન થઈ ઉઠ્યા હતા. સાંજે 6 વાગ્યાથી લાઈટો ગુલ થઈ હતી. મોડી રાત સુધી વીજ પુરવઠો કાર્યરત નહિ થતા બરાનપુરા સ્થિત જીબીઈની પેટા વિભાગીય કચેરીમાં સ્થાનિકોએ મોરચો માંડી હોબાળો મચાવ્યો હતો.

લોકોએ અવારનવાર વીજપુરવઠો ખોરવાઇ જવાના કારણે લોકોના ઈલેક્ટ્રોનિક ઉપકરણોને પણ નુકસાન થતું હોવાનો આક્ષેપ કર્યો હતો. વિજ કચેરીએ મોટી સંખ્યામાં લોકો પહોંચી જતાં ઉત્તેજના વ્યાપી ગઈ હતી. સ્થાનિક લલિતભાઈ જયસ્વાલે જણાવ્યું હતું કે, સમગ્ર બરાનપુરા વિસ્તારમાં સાંજે 6 વાગ્યાથી લાઈટો બંધ છે. જ્યારે પણ જીઈબી ઓફિસમાં પૂછવામાં આવે છે તો કહે છે કે અડધો કલાકમાં ચાલુ થઈ જશે પણ ચાલુ થઈ નહોતી. અંતે એવું થયું કે હવે તેઓને ફોલ્ટ પણ નથી મળતો. અમારા ઘરમાં નાના બાળકો છે.

ઉંમર લાયક વ્યક્તિઓ છે એમને ગભરામણ થાય છે. લોકોના ઘરોમાં રાત્રે જમવાનું નથી બનાવ્યું, ફોલ્ટ થાય પણ વ્યવસ્થિત જવાબ અપાતો નથી. જે ઓફિસમાં જવાબદાર અધિકારી છે તે ફોન રિસીવ કરતા નથી. ચાર માણસ કેવી રીતે કરી શકે. આટલો મોટો ફોલ્ટ થતો હોય પણ કોઈ છે નહીં, 10 થી 15 હજાર માણસ હેરાન પરેશાન થયા છે.

---

## ન્યૂઝ કોર્નર

### ખાંભાના બારમણમાં મહી પાઈપ લાઈનમાં ભંગાણ

ખાંભાના બારમણ નજીક પાણી પુરવઠા વિભાગ હેઠળ આવતી મહિપરીની પાણીની લાઈન છેલ્લા કેટલાક સમયથી લીકેજ છે. જેના કારણે પાણીનો વેડફાટ થતો હતો. રાજુલાના કાતરના પૂર્વ સરપંચ અંબરીષભાઈ વરૂએ અવાર નવાર રજૂઆતો કરવા છતાં કોઈ નિરાકરણ આવ્યુ ન હતું. પરંતુ પાઈપલાઈન લીકેજ હોવાથી પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. આ અંગે અંબરીષભાઈ વરૂએ જણાવ્યું હતું કે કાતરમાં આવતી પાણીની પાઈપ લાઈન અનેક રજૂઆતો કરી હોવા છતાં કોઈ કામગીરી કરતું નથી.

### સુનાવણીમાં કોઇને બોલવા ન દેવાતા હોવાનો લોકોનો આક્ષેપ

રાજુલા તાલુકાના લોઠપુર નજીક તૈયાર થનારા કોપર પ્લાન્ટ સામે આજે કોપર હટાવો સમિતી દ્વારા રાજુલામા રેલી કાઢી મામલતદારને આવેદન આપ્યું હતુ. અને આ કોપર પ્લાન્ટ બંધ રખાવવા રજુઆત કરી હતી. લોઠપુરથી આ કોપર કંપની સામે રાજુલામા આજે લુહાર સુથાર હાજર રહ્યાં હતા. અને અહી તૈયાર થનારા કોપર પ્લાન્ટના કારણે ફેલાનારા પ્રદુષણ અને નુકશાન અંગે ચર્ચા વિચારણા કરી હતી.

### જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગના અનેક છબરડા

હજુ થોડા સમય પહેલા જ સાવરકુંડલામા બાયપાસ પર જુદાજુદા ગામોના અંતર માર્ગ અને મકાન વિભાગના બોર્ડમા ખોટા દર્શાવ્યાનો વિવાદ થયો હતો. આવો જ છબરડો દામનગરમા પણ જોવા મળી રહ્યો છે. જયાંથી ધ્રુફણીયાનુ અંતર માત્ર 6 કિમી છે. પરંતુ દિશા સુચક બોર્ડમા 11 કિમી ધ્રુફણીયા રોડ પર કિલોમીટરનુ અંતર દર્શાવતુ આ બોર્ડ મારવામા આવ્યું છે. દામનગરથી ધ્રુફણીયાનુ અંતર માત્ર 6 કિમી છે. પરંતુ અહી પીજીવીસીએલ કચેરીના દરવાજા નજીક ભુરખીયા રોડ પર ધ્રુફણીયાનુ અંતર 11 કિમી હોવાનુ બોર્ડ મારવામા આવ્યું છે.

---

# પાલિકાના કોન્ટ્રાક્ટનાં ડમ્પરો જ અનફિટ

### 48 કલાક પછી પણ લાઈસન્સ સહિતના દસ્તાવેજ જમા ન કરાવ્યા, ડમ્પરના કોન્ટ્રાક્ટ ધરાવતી 4 એજન્સીને પાલિકાની નોટિસ

(એજન્સી) વડોદરા | તા 30

ભણિયારા પાસેથી પકડાયેલાં 2 ડમ્પરોને કચરા સાથે જ આરટીઓ પરિસરમાં લઈ જવાયાં આરટીઓ દ્વારા ભણિયારા પાસેથી પસાર થતાં કચરો ભરેલાં 2 ડમ્પરને અટકાવી ડ્રાઈવરની પૂછપરછ કરતાં ડમ્પરના ટેક્સ ભરવાના બાકી હોવાનું ખૂલ્યું હતું. જ્યારે એક ડ્રાઈવર પાસે લાઈસન્સ કે તેની કોપી નહોતી અને ડમ્પર ફિટનેસ પણ કરાવેલું નહોતું. આરટીઓ દ્વારા બંને ડમ્પર કબજે કરી કચરા સાથે જ આરટીઓ પરિસરમાં લઈ જવાયાં હતાં. ઘટનાના 48 કલાક છતાં ટેક્સ ભરાયો નહોતો કે ડ્રાઈવર દ્વારા લાઈસન્સની કોપી પણ જમા કરાવવામાં આવી નહોતી. આરટીઓ પરિસરમાં કચરો ભરેલા ડમ્પરો કૌતુક સર્જી રહ્યાં છે

બીજી તરફ કોર્પોરેશનના સોલિડ વેસ્ટ વિભાગના મેનેજર કશ્યપ શાહે જણાવ્યું હતું કે, કુલ 4 એજન્સીને ડમ્પરનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. દરેક એજન્સીનાં 8 મળી કુલ 32 ડમ્પર ટ્રાન્સફર પોઈન્ટ પરથી કચરો કલેક્ટ કરે છે, જ્યારે કેટલાંક ઓપન સ્પોટ પરથી કચરો કલેક્ટ કરીને ડમ્પિંગ સાઈટ પર નાખવા જાય છે. અમે ચારે એજન્સીને તાજેતરમાં નોટિસ ફટકારી છે.



#### વ્હીકલ પુલ વિભાગે દસ્તાવેજ જોવાના હોય છે

ટેન્ડરમાં ફિટનેસ, લાઈસન્સ અને ટેક્સ સહિતના દસ્તાવેજો વ્હીકલ પુલે જોવાના હોય છે, તેવો ઉલ્લેખ છે. વર્ષના અંતે એક વખત ચકાસણી થતી હોય છે. અમે તાજેતરમાં ચારે એજન્સીને નોટિસ આપી છે. » કશ્યપ શાહ, મેનેજર, સોલિડ વેસ્ટબીજી તરફ કોર્પોરેશનના સોલિડ વેસ્ટ વિભાગના મેનેજર કશ્યપ શાહે જણાવ્યું હતું કે, કુલ 4 એજન્સીને ડમ્પરનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. દરેક એજન્સીનાં 8 મળી કુલ 32 ડમ્પર ટ્રાન્સફર પોઈન્ટ પરથી કચરો કલેક્ટ કરે છે,

#### બંને ડમ્પરોનો રૂ.60 હજાર ટેક્સ બાકી

બંને ડમ્પરમાં એક મહિનાનો ટેક્સ બાકી છે. 60 હજાર ટેક્સ, ફિટનેસ તેમજ લાઈસન્સ સંદર્ભે દંડ ફટકારાયો છે. રૂ.3500 લાઈસન્સનો અને 9 હજાર ફિટનેસ માટેનો દંડ કરાયો છે. લાઈસન્સ બતાવી જશે તો તેનો દંડ નહીં વસૂલાય. » જે.કે. પટેલ, આરટીઓ, વડોદરા વેરિફિકેશન વોર્ડ કરે છે સોલિડ વેસ્ટ વિભાગે જણાવ્યા મુજબ ડમ્પરમાં ફિટનેસ છે કે નહીં અને તેનો ટેક્સ ભરાયો છે કે કેમ તેની ચકાસણી વોર્ડ દ્વારા કરાય છે. દર વર્ષે આ અંગે ચકાસણી થાય છે. ટેન્ડર સોલિડ વેસ્ટ ડિપાર્ટમેન્ટ કરે છે, ડોક્યૂમેન્ટની જવાબદારી અન્ય વિભાગની હોવાનું જણાવાય છે.

#### ડમ્પરના ટેક્સ ભરવાના બાકી હોવાનું ખૂલ્યું હતું

આરટીઓ દ્વારા ભણિયારા પાસેથી પસાર થતાં કચરો ભરેલાં 2 ડમ્પરને અટકાવી ડ્રાઈવરની પૂછપરછ કરતાં ડમ્પરના ટેક્સ ભરવાના બાકી હોવાનું ખૂલ્યું હતું. જ્યારે એક ડ્રાઈવર પાસે લાઈસન્સ કે તેની કોપી નહોતી અને ડમ્પર ફિટનેસ પણ કરાવેલું નહોતું. આરટીઓ દ્વારા બંને ડમ્પર કબજે કરી કચરા સાથે જ આરટીઓ પરિસરમાં લઈ જવાયાં હતાં. બીજી તરફ કોર્પોરેશનના સોલિડ વેસ્ટ વિભાગના મેનેજર કશ્યપ શાહે જણાવ્યું હતું કે, કુલ 4 એજન્સીને ડમ્પરનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે.

---

# નવસારી લોકસભા બેઠક ઉપર ચૂંટણી આચાર સંહિતા ભંગની ફરિયાદની સેન્ચૂરી

(એજન્સી) નવસારી | તા 30

રાજકીય અદાવત અને દાવપેચને લઈ નવસારી જિલ્લામાં વાતાવરણ ગરમાયું, એક પછી એક ફરિયાદોનો સીલસીલો યથાવત નવસારીમાં લોકસભાની આચાર સંહિતાની ફરિયાદ માટે હેલ્પ લાઈન આપવામાં આવી છે. જેમાં 50 દિવસમાં 36 ઓફલાઈન અને ઓનલાઈનનો આંક 67 મળી કુલ 100થી વધુ આચારસંહિતાની ફરિયાદ આવી હોવાનું કલેકટર કચેરીમાંથી માહિતી મળી છે. હજુ પણ રાજકીય પક્ષોની ઝંડી જાહેર માર્ગ પર જોવા મળી રહી છે. નવસારી જિલ્લામાં લોકસભાની ચૂંટણીની 16 માર્ચે જાહેરાત થયા બાદ 17મી માર્ચથી આચારસંહિતા અમલમાં આવી છે. 17મી માર્ચથી જાહેર માર્ગ પર રાજકીય પક્ષોનાં ભીંતચિત્રો દૂર કરવાની અને બેનર હોર્ડિંગ્સ ઉતારવાની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવી હતી. હાલમાં 36 જેટલી આચારસંહિતા ભંગ બદલની ચૂંટણી વિભાગમાં ફરિયાદ આવી હોવાની અને તમામ ફરિયાદનો નિકાલ કરવામાં આવ્યો હોવાની માહિતી અધિકારીઓએ આપી છે. નવસારીના જાહેર માર્ગો પર રાજકીય પક્ષોના ઝંડા જાહેર મિલકતો ઉપર દેખાઈ રહ્યા છે. જેમાં જલાલપોર, નવસારીના વોર્ડ નંબર-4 તરોટા વિસ્તારમાં સહિત અન્ય રાજમાર્ગો પર પણ દેખાઈ રહ્યાં છે. જલાલપોરના અમુક ઘરો ઉપર ઝંડા લગાવાય છે પણ તેમની સંમતિથી લગાવેલા હોય પણ અમુક જાહેર સંપત્તિ ઉપર હજુપણ ઝંડા લગાવેલા હોય આચાર સંહિતાનો ભંગ કહી શકાય છે.19 એપ્રિલના રોજ કલેકટર કચેરીમાં ભાજપ દ્વારા 100 મીટરની અંદર હોર્ડિંગ્સ મૂકવામાં આવેલ તે બાબતે કોંગ્રેસનાં યુથ અગ્રણી કવલરાજ શર્માએ ફરિયાદ કરી હતી. આ બાબતે ચૂંટણી અધિકારીએ સ્વીકારી જણાવ્યું કે કલેકટર કચેરીમાં 100 મીટરની અંદર હોર્ડિંગ્સ લગાવવાની પરવાનગી આપવામાં આવી નથી તેમજ કલેકટર કચેરીથી 100 મીટર ની અંદર લગાવાયેલ હોર્ડિંગ્સ દૂર કરવામાં આવેલ છે અને સંબંધિતોને તાકીદ કરવામાં આવીને કોઈ પગલાં ન હતું. ભારતીય ચૂંટણી પંચ દ્વારા લોકસભાની ચૂંટણીઓની તારીખ જાહેર કરવામાં આવતા તંત્ર હરકતમાં આવીને એક સપ્તાહમાં નવસારી જિલ્લામાં જાહેર અને ખાનગી મિલકતો પરથી 869 વોલ પેઈન્ટિંગ, 770 પોસ્ટર, 449 બેનર અને અન્ય 834 એમ કુલ 2912 પ્રચારાત્મક સામગ્રીઓ હટાવી લેવાઈ હતી.

---

# ફતેગંજ પોલીસ મથકની કસ્ટડીમાં આરોપી ઢળી પડતાં દોડધામ, 2 ખાનગી હોસ્પિટલ બાદ SSGમાં લઈ જવાયો

(એજન્સી) વડોદરા | તા 30

સયાજી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ આરોપી ભાનમાં આવતાં પોલીસનો જીવ હેઠો બેઠો ફતેગંજ પોલીસ મથકની કસ્ટડીમાં આરોપી બેભાન થઈ ઢળી પડતાં પીઆઈ સહિત અન્ય પોલીસ કર્મીઓ આરોપીને ઊંચકી સારવાર માટે જુદી જુદી બે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા.છેલ્લે સયાજી હોસ્પિટલમાં લઇ ગયા બાદ આરોપી ભાનમાં આવતા પોલીસના જીવમાં જીવ આવ્યો હતો. છાણી જકાતનાકા પાસે મણીકૃપા હોટલના સંચાલકને ગોરવાના વ્યાજખોરે મહિને 10 ટકા લેખે 5 લાખ વ્યાજે આપ્યા બાદ વ્યાજ 30 ટકા કરી દીધું હતું. હોટલ સંચાલકે 32 લાખ ચૂકવી દીધા હોવા છતાં ઉઘરાણી ચાલુ રહેતાં કંટાળી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ મામલે ફતેગંજ પોલીસે ગુનો નોંધ્યો હતો. પોલીસે અમજદ ઉર્ફે નનુ ચિસ્તીયાનગર, છાણી જકાતનાકા) ને ઝડપી કાર્યવાહી ફતેગંજ પોલીસ મથકના કર્મચારીઓ ગભરાઈ ગયા હતા અને જુદી જુદી 3 જીપ લઈ આરોપીને નજીકની ખાનગી હોસ્પિટલ બાદમાં છાણીની હોસ્પિટલ અને અંતે સયાજી હોસ્પિટલ લઈ ગયા હતા.

---

# અજાણ્યાએ 4 ઘટાદાર વૃક્ષ કાપી નાંખતા પર્યાવરણ પ્રેમીઓમાં રોષ

(એજન્સી) નવસારી | તા 30

અંજન સલાખા એપાર્ટમેન્ટ પાસે છાયડો આપતા વૃક્ષોનું નિકંદન નવસારીના વોર્ડ નંબર 13માં આવેલ તીઘરાવાડી નજીક આવેલ અંજન સલાખા એપાર્ટમેન્ટમાં નજીક સરકારી જગ્યાએ છાયડો મળે તે માટે ચારથી વધુ ઝાડો રોપ્યા હતા.હાલ ઉનાળાની ઋતુ હોય તેનો છાયડો જરૂરી હોવા છતાં અજાણ્યા વ્યક્તિઓએ આ ઝાડ કોઈની પરવાનગી વિના કાપી નાખવામાં આવતા પર્યાવરણ પ્રેમીઓમાં આક્રોશ વ્યાપી ગયો છે. નવસારીના વોર્ડ નં 13 અંજન સલાખા એપાર્ટમેન્ટની બહાર નગરપાલિકાની જગ્યાએ આજુબાજુ રહેતા લોકોએ 8થી 9વર્ષ પહેલાં ભવિષ્યમાં છાયડો મળે તે માટે વૃક્ષા રોપણ કર્યું હતું.આ ઝાડને સ્થાનિકોએ પાણી આપી જતન કર્યું હતું.પણ બેથી ત્રણ દિવસ પહેલા જુના વૃક્ષો કોઈ ત્રાહિત વ્યક્તિ દ્વારા ભરઉનાળે કોઈની પણ પરવાનગી વગર કાપી નાખવામાં આવ્યા છે. એવાં ત્રાહિત વ્યક્તિઓને કાયદાકીય રીતે દંડ અને સજા થવી જોઈએ નડતરરૂપ નહીં હોવા છતાં 4 ઝાડો કાપી નાખવામાં આવ્યા હતા તેમ પર્યાવરણ પ્રેમી અને સ્થાનિક જયેશભાઈએ જણાવ્યું વિના કાપી નાખવામાં આવતા પર્યાવરણ પ્રેમીઓમાં આક્રોશ વ્યાપી ગયો છે.

---

# લગ્નમાંથી પરત ફરતાં રાણિયા પાસે બાઈક વીજ થાંભલા સાથે ટકરાતાં યુવકનું મોત

(એજન્સી) વડોદરા | તા 30

જિલ્લાના સાવલી તાલુકાના ભાદરવા સાકરદા રોડ ઉપર રાણીયા ગામ પાસે વહેલી સવારે વીજ થાંભલા પાસે ભાદરવા ગામનો યુવાન બાઈક સાથે ભટકાતાં તેનું મોત થતાં ચકચાર મચી ગઈ હતી. સાવલી તાલુકાના ભાદરવામાં રહેતો અને મંજુસરમાં ખાનગી કંપનીમાં નોકરી કરતો 19 વર્ષીય મયુરસિંહ મહેન્દ્રસિંહ ભૂમેલા . વડોદરા નજીક આવેલા શેરખી ગામમાં મોડી સાંજે મિત્રના લગ્નમાં ગયો હતો. લગ્નમાં હાજરી આપીને વહેલી પરત ભાદરવા ફરી રહ્યો હતો. દરમિયાન ભાદરવા અને સાકરદા ગામની વચ્ચે આવેલી રાણીયા ગામ પાસે વીજ થાંભલા સાથે ટકરાતાં તે ગટરમાં પોતાના બાઈક સાથે પટકાયો હતો જેમાં તેનું સ્થળ પર કરુણ મોત નીપજ્યું હતું આજે સવારે આ રોડ પરથી પસાર થઈ રહેલા વ્યક્તિએ બનાવવાની જાણ સાઈકલના નંબરના આધારે હતી,અકસ્માતમાં મોત પામનાર યુવાન ભાદરવા ગામનો મયુરસિંહ ભૂમેલા હોવાનું બહાર આવ્યું હતું. આ બનાવને પગલે મયુરસિંહના ગામમાં રહેતા મિત્રો, શુભેચ્છકો તેમજ કુટુંબીજનો પણ દોડી આવ્યા હતા. મયુરસિહના મોતથી પરિવારજનો શોક વ્યાપ્યો હતો.

**વીજ થાંભલા સાથે બાઈક ટકરાયા બાદ યુવક ઉછળીને ગટરમાં ખાબક્યો હતો**

---

# ભાજપ રાષ્ટ્રીય સંગઠન મંત્રી સંતોષને અસંતોષ

વડોદરામાં પ્રચારની શું સ્થિતિ અને આયોજન છે તેની રિવ્યુ બેઠક લેવા ભાજપના રાષ્ટ્રીય સંગઠન મંત્રી બીએલ સંતોષ વડોદરા આવ્યા હતા. તેઓએ શહેર-જિલ્લા સંગઠન વ્યવસ્થિત ચાલતું ન હોવાની ટકોર કરી બેઠકમાં ગેરહાજર તમામ સામે પગલાં ભરાશે અને કામનો રિપોર્ટ સોંપાશે, કહી અસંતોષ દર્શાવ્યો હતો.

ભાજપના પ્રચારનો રિવ્યુ કરવા રાષ્ટ્રીય સંગઠન મંત્રી બીએલ સંતોષ વડોદરા આવ્યા હતા. તેમણે જિલ્લા કાર્યાલયે બેઠક લીધી હતી. જેમાં શહેર સંગઠનના હોદ્દેદારો, મેયર, ધારાસભ્યો, વોર્ડ પ્રમુખ, લોકસભા ચૂંટણીના સંયોજક, સહસંયોજક અને વિધાનસભાના પ્રભારી, સંયોજકને બોલાવ્યા હતા. સૂત્રો મુજબ તેમણે બૂથ લેવલની કામગીરી બાબતે નારાજગી વ્યક્ત કરી સંગઠનને આડે હાથ લીધું હતું. તેઓએ હોદ્દેદારોને સવાલ કર્યા કે, ઉમેદવારનું શું પ્લાનિંગ છે, કેટલી ફેરણી કરી, 70 હજાર રિક્ષા છે તો તેમનો સંપર્ક કેમ નથી કર્યો? સિસ્ટમ ઠીક નથી, ઉમેદવાર બદલાયા બાદ પણ એ જ સ્થિતિ છે. સંગઠન વ્યવસ્થિત નથી ચાલતું. સંતોષે ધારાસભ્યોનો ક્લાસ લીધો હતો. તેઓએ કહ્યું કે, તમે જે સમાજમાંથી આવો છો.

---

**બ્રેકિંગ ન્યૂઝ**

### ધોરણ 6 અને 9ના 9203 છાત્રોમાંથી 8094 હાજર અને 1109 ગેરહાજર

અમરેલી જિલ્લામાં 40 કેન્દ્રો પર પ્રાથમિક અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરિક્ષા યોજાઈ હતી. જેમાં ધોરણ 6 અને 9ના 9203 છાત્રોમાંથી 8094 હાજર અને 1109 ગેરહાજર રહ્યા હતા. રાજ્ય પરિક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા પ્રાથમિક શિષ્યવૃત્તિ અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરિક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લાના તમામ તાલુકામાં 27 કેન્દ્ર પર ધોરણ 6ના વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક શિષ્યવૃત્તિ પરિક્ષા યોજાય હતી. જેમાં 6837 વિદ્યાર્થીમાંથી 6143 હાજર અને 694 ગેરહાજર રહ્યા હતા.

### અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદના દરિયા કાંઠે 41 ડિગ્રી તાપમાન

સૌરાષ્ટ્રમાં હિટવેવની આગાહી આપવામાં આવી છે 3 દિવસ સુધી આ હિતવેવ જોવા મળશે અમરેલી જિલ્લામાં સૌવથી ઓછું તાપમાન રાજુલા જાફરાબાદ દરિયાઈ કાંઠાના વિસ્તારમાં જોવા મળતું હોય છે પરંતુ આજે અહીં રાજુલા જાફરાબાદ વિસ્તારમાં દરિયાઈ બેલ્ટ હોવા છતાં આજે તાપમાન વધી રહ્યું છે સવારના 10 વાગ્યાથી 37 ડીગ્રી તાપમાન હતું ત્યારબાદ 12 વાગ્યા બાદ સીધું 41 ડીગ્રી તાપમાન પોહચ્યું છે જેના કારણે આની અસર સીધી લોકોના જન જીવન ઉપર પડી રહી છે જેથી લોકો અકળાય ઉઠ્યા છે.

---

### યુવકના ઘરે પહોંચી માતાને ધમકી આપી કે, હું મરી જઈશ...

# ભાજપ રાષ્ટ્રીય સંગઠન મંત્રી સંતોષને અસંતોષ, કહ્યું, સંગઠન વ્યવસ્થિત નથી ચાલતું

(એજન્સી) વડોદરા | તા.29

વડોદરા શહેરમાં વારંવાર અભયમ હેલ્પલાઈનમાં કોલ મળી રહ્યા છે અને જેમાં ખાસ કરીને યુવતીઓના પ્રેમસંબંધ અંગેના કિસ્સામાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં 16 વર્ષીય સગીરા સોશિયલ મીડિયા ફેસબુક પર 23 વર્ષીય યુવક સાથે પ્રેમ થાય છે અને બાદમાં લગ્નની જીદે ચડતા માતાએ આખરે અભયમની મદદ માગી હતી. અભયમ હેલ્પલાઈન પર પીડિત માતાનો કોલ આવ્યો હતો. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, અમારી 16 વર્ષની દીકરી છે અને તે 23 વર્ષના યુવક સાથે પ્રેમ થઈ ગયો છે. તે લગ્નની જીદ કરી મરી જવાની ધમકી આપે છે. યુવક સાથે લગ્ન કરવાની જીદ કરી મરી જવાની ધમકી ધમકી આપે છે.
આ કોલ મળતાની સાથે જ અભયમ 181 ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. પીડિત માતા પોતાની સગીર દીકરી વિશે જણાવે છે કે, મારી દીકરીને મારા ગામમાં રહેતા યુવક સાથે પ્રેમ થઈ ગયો છે. આ યુવક અન્ય જ્ઞાતિનો છે. મારી દીકરીની ઉંમર માત્ર 16 વર્ષની છે, તેની ઉંમરને લઈ લગ્નની હું ના પાડું છું. છતાં તે લગ્ન કરવાની જીદ કરે છે અને એક દિવસ તે યુવકના ઘરે જતી રહી હતી. મેં તેને પરત બોલવી તો મરી જવાની ધમકી આપે છે. મારા પરિવારમાં મારા દીકરાએ પણ અગાઉ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. મારે દીકરી સિવાય કોઈનો સહારો નથી. આ દીકરી મને હેરાન પરેશાન કરે છે. જેને લઈ અભયમની ટીમ પીડિત માતા અને દીકરીને બોલાવી યુવક સાથે થયેલા પ્રેમ અંગે સમજ આપી હતી. તમારી હજુ ઉંમર નાની છે. જ્યારે ઉંમર થશે ત્યારે તમારી માતા તમને ગમતાં પાત્ર સાથે લગ્ન કરાવી આપશે.

---

### આજવાથી આવતી લાઇનમાં 2 વાર ભંગાણના સમારકામ બાદ પણ ઓછા દબાણથી પાણી મળતું હતું

# મુખ્યમંત્રીને ફરિયાદ બાદ તંત્ર દોડતું થયું, પૂર્વ વિસ્તારમાં 1 કરોડ લિટર પાણી વધુ આપ્યું

(એજન્સી) વડોદરા | તા 30

શહેરના પૂર્વ વિસ્તારમાં આજવાથી આવતી લાઈનમાં 2 વખત એર વાલ્વ તૂટ્યા બાદ જળસંકટ ઊભું થયું હતું. તેના સમારકામ બાદ પણ યોગ્ય પ્રેશરથી પાણી ન મળતું હોવાની મુખ્યમંત્રી કાર્યાલયમાં ફરિયાદ થઈ હતી. જેના પગલે તંત્ર દોડતું થયું છે. આજવા સરોવરથી તથા રાયકા-દોડકા ખાતે નવા બનાવેલા ટ્યૂબવેલથી 12 એમએલડી પાણી અપાઈ રહ્યું છે. આજવાથી પૂર્વ વિસ્તારને પાણી પહોંચાડતી લાઈનમાં બે વખત ભંગાણ પડતાં જળ સંકટ ઊભું થયું હતું. જોકે સમારકામ બાદ પણ પૂર્વ વિસ્તારમાં પાણી ઓછા પ્રેશરથી અને જથ્થો ઓછો મળતી હોવાથી મુખ્યમંત્રી કાર્યાલય ફરિયાદ થઈ હતી. જેના અનુસંધાને



સ્થાયીની બેઠકમાં મ્યુ. કમિશનરે પૂર્વ વિસ્તારમાં પાણીનો જથ્થો વધારે અપાઈ રહ્યો હોવાના આંકડા સાથેની માહિતી રજૂ કરી હતી. અગાઉ આજવામાંથી 134 એમએલડી પાણી રોજ લેવાતું હતું,

પરંતુ હવે 8 એમએલડી પાણી વધુ લઈ પૂર્વ વિસ્તારના આપવામાં આવી રહ્યું છે. તદુપરાંત રાયકા અને દોડકા ખાતે નવા ટ્યૂબવેલ ઊભાં કરી 4 એમએલડી પાણી પૂર્વ વિસ્તારને આપવામાં આવી રહ્યું છે. આમ, 12 એમએલડી પાણીનો જથ્થો પૂર્વ વિસ્તારને વધુ આપવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

રોજ શહેરમાં 578 કરોડ લિટર પાણી અપાય છે સ્રોત ટાંકીઓ જથ્થો આજવા સયાજીપુરા પાણીગેટ ગાજરવાળી આજવા, નાલંદા, બાપોદ, 14.40 કરોડ કપુરાઈ અને બુસ્ટર લિટર રાયકા-દોડકા નોર્થ હરણી, પૂનમનગર, કારેલીબાગ, સમા, એરપોર્ટ બુસ્ટર, ખોડીયારનગર બુસ્ટર, આજવા, પાણીગેટ, નાલંદા, 9.80 કરોડ સયાજીબાગ, જેલ બકરાવાડી અને લિટર પરશુરામ ભઠ્ઠા બુસ્ટર પોઈચા ગોરવા, વડીવાડી, સુભાનપુરા, 7.60 કરોડ અકોટા, કલાલી લિટર ફાજલપુર છાણી ગામ, છાણી જકાતનાકા, ટીપી 13, સમા, સયાજીબાગ, 7 કરોડ

લાલબાગ, જેલ,બકરાવાડી બુસ્ટર લિટર સિંધરોટ માંજલપુર, જાંબુવા, તરસાલી, 12.20 કરોડ મકરપુરા જીઆઈડીસી લિટર ખાનપુર ગાયત્રીનગર, હરીનગર, 6.80 કરોડ વાસણા, તાંદલજા લિટર સ્થાયી ચેરમેન ડો. શીતલ મિસ્ત્રીએ કહ્યું કે, રાયકા અને દોડકામાં પાલિકા દ્વારા રૂ. 3.07 કરોડના ખર્ચે 12 ટ્યૂબવેલ બનાવવામાં આવ્યા છે. જેમાંથી 8 કાર્યરત કરાયા છે. જ્યારે અન્ય 4માં પમ્પ સેટ ગોઠવવાના બાકી છે.

# ભાવનગરમાં 3 દિવસ હિટવેવ : આકાશમાંથી અગનવર્ષા સાથે સિઝનની સર્વાધિક ગરમી નોંધાઈ

(એજન્સી) ભાવનગર | તા.30

ભાવનગરમાં ૧૦ દિવસ ગરમીમાં રાહત પછી ફરી ગરમીનો પારો ઉંચકાયો છે. એપ્રીલ મહિનામાં આજે સતત ત્રીજીવાર મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર થયું છે અને સાથે લઘુતમ તાપમાન પણ ઉંચકાતા રાત્રે પણ આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આજે ભાવનગરમાં શરૂ સિઝનની સૌથી વધારે ગરમી નોંધાઈ છે. હવામાન વિભાગના અનુમાન પ્રમાણે ભાવનગરના કેટલાક ભાગોમાં આગામી ત્રણ દિવસ હીટવેવની સ્થિતિ સર્જાશે. આજે આકાશમાંથી અગનવર્ષા થઈ હોય તેમ ભાવનગરવાસીઓએ આકરી ગરમીનો અનુભવ કર્યો હતો. આજે ગરમીનો પારો ૪૦.૫ ડિગ્રીએ રહ્યો હતો. ભાવનગર શહેરમાં આજે આકાશમાંથી અગનવર્ષા થઈ હોય તેવી સ્થિતિ સાથે સિઝનની સૌથી વધારે ગરમી નોંધાઈ છે. ગત રોજની સરખામણીએ આજે મહત્તમ તાપમાન ૧.૩ ડિગ્રી વધીને ૪૦.૫ ડિગ્રી તથા લઘુતમ તાપમાન ૧ ડિગ્રી વધીને ૨૯ ડિગ્રી નોંધાયું છે. આજે સવારે હવામાં ભેજનું પ્રમાણ ૩૬ ટકા હતું જે બપોર સુધીમાં ઘટીને ૧૮ ટકા રહ્યું હતું તથા સવારે પવનની ગતિ ૧૨ કિમી હતી જે દિવસ દરમિયાન વધીને ૧૪ કિમી પ્રતિ કલાકની નોંધાઈ હતી. ગરમ અને ભેજવાળી હવાના કારણે દિવસ દરમિયાન અને ખાસ કરીને બપોરના સમયે આકરી ગરમીનો અહેસાસ ભાવનગરવાસીઓને થયો હતો. ગઈકાલે મહત્ત તાપમાન ૩૯.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૮ ડિગ્રી નોંધાયું હતું.

## ન્યુઝ ફ્લેશ

### યુવકના ગુપ્ત ભાગ પર પાછળથી આવતી બાઇક ચઢી જતા ગંભીર ઇજા થતા મોત

વડોદરા | રાજસ્થાનના બાડમેર જિલ્લાના રામસર તાલુકાના સજ્જન કા પાર ખાતે રહેતા ૬૫ વર્ષના ઉરસાખાન જાનાખાન સિન્ધી હાલ ડાકોર પાસે સંદાસર ગામે રહે છે. તેઓ છૂટક કામ કરે છે. ગઈકાલે તેઓ બાઈક લઈને ડભોઈ નજીક આવેલા મંડાળા ગામે મિત્રના ઘરે ગયા હતા. મિત્રને મળીને આજે સવારે તેઓ બાઈક લઈને ઘરે પરત આવતા હતા. તે સમયે હાઈવે આજવા ચોકડી ચઢવાના બ્રિજ નજીક એક કાર ચાલકે અચાનક બ્રેક મારતા ઉરસાખાન બાઈક સાથે કારમાં પાછળથી અથડાયા હતા. તેઓને માથા તથા કપાળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

### નડિયાદ રેલવે સ્ટેશનથી સરદાર પ્રતિમા તરફ રોડ પર જ પાર્કિંગ

નડિયાદ | નડિયાદમાં ટ્રાફિકની સમસ્યા અત્યંત ગંભીર બની છે. ત્યારે નડિયાદમાં ત્રણ-ચાર દિવસ ટ્રાફિક મામલે ગંભીરતા દાખવ્યા બાદ હવે પુનઃ ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે. રેલવે સ્ટેશનથી સરદાર પ્રતિમા અને ત્યાંથી આગળ સંતરામ તરફ જતા રોડ પર આડેધર પાકગના કારણે વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વખત આવ્યો છે.નડિયાદ રેલવે સ્ટેશનથી સરદાર પ્રતિમા તરફ જતા રસ્તા પર નડિયાદ ટાઉન મથકથી આગળ જૂની કલેક્ટર કચેરી અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાથી આગળ સરદાર પ્રતિમા સુધીનો રોડ આખો દિવસ વાહનોના ભારણથી ધમધમે છે. સરકારી ગાડીઓ સહિત ખાનગી વાહન ચાલકો આડેધર પાકગ કરતા હોય છે.

### 181 અભયમની ટીમ આણંદ તાલુકાની પરીણિતાના વ્હારે આવી

આણંદ | આણંદ તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારની પરીણિતા પર તેના પિયર અને સાસરી પક્ષના સભ્યો દ્વારા ત્રાસ ગુજારવામાં આવતો હોવાથી તેણીએ ૧૮૧ અભયમની ટીમની મદદ માંગી હતી. જેથી અભયમની ટીમે પરીણિતાનું કાઉન્સેલીંગ કર્યા બાદ સુરક્ષા માટે નારીગૃહમાં મોકલી આપી છે.૧૮૧ અભયમની ટીમને આણંદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારની પરીણિતાએ ફોન કરી પિયર અને સાસરીની હેરાનગતિ બાબતે જણાવતા અભયમની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પરીણિતાને સરકારી નોકરી કરવાની ઈચ્છા હોવા છતાં પિયરના સભ્યોએ ૧૯ વર્ષની ઉંમરે તેણીના લગ્ન કરી દીધા હોવાનું જણાવ્યું હતું. લગ્ન બાદ તેણીએ ભણવાનું ચાલુ રાખ્યું હતું અને સરકારી નોકરી મેળવવા માટે બે માર્કસ માટે રહી જતા પતિ દ્વારા મ્હેણાં-ટોણાં મારી તુ કંઈ નહી કરી શકે તેમ જણાવ્યું હતું. લગ્ન જીવનના આઠ વર્ષ દરમિયાન પતિ દારૂ પીવાની ટેવવાળો હોવાથી પરીણિતાએ પિયરમાં અવાર-નવાર છુટાછેડા લેવાનું કહેતા હતા.

## ઘાસચારાના ભાવ વધતા માલધારીઓ ખફા

# ગોહિલવાડમાં ઘાસચારો મોંઘો થતા પશુપાલકો ચિંતામગ્ન બન્યા

(એજન્સી) ભાવનગર | તા.30



ગોહિલવાડમાં છેલ્લા સપ્તાહથી ઘાસચારો મોંઘો થતા પશુપાલકો ચિંતામગ્ન બન્યા છે. એકબાજુ પેટ્રોલિયમ પેદાશના ભાવમાં વધારો અને બીજી બાજુ કાળઝાળ ઉનાળાના કારણે દાણ અને ઘાસચારો મોંઘો થતા ખાનગી ક્ષેત્રની દૂધ કંપનીઓને દૂધ તેમજ છાસના ખરીદ ભાવમાં વધારો કરવાની નોબત આવી પડેલ છે. ઘાસચારો અપૂરતો મળતા માલધારીઓને ધોમ ધખતા તાપમાં દૂર-દૂર સુધી રઝળપાટ કરવાનો વખત આવ્યો છે.

મહત્તમ પશુપાલન અને ખેતીવાડીના વ્યવસાય પર નિર્ભર રહેલા ભાવનગર જિલ્લામાં એકબાજુ ગરમીનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યુ છે તેવા વિકટ સમયે સિહોર, ઉમરાળા સહિતના કેટલાક તાલુકા અને ગ્રામ્ય મથકોમાં ઘાસચારાની અછત વર્તાતા પશુપાલકોને ગૌવંશનો નિભાવ મુશ્કેલ બન્યો છે. ગોહિલવાડમાં માવઠાને લઈને કેટલાક તાલુકા મથકોને બાદ કરતા અન્ય તાલુકાઓ અને ગામોમાં ચાલુ વર્ષે નહિવત વરસાદને લઈને ઘાસચારાની અછત વર્તાઈ રહેલ છે. ઘાસચારાના ભાવમાં વધારો થતા સ્થાનિક ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોને તેમજ સ્થાનિક પશુપાલકોને બહારથી ઘાસચારો લાવવામાં આવતા તે ખુબ જ મોંઘો પડી રહ્યો છે.ઘાસચારો મોંઘો થતા ગૌશાળા અને પાંજરાપોળમાં આશ્રય મેળવી રહેલા ગૌવંશનો નિભાવ ઘાસચારાના અભાવે મુશ્કેલ બની રહ્યો હોય કેટલીક ગૌશાળા અને પાંજરાપોળ દ્વારા અનુદાન માટે ટહેલ નાખવાની તજવીજ હાથ ધરાઈ રહેલ છે. પશુઆહાર મોંઘો થતા ભાવનગર શહેર અને જિલ્લામાં દૂધના ભાવમાં વધારો થાય તેવી શકયતા જણાઈ રહેલ છે. ગુણવત્તા મુજબ લીલા ઘાસચારાનો ભાવ રૂા ૭૦ થી લઈને ૧૨૦ આસપાસ પહોંચતા પશુપાલકોને હાલાકી વેઠવી પડે છે. પશુઓને પ્રિય ગણી શકાય તેવા લચકો અને કડબના ભાવ આ અગાઉ મણના રૂા ૬૦ હતા. હાલમાં બજારમાં કડબ રૂા ૧૨૦ આસપાસના ભાવે વેચાઈ રહેલ છે. એક સમયે પાંચ રૂપીયે કિલો મળતો ઘાસચારો હાલ રૂા ૧૫ આસપાસના ભાવે વેચાય છે. આ ઉપરાંત લીલી જુવાર અગાઉ રૂા ૩૦ થી ૪૦ ની મણના ભાવે વેચાતી હતી. જે હવે ગુણવત્તા મુજબ રૂા ૮૦ આસપાસના ભાવે મળી રહેલ છે. સુકા ઘાસચારાના ભાવ વધતા ગોહિલવાડના પશુપાલકો ખફા થયા છે. જિલ્લાના પશુપાલકોને તેમના ઘર સુધી લીલો ઘાસચારો પહોંચાડવામાં ભારે આર્થિક મુશ્કેલીઓ વેઠવી પડે છે.

### મહાદેવપુરામાં 11 લાખના વિદેશી દારૂ સાથે એક શખ્સ ઝડપાયો

નડિયાદ | ખેડા એલસીબીએ રવિવારે રાત્રે ચકલાસીના મહાદેવપુરા તાપીકુઈ વિસ્તારમાંથી કન્ટેનરમાંથી વિદેશી દારૂનું કટિંગ કરતા બે વાહનો સાથે એક શખ્સને ઝડપી પાડયો હતો. જ્યારે અન્ય શખ્સો પોલીસને જોઈ નાસી ગયા હતા. આ અંગે ચકલાસી પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. મહાદેવપુરા તાપીકુઈ તલાવડી પાસે ખુલ્લી જગ્યામાં કન્ટેનરમાંથી વિદેશી દારૂનો જથ્થો બે ટેમ્પામાં ભરીને હેરાફેરી કરવામાં આવી રહી હોવાની બાતમી ખેડા એલસીબીને મળી હતી. જેના આધારે એલસીબી ટીમે દરોડો કરતા નાસભાગ મચી ગઈ હતી. જ્યારે સલીમ મહેબૂબ મુરખાન (રહે. હરિયાણા)નામનો શખ્સ ઝડપાઈ ગયો હતો. એલસીબીએ કન્ટેનર અને અન્ય બે વાહનોની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૮૪ નંગ પેટીમાંથી ૨,૨૦૮ નંગ બોટલો મળી આવી હતી. એલસીબીએ શખ્સની પુછપરછ હાથ ધરતા, દારૂનો જ હરિયાણાથી ઈરફાન બંગાલી લંગડો અને તારીક નામના શખ્સોએ મોકલી આપ્યો હોવાનું અને ઈરફાનની તબીયત સારી ના હોવાથી સલીમ કન્ટેનર લઈને આવી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

## વાવાઝોડામાં પડી ગયેલી દિવાલ ત્રણ વર્ષ પછી પણ ચણાઈ નથી

# રાજુલાના મોડલ એસટી ડેપોમાં રાતે નવ વાગ્યા પછી ટોઈલેટને પણ તાળા

(એજન્સી) રાજુલા | તા.30



રાજુલાના એસટી ડેપોને થોડાં દિવસો પૂર્વે મોડલ ડેપો જાહેર કરવામાં આવ્યો હતો પરંતુ આ આ મોડલ એસ ટી ડેપો ફક્ત ને ફક્ત કાગળ પર હોય તેવી સ્થિતિ છે. રાજુલાના મોડલ એસટી ડેપોના ટોઈલેટ રાતે ૯ વાગ્યે તાળા લાગી જાય છે. ઉપરાંત વાવાઝોડામાં પડી ગયેલી દિવાલ ત્રણ વર્ષ પછી પણ ચણાઈ નથી, પુછપરછ માટેનો ફોન બંધ, ભારે ગરમીમાં પંખા બંધ રહે છે. આવી સ્થિતિમાં મુસાફરોને ભારે તકલીફ વેઠવી પડી રહી છે. રાજુલાના એસટી ડેપોને થોડા સમય પહેલા મોડલ ડેપો તરીકે જાહેર કરવામાં આવ્યો હતો પરંતુ આ મોડલ એસ ટી ડેપો ફક્તને ફક્ત કાગળ પર હોય તેવું લાગે છે. ઉનાળાની આકરી ગરમીમાં રાજુલા ડેપો માં નવ પંખા ફીટ કરવામાં આવેલ છે, જેમાંથી ચાર પંખા બંધ અને બાકીના પંખા ખુબ જ ધીમાં ચાલતા હોવાથી મુસાફરો ભારે પરેશાન થઈ રહ્યાં છે. નિગમ મોટી મોટી વાતો કરે છે ત્યારે આ મુશ્કેલી કેવી કોને ? અદ્યતન સુવિધા આપવાની વાત ફક્ત કાગળ પર જ થાય છે. રાજુલા એસટી ડેપોમાં રાત્રે ટોયલેટ બાથરૂમ ૯.૦૦ વાગે બંધ થઈ જાય છે અને સવારે ટોયલેટ બાથરૂમ ક્યારે ખૂલે તે નક્કી હોતું નથી. તેમજ ટોઈલેટમાં પણ ભારે ગંદકી રહેતી હોવાથી મુસાફરો ઉપયોગ કરતા પણ અચકાય છે. રાજુલા ડેપોની દીવાલ વાવાઝોડા સમયથી પડી ગયેલ છે. જેને આજે અંદાજિત ત્રણ વર્ષ જેવો સમય થયો પણ આ દીવાલ હજુ રિપેર કરવામાં આવી નથી. તે સિવાય પુછપરછ માટે રાજુલા એસટી ડેપોનો ટેલિફોન ચાલુ છે છતાં બંધ હાલતમાં હોય તેવી સ્થિતિ છે. ક્યારેક ફોન લાગે, ક્યારેક ફોન ના લાગે. ડેપોની ૮થી ૧૦ લાઈટ રાતના સમયે બંધ હાલતમાં હોય છે. ગુરુવારે વીજકાપ હોય ત્યારે રિઝર્વેશન બંધ રહે છે. આવી સ્થિતિમાં રાજુલા એસટી ડેપો કંઈ રીતે મોડલ ડેપો કહેવાય તે પ્રશ્ન છે ત્યારે બસ ડેપોની આ અસુવિધાની બાબતે રાજુલાના જનપ્રતિનિધિ રસ લઈ નિરાકરણ લાવે તેવું રાજુલાના નાગરિકો ઈચ્છી રહ્યાં છે.



### કચ્છની કેસર કેરી ‘કેસર’ ખરીદવા જેવી મોંઘી પડશે, ઉત્પાદનમાં ઘટાડો

(એજન્સી) ગાંધીધામ | તા.30

સમગ્ર ગુજરાતમાં સૌથી સારી કેસર કેરીનો સ્વાદ કચ્છની કેસરનું હોવાનું માનવામાં આવે છે. પરંતુ આ વર્ષે વિષમ હવામાનના કારણે કચ્છની કેસર કેરી ગરીબો માટે કેસર ખરીદવા બરાબર થાય તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. કેમાં કે કચ્છમાં હાલની સ્થિતિએ ૪૦ ટકા ઉત્પાદન થાય તેવો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. તો બીજી તરફ કચ્છની સૌથી મોટી માર્કેટ એવી અંજારમાં અત્યારથી જ દૈનિક ૨૦૦-૩૦૦ દાગીના (પેટી) કેસર કેરીની આવક થઈ રહી હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે અંજાર માર્કેટના સૌથી મોટા વેપારીઓ પૈકીનાં એક રાજેશ વિઠ્ઠલદાસ પલણના જણાવ્યા મુજબ વિષમ વાતાવરણના કારણે માત્ર કચ્છ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં કેરીનો પાક ૩૫થી ૪૦ ટકા રહ્યો છે. પરિણામે કેસર કેરી ખૂબ મોંઘા ભાવે વેચાઈ રહી છે. હાલમાં કંચ્છમાં જુનાગઢ-ગીર તરફથી દૈનિક ૭૦૦થી ૮૦૦ પેટી કેરીની આવી રહી છે. જેનો ભાવ પણ ખૂબ ઊંચો છે.



### લખતરના માલીકા ગામ પાસે સુખડીયા ડેમમાં ટ્રોલી સાથે ટ્રેક્ટર ખાબક્યું

(એજન્સી) લખતર | તા.30

લખતર તાલુકાના માલીકા અને વડલા ગામ વચ્ચે આવેલ સુખડીયા ડેમ પાસે નડીયાદનો પરિવાર દર્શન અર્થે લખતર આવ્યો હતો .અને દર્શન કરી ટ્રેકટરમાં પરત જઈ રહ્યાં હતાં તે દરમ્યાન ટ્રેકટર સ્લીપ ખાઈ જતા ટ્રોલી સાથે ડેમના પાણીમાં ખાબક્યું હતું .જેની જાણ થતાં સ્થાનીક ગ્રામજનો ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને ટ્રોલીમાં સવાર પરિવારના તમામ સભ્યોને પાણીમાંથી બહાર કાઢી લેતા જાનહાની ટળી હતી. નડીયાદથી ઓડ પરિવાર ટ્રેકટર લઈને લખતર ખાતે ધાર્મિક કાર્યક્રમ તેમજ દર્શનાર્થે આવ્યા હતા અને દર્શન કરી પરિવારના સભ્યો ટ્રેકટરની ટ્રોલીમાં બેસી પરત જઈ રહ્યાં હતાં તે દરમ્યાન માલીકા અને વડલા ગામ વચ્ચે આવેલ સુખડીયા ડેમ પાસે ટ્રેકટરચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રેકટર સ્લીપ ખાઈ જતા ટ્રોલી સાથે ડેમમાં ખાબક્યું હતું.



### ઉનાળાને લઈને દૂધના ખરીદભાવમાં સતત ત્રીજી વખત વધારો કરતી સર્વોત્તમ ડેરી

(એજન્સી) ભાવનગર | તા.30

ઉનાળા દરમિયાન દૂધના ખરીદ ભાવમાં સતત ત્રીજી વખત સર્વોત્તમ ડેરી દ્વારા વધારો કરવામાં આવેલ છે. ગુજરાત રાજયના સ્થાપના દિવસથી સર્વોત્તમ ડેરી દ્વારા ભાવનગર જિલ્લાના દૂધ ઉત્પાદકોને કિલો ફેટે રૂા ૮૧૦ મળશે. ભાવનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., સર્વોત્તમ ડેરીના ચેરમેન મહેન્દ્રભાઈ પનોતના અધ્યક્ષસ્થાને તાજેતરમાં નિયામક મંડળની મીટીંગ મળી હતી. જેમાં તમામ ઠરાવો સર્વાનુમતે મંજુર કરાયા હતા.બાદ દૂધના ખરીદભાવ અંગે ચર્ચા થતા હાલ ઉનાળાની ગરમીના કારણે પશુની દૂધ ઉત્પાદકતામાં થયેલા ઘટાડાને ધ્યાનમાં લઈને તથા ઘાસચારો અને દાણની મોંઘાઈ વધતા તેમજ પશુપાલન વ્યવસાય વધારે નફાકારક બને, ખેતીની આવક હાલ બંધ થવાના કારણે તેમજ સર્વોત્તમ ડેરી સાથે જોડાયેલા પશુપાલકોનું જીવનધોરણ દૂધના વ્યવસાય થકી ઉંચુ આવે તેવા આશયથી દૂધના ખરીદભાવમાં વધારો કરાયો છે.



### વેરાવળ-સાલારપુર સમર સ્પેશિયલ ટ્રેન એક દિવસ માટે દોડશે

(એજન્સી) ભાવનગર | તા.30

ઉનાળાની તુમાં મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલ્વેએ વેરાવળ અને સાલારપુર વચ્ચે વિશેષ ભાડા પર સમર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો છે. ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમારના જણાવ્યા મુજબ આ ટ્રેન વેરાવળ સ્ટેશનથી ૨૨.૨૦ કલાકે માત્ર એક દિવસ માટે એટલે કે ૩૦.૦૪.૨૦૨૪ (મંગળવારે) માટે દોડશે. ટ્રેન નંબર ૦૯૫૫૫ વેરાવળ-સાલારપુર સમર સ્પેશિયલ ટ્રેન વેરાવળથી ૩૦.૦૪.૨૦૨૪ (મંગળવાર)ના રોજ ૨૨.૨૦ કલાકે ઉપડશે અને બે દિવસ પછી ગુરુવારે સવારે ૧૦.૩૦ કલાકે સાલારપુર સ્ટેશન પહોંચશે. આ ટ્રેન વેરાવળ સ્ટેશનથી માત્ર એક દિવસ એટલે કે ૩૦.૦૪.૨૦૨૪ (મંગળવારે) માટે દોડશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૫૫૬ સાલારપુર - વેરાવળ સમર સ્પેશિયલ ટ્રેન ૦૨.૦૫.૨૦૨૪ (ગુરુવાર) ના રોજ સાલારપુર સ્ટેશનથી ૧૩.૩૦ કલાકે ઉપડશે અને બે દિવસ પછી શનિવારે સવારે ૪.૨૦ કલાકે વેરાવળ પહોંચશે.

### ભુજમાં લગ્ન પ્રસંગની તૈયારી કરી રહેલા પરિવાર પર એસીડ એટેક, પાંચ દાઝયા, 4 લોકો ઘવાયા

(એજન્સી) ભુજ | તા.30



ભુજના સરપટ ગેટ બહાર શીવહરીનગર નજીક રાજફર્નીચરની બાજુમાં સોમવારે સવારે લગ્ન પ્રસંગવાળા ઘર પાસેથી ઓવર સ્પીડમાં મોટર સાયકલ ચલાવવા મુદ્દે યુવાનો વચ્ચે મારા મારી થયા બાદ મામલો ગંભીર બન્યો હતો. ઘર પાસે આંગણામાં બેઠેલા પરિવાર પર એસીડવાળા પાણીથી તેમજ ધોકા, લોખંડના પાઈપથી હુમલો મહિલા સહિત ૫ લોકો દાઝી ગયા હતા. જ્યારે અન્ય ચાર વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. જ્યારે સામે પક્ષના ત્રણ શખ્સે ઘાયલ થતાં તમામને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મામલો વધુ ઉગ્ર સ્વરૂપ ન લે માટે પોલીસે કાફલો દોડી ગયો હતો. આ અંગે સરપટ નાકા બહાર શીવહરીનગરમાં અને રાજ ફનચર નામે વ્યસાય કરતા અખતર અબ્દુલભાઈ ભટ્ટીએ બી ડિવિઝન પોલીસ મથકે આરોપી આદમ અજીજ ખત્રી, અજીજ ખત્રી, ઈબ્રાહિમ અજીજ ખત્રી, સતાર ખત્રી તેમજ અન્ય ચારથી પાંચ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે હુમલાનો બનાવ સોમવારે સવારે દસ અગ્યાર વાગ્યા દરમિયાન બન્યો હતો. ફરિયાદીના ભાઈ અલીઅજગરના લગ્ન પ્રસંગ હોઈ ફરિયાદીના સગાસબંધીઓ ઘરે આવ્યા હતા. શીવહરીનગર સોસાયટીમાં રહેતા આમદ અજીજ ખત્રી ફરિયાદીના ઘર પાસેથી સ્પીડમાં પોતાના ઈલેક્ટ્રીક સ્કુટરથી આંટા મારતો હોવાથી ફરિયાદીના ભાઈએ વાહન ધીમે ચલાવવાનું કહેતાં બન્ને વચ્ચે મારા મારી થઇ હતી.

## હાલ રજવાડાઓની ચર્ચા વધતાં ભાવનગર સ્ટેટના યુવરાજે પ્રતિક્રિયા આપી

# રજવાડાંને ફરી સત્તા સોંપાય તો હાલની સ્થિતિ કરતાં ઉત્તમ શાસન વ્યવસ્થા આપીશું

(એજન્સી) ભાવનગર | તા.30




કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીએ રાજા રજવાડા અંગે કરેલાં નિવેદનના ઘેરા પ્રત્યાઘાત પડયા બાદ આજે તેમણે પાટણમાં સભા દરમિયાન ભાવનગરના મહારાજાને યાદ કરી વિવાદને શાંત પાડવા કરેલાં પ્રયાસને ભાવનગરના યુવરાજે આવકાર્યો હતો. સાથે તેમણે છેલ્લા કેટલાક સમયથી રાજવીઓ અંગે થતી નિવેદનબાજી અંગે પણ તીખી પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, રજવાડાંઓને ફરી સત્તા સોંપી દેવામાં આવે તો હાલની સ્થિતિ કરતાં અમે ઉત્તમ શાસન વ્યવસ્થા આપીશું. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીએ ગત રવિવારે રાજા રજવાડા લોકોની જમીનો લઈ લેતા હોવાનું વિવાદીત નિવેદન કરતાં ભાવનગરના યુવરાજ જયવીરરાજસિંહ ગોહિલે આક્રમક પ્રતિક્રિયા આપી હતી.જો કે, આજે પાટણમાં યોજાયેલી સભામાં રાહુલ ગાંધીએ જાહેર મંચ પરથી ભાવનગરના રાજવી કૃષ્ણકુમારસિંહજીને યાદ કરી પોતાના નિવેદનથી સર્જાયેલાં વિવાદને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. જેને લઈ આજે યુવરાજ જયવીરરાજસિંહ ગોહિલે જણાવ્યું કે, રાહુલ ગાંધીએ ગતરોજ કરેલાં નિવેદન અંગે મેં ખોડીયાર માતાજીને પ્રાર્થના કરી હતી. જે પ્રાર્થના આજે ફળી છે. જ્યારે,રાહુલ ગાંધીએ આજે આપેલાં આ નિવેદન અંગે સલાહ આપનાર કોંગ્રેસના સલાહકારોનો યુવરાજે આભાર માન્યો હતો અને પ્રથમ વખત રાહુલ ગાંધીને સાચી સલાહ મળી હોવાનું જણાવ્યું હતું. તો, તેમણે આ નિવેદનબાજીના રાજકારણના બદલે રાજકીય પક્ષોના ઉમેદવારોએ ભાવનગરના વિકાસની વાતોને લઈ પ્રજા વચ્ચે જવું જોઈએ અને આગામી પાંચ વર્ષથી લઈ પચાસ વર્ષનું ભાવિ આયોજન, દૂરંદેશીતાના મુસદા રજૂ કરવા જોઈએ. તેમ અંતમાં જણાવ્યું હતું. ભાવનગરના યુવરાજ જયવીરરાજસિંહ ગોહિલે મીડિયાને વિગતો આપતાં જણાવ્યું કે, ચૂંટણીમાં પ્રજાહિતના એજન્ડાને કેન્દ્રસ્થાને રાખવામાં આવે તે ભાવનગરના હિતમાં છે. તેમણે બન્ને રાજકીય પક્ષોના ઉમેદવારોને યુવાનોને રોજગારી આપતાં પાંચ નવા ઉદ્યોગ ભાવનગરમાં લાવી આપવા ચેલેન્જ આપી હતી.

### ખેડાના અકલાચાના બે ભાઈએ રૂ. 4.92 લાખ પડાવી ન્યુઝીલેન્ડની બોગસ ટિકિટ આપી


(એજન્સી) ડીંડોલી | તા.30

યુવાનને ન્યુઝીલેન્ડની ટિકિટ કઢાવી આપવાના બહાને ખેડાના અકલાચાના બે ભાઈઓએ રૂ.૪.૯૨ લાખ પડાવી બોગસ ટિકિટ આપી ઠગાઈ કરતા ડીંડોલી પોલીસે અરજીના આધારે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ સુરતના ડીંડોલી રામીપાર્કની બાજુમાં આવિષ્કાર રો હાઉસ પ્લોટ નં.૭ માં રહેતા ૩૭ વર્ષીય સંદીપકુમાર શરદભાઈ પાટીલ પાંડેસરાની એક કંપનીમાં ઓપરેટર તરીકે નોકરી કરે છે.વર્ષ ૨૦૧૯ માં ન્યુઝીલેન્ડ ખાતે કામ માટે જવા તેમણે અડાજણ ગુજરાત ગેસ સર્કલ કાંતિ શોપીંગ સેન્ટર ઓફિસ નં.૨૪ સ્થિત આર.વી. કન્સલ્ટનસી નામે વિઝાનું કામ કરતા ભાવિકાબેન પ્રજાપતિને રૂ.૨ લાખ અને જરૂરી દસ્તાવેજો આપતા તેમના ઈ-વિઝા આવ્યા હતા.ભાવિકાબેને સંદિપકુમાર અને અન્યોને વિદેશ મોકલવાનું કામ ખેડાના અકલાચા ગામ મુસલમાન ફળીયા ૬૦૩ માં રહેતા જોય ડાહ્યાભાઈ ખ્રિસ્તીને સોંપ્યું હતું.તે માટે ભાવિકાબેને એફિડેવિટ પણ કરી આપી હતી.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.



**વૃષભ (બ,વ,ઉ)**
લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે.



**મિથુન (ક,છ,ઘ)**
તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે.



**કર્ક (ડ,હ)**
તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે.




**સિંહ (મ,ટ)**
આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે.



**કન્યા (પ,ઠ,ણ)**
સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે.



**તુલા (ર,ત)**
આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો.




**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો.



**ધન (ભ,ધ,ફ)**
તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.



**મકર (ખ,જ)**
આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે.



**કુંભ (ગ,શ,સ)**
આજે તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**
આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

## ન્યૂઝ ટ્રેક

### કરાર આધારિત કર્મચારીઓને આરોગ્ય સેવાઓ સાથે સશક્તિકરણ

મુંબઈ | ઈન્ડિયન ઓડિટ એન્ડ એકાઉન્ટ્સ ઓફિસર્સ વાઈવ્સ એસોસિએશન (IAAOWA) એ તાજેતરમાં નવી દિલ્હીમાં કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (CAG) ઓફિસ ખાતે સેંકડો કરાર આધારિત કર્મચારીઓને આવશ્યક તબીબી સેવાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્યથી સ્વાસ્થ્ય 2024 નામના નોંધપાત્ર આરોગ્ય શિબિરનું આયોજન કર્યું હતું. 27 એપ્રિલથી 29 એપ્રિલ દરમિયાન યોજાયેલી આ પહેલ, નિવારક આરોગ્યસંભાળ દ્વારા કર્મચારીઓની સુખાકારી વધારવા માટે IAOWA ની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. ભારતીય ઓડિટ અને એકાઉન્ટ્સ સેવાઓ સાથે સંકળાયેલા કર્મચારીઓના કલ્યાણને ટેકો આપવાના મિશન સાથે સ્થપાયેલ, IAOWA નો પ્રભાવશાળી પહેલો હાથ ધરવાનો સમૃદ્ધ ઈતિહાસ છે.

### B2B કંપનીઓ પરિપત્રને અપનાવીને સ્થિરતાના પ્રયત્નોને આગળ ધપાવે છે

મુંબઈ | ઉચ્ચ પર્યાવરણીય જાગૃતિના આજના યુગમાં, B2B કંપનીઓ તેમના બિઝનેસ મોડલ્સમાં પરિપત્રને અપનાવીને ટકાઉપણું તરફ હિંમતભર્યા પગલાં લઈ રહી છે. આ લેખ શોધ કરે છે કે કેવી રીતે આ કંપનીઓ પર્યાવરણીય અસર ઘટાડવા અને વધુ ટકાઉ ભવિષ્યને પ્રોત્સાહન આપવા માટે પરિપત્ર અર્થતંત્રના સિદ્ધાંતોને એકીકૃત કરી રહી છે. ગોળાકાર અર્થતંત્રનો ખ્યાલ ટકાઉપણું માટે વ્યૂહાત્મક અભિગમ તરીકે B2B કંપનીઓમાં આકર્ષણ મેળવી રહ્યો છે. પરંપરાગત રેખીય અર્થવ્યવસ્થાથી વિપરીત, જે 'ટેક-મેક-ડિસ્પોઝ' મોડલને અનુસરે છે.

### એરક્લાઉડ ગો એપ વડે તમારા હિટાચી એર કંડિશનરને નિયંત્રિત કરો

મુંબઈ | આજના ટેક-સંચાલિત વિશ્વમાં, તમારા એર કંડિશનરનું સંચાલન અદ્ભુત રીતે અનુકૂળ અને કાર્યક્ષમ બની ગયું છે, જે હિટાચી કૂલિંગ અને હીટિંગ દ્વારા એરક્લાઉડ ગો જેવી નવીન મોબાઇલ એપ્લિકેશનને આભારી છે. આ લેખ અન્વેષણ કરે છે કે કેવી રીતે આ ક્રાંતિકારી એપ્લિકેશન તમે તમારા હિટાચી એર કંડિશનર સાથે ક્રિયાપ્રતિક્રિયા કરો છો તે રીતે પરિવર્તન લાવે છે, જે તમારી આંગળીના વેઢે અંતિમ નિયંત્રણ અને આરામ પ્રદાન કરે છે. એરક્લાઉડ ગો સાથે, તમે ગમે ત્યાંથી તમારા હિટાચી એર કંડિશનરની સેટિંગ્સને સરળતાથી ગોઠવી શકો છો. તમે ઘરે હોવ, કામ પર હોવ અથવા મુસાફરી કરતા હોવ, તાપમાન, પંખાની ઝડપ અથવા લૂવર પોઝિશનને નિયંત્રિત કરવું તમારા સ્માર્ટફોન પર એક ટેપ જેટલું જ સરળ છે.

---

**આ ઓળખ ભારતના 'આત્મનિર્ભર' (આત્મનિર્ભરતા) રોડમેપનો પાયાનો પથ્થર છે**

# ખાણ મંત્રાલયે નિર્ણાયક ખનિજો પર જ્ઞાન સહાય માટે શક્તિ સસ્ટેનેબલ એનર્જી ફાઉન્ડેશન સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા

(એજન્સી) મુંબઈ | તા.30

ભારત, આર્થિક વૃદ્ધિ અને ટકાઉપણાના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકો સાથે વિકાસશીલ રાષ્ટ્ર હોવાને કારણે, આ આકાંક્ષાઓને હાંસલ કરવા માટે નિર્ણાયક ખનિજોના મહત્વપૂર્ણ મહત્વને ઓળખે છે. તાજેતરમાં, ખાણ મંત્રાલયે નિર્ણાયક ખનિજોના ક્ષેત્રમાં જ્ઞાન અને કુશળતા વધારવા માટે શક્તિ સસ્ટેનેબલ એનર્જી ફાઉન્ડેશન સાથે એક સમજૂતી પત્ર (એમઓયુ) કર્યો. આ એમઓયુ પર હસ્તાક્ષર તેના આર્થિક વિકાસ, રાષ્ટ્રીય સુરક્ષા અને ઓછા કાર્બન ઉર્જા લેન્ડસ્કેપ તરફ સંક્રમણ માટે નિર્ણાયક ખનિજોનો ઉપયોગ કરવાની ભારતની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

નવી દિલ્હીમાં ઈન્ડિયા હેબિટેટ સેન્ટર ખાતે આયોજિત 'ક્રિટીકલ મિનરલ્સ સમિટઃ એનહાન્સિંગ બેનિફિશિયેશન એન્ડ પ્રોસેસિંગ કેપેબિલિટીઝ' દરમિયાન એમઓયુને ઔપચારિક સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ બે-દિવસીય ઈવેન્ટ મહત્ત્વપૂર્ણ ખનિજોનું મહત્વ દર્શાવતું પ્લેટફોર્મ હતું. તેમાં પાર્થિવ



અને દરિયાઈ સ્ત્રોતોમાંથી ખનિજોની વિવિધ શ્રેણી દર્શાવતા પ્રદર્શન પેવેલિયન દર્શાવવામાં આવ્યા હતા. સમિટ દરમિયાન, ખાણ વિભાગના સચિવ વી.એલ. કાંથા રાવે ભારતની મહત્ત્વપૂર્ણ ખનિજોના સંશોધન અને ઉપયોગને ઝડપી બનાવવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. રાવે સ્થાનિક ખનિજ સંશોધન અને ઉત્પાદનને વેગ આપવા માટે રચાયેલ ખનિજ બ્લોક હરાજી જેવી તાજેતરની સરકારી પહેલો પર પ્રકાશ પાડ્યો હતો. સમિટમાં ભારતની પ્રોસેસિંગ અને બેનિફિશિયેશન ક્ષમતાઓના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરતી આંતરદૃષ્ટિપૂર્ણ પેનલ ચર્ચાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ચર્ચાઓ સ્થાનિક અને વૈશ્વિક બજારની હાજરીને માપવા માટેની વ્યૂહરચનાઓની આસપાસ ફરતી હતી. નોંધનીય છે કે, ખનિજ પ્રક્રિયામાં સંશોધન અને વિકાસ માટે માળખાગત વિકાસ પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો હતો. સમિટની મુખ્ય ક્ષણ એ ટેક્નોલોજી સત્ર હતી, જેણે ખાનગી કંપનીઓ, સંશોધન સંસ્થાઓ, એકેડેમિયા અને જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (GSI) અને નેશનલ ફ્યુઝન ટેક્નોલોજી ડેવલપમેન્ટ સેન્ટર (NFTDC) જેવી સરકારી સંસ્થાઓને ભારતની ખનિજ ક્ષમતા દર્શાવવા માટે પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું. અને પ્રક્રિયા અને લાભ માટે અદ્યતન તકનીકો. સમિટનો ઉદ્દેશ્ય ભારતને ક્રિટિકલ મિનરલ પ્રોસેસિંગમાં વૈશ્વિક નેતા તરીકે સ્થાન આપવાનો છે. આ સ્થિતિ નિર્ણાયક ખનીજ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાની અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનવાની ભારતની મહત્વાકાંક્ષા સાથે સંરેખિત છે, જે રાષ્ટ્રના વ્યાપક આર્થિક અને સુરક્ષા ઉદ્દેશ્યોને સમર્થન આપે છે. જૂન 2023 માં, ભારતે સંરક્ષણ, કૃષિ, ઉર્જા, ફાર્માસ્યુટિકલ્સ અને ટેલિકોમ્યુનિકેશન જેવા વિવિધ ક્ષેત્રો માટે જરૂરી 30 મહત્વપૂર્ણ ખનિજોની ઓળખ કરી. આ ઓળખ ભારતના 'આત્મનિર્ભર' (આત્મનિર્ભરતા) રોડમેપનો પાયાનો પથ્થર છે. જટિલ ખનિજોની વ્યાખ્યા અને મહત્વ આર્થિક વિકાસ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે નિર્ણાયક ખનિજો અનિવાર્ય સંસાધનો છે. આવશ્યક ઉદ્યોગો અને તકનીકોને શક્તિ આપવામાં તેમની ભૂમિકાને જોતાં તેમનું વ્યૂહાત્મક મહત્વ ઓછું કરી શકાય નહીં. નિષ્કર્ષમાં, ખાણ મંત્રાલય અને શક્તિ સસ્ટેનેબલ એનર્જી ફાઉન્ડેશન વચ્ચેના સમજૂતી કરાર નિર્ણાયક ખનિજ સંશોધન અને ઉપયોગમાં ભારતની ક્ષમતાઓને મજબૂત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. ક્રિટિકલ મિનરલ્સ સમિટ વૈશ્વિક ક્રિટિકલ મિનરલ્સ સપ્લાય ચેઈનમાં મુખ્ય ખેલાડી બનવાની ભારતની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

---

## RBI ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગ પ્લેટફોર્મ પર કામ કરતી સંસ્થાઓ માટે મુખ્ય નિર્દેશો જારી કરે છે

(એજન્સી) મુંબઈ | તા. 30




રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ તાજેતરમાં ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગ પ્લેટફોર્મમાં રોકાયેલા એકમોને ધ્યાનમાં રાખીને વ્યાપક મુખ્ય નિર્દેશો બહાર પાડ્યા છે, જે નાણાકીય બજારોમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. આ દિશાનિર્દેશો ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગ સિસ્ટમમાં પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવા અને સુવ્યવસ્થિત કરવા માટે કેન્દ્રીય બેંકના ચાલુ પ્રયાસોને દર્શાવે છે. વધુ સંરચિત નાણાકીય લેન્ડસ્કેપના અનુસંધાનમાં, આરબીઆઈએ ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગ પ્લેટફોર્મ્સ પર કામ કરતી સંસ્થાઓ માટે ખાસ કરીને તૈયાર કરવામાં આવેલા મુખ્ય દિશા નિર્દેશો રજૂ કર્યા છે. આ પહેલ બજારની અખંડિતતાને પ્રોત્સાહન આપવા અને વાજબી પ્રથાઓને સુનિશ્ચિત કરવાના વ્યાપક ઉદ્દેશ્ય સાથે સંરેખિત છે. આ મુખ્ય દિશાઓનું પ્રાથમિક ધ્યેય ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગ પ્રવૃત્તિઓને સંચાલિત કરતું મજબૂત નિયમનકારી માળખું સ્થાપિત કરવાનું છે. આમ કરીને, RBI વધુ પારદર્શક અને વ્યવસ્થિત માર્કેટપ્લેસને પ્રોત્સાહન આપતી વખતે આવા પ્લેટફોર્મ સાથે સંકળાયેલા સંભવિત જોખમોને રોકવાનો ધ્યેય રાખે છે. નવી માર્ગદર્શિકા હેઠળ, ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગ પ્લેટફોર્મ ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા વેપારના અમલીકરણની સુવિધા આપતી સિસ્ટમ્સને સમાવે છે. દિશાઓ ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગમાં સામેલ વિવિધ બજાર સહભાગીઓને આ નિયમોના અવકાશ અને લાગુ પડવાની રૂપરેખા આપે છે. નોંધનીય રીતે, અનુસૂચિત વ્યાપારી બેંકો અને એકલ પ્રાથમિક ડીલરોને અમુક જોગવાઈઓમાંથી મુક્તિ આપવામાં આવે છે.

---

## ટાટા કેમિકલ્સ લિમિટેડની નાણાકીય વર્ષ 2024ની કામગીરીમાંથી કુલ આવક 8 ટકા ઘટીને રૂ. 15,421 કરોડ થઇ

(એજન્સી) મુંબઈ | તા.30

ટાટા કેમિકલ્સ લિમિટેડે 31 માર્ચ, 2024ના રોજ સમાપ્ત થયેલાં ક્વાર્ટર અને સંપૂર્ણ નાણાકીય વર્ષ માટે તેના નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે. સમગ્ર વર્ષ માટે કોન્સોલિડેટેડ ધોરણે કામગીરીમાંથી આવક રૂ. 15,421 કરોડ નોંધાઈ છે, જે નાણાકીય વર્ષ 2023માં રૂ. 16,789 કરોડ હતી. ઈબીઆઈટીડીએ રૂ. 2,847 કરોડ નોંધાયો છે, જે નાણાકીય વર્ષ 2023માં રૂ. 3,822 કરોડ હતો. પીએટી (અસાધારણા ચીજો અને નોન-કંટ્રોલિંગ ઈન્ટરેસ્ટ ('એનસીઆઈ') પહેલાં) રૂ. 1,310 કરોડ નોંધાયો છે, જે નાણાકીય વર્ષ 2023માં રૂ. 2,452 કરોડ હતો. સ્વતંત્ર ધોરણે સંપૂર્ણ વર્ષ માટે આવક રૂ. 4,384 કરોડ નોંધાઈ છે, જે નાણાકીય વર્ષ 2024માં રૂ. 4,930 કરોડ હતી. પીએટી રૂ. 794 કરોડ (અસાધારણ ચીજો પહેલાં) નોંધાયો છે, જે નાણાકીય વર્ષ 2023માં રૂ. 1,027 કરોડ હતો. પરિણામો અંગે પ્રતિક્રિયા આપતાં ટાટા કેમિકલ્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ આર. મુકુંદને કહ્યું હતું કે, "ડિટર્જન્ટ અને કેમિકલ સેક્ટરની વધતી માગને પગલે ક્વાર્ટર દરમિયાન ભારતમાં સોડા એશની એકંદર માગ સ્થિર રહી છે. વર્ષ દરમિયાન મીઠાનું ઉત્પાદન અને વેચાણ સર્વોચ્ચ સ્તરે રહ્યું હતું. નબળી માગ અને માર્જીનના દબાણને કારણે યુરોપિયન સોડા એશ માર્કેટ દબાણ હેઠળ રહ્યું છે, જેના પરિણામે યુકેમાં વન-ટાઈમ નોન-કેશ ચાર્જ રૂ. 963 કરોડ રહ્યો છે. બજારના પરિબળોને કારણે ભાવમાં પ્રતિકૂળ વધઘટ વચ્ચે અગાઉના ક્વાર્ટરની તુલનામાં કંપનીનું એકંદર વેચાણ વોલ્યુમ ક્રમિકરૂપે વધ્યું છે. અમે ગ્રાહક જોડાણ અને ટકાઉ પ્રદર્શન ઉપર ધ્યાન જાળવી રાખીશું તથા વિવેકપૂર્ણ બેલેન્સ શીટ જાળવી રાખીશું." "વૈશ્વિક માગ સ્થિર છે, પરંતુ ભૂરાજકીય અસ્થિરતાઓ, ચાઈનિઝ રિયલ એસ્ટેટ માર્કેટના દબાણ, ઊંચા વ્યાજદરો અને વધુ પડતાં પુરવઠા જેવાં પરિબળોને કારણે માર્કેટ સાવચેત છે.

---

## સ્પંદનાએ FY24 માટે અત્યાર સુધીનો સૌથી વધુ ₹ 501 કરોડનો PAT નોંધાવ્યો

(એજન્સી) હૈદરાબાદ | તા.30

સ્પંદના સ્ફૂર્તિ ફાઈનાન્શિયલ લિમિટેડ (NSE: SPANDANA, BSE: 542759) ("સ્પંદના") એ આજે 31 માર્ચ, 2024 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને વર્ષ માટે તેના ઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા. સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર, શ્રી શલભ સક્સેનાએ, પરિણામની ઘોષણા કરતી વખતે જણાવ્યું, "FY24 એ 2022 માં સ્પંદનાની મેનેજમેન્ટ ટીમ દ્વારા નિર્ધારિત ત્રણ-વર્ષીય વિઝન 2025માં બીજું હતું. અમારી ગ્રાહક સંપાદનની આગેવાની હેઠળની વૃદ્ધિ વ્યૂહરચનાથી કંપનીએ FY24 માં 501 કરોડનો અત્યાર સુધીનો સર્વોચ્ચ PTA વિતરિત કરીને, GNPA અને NNPA અનુક્રમે 1.50% અને 0.30% સુધરી છે અને 41% AUM વૃદ્ધિમાં પરિણમી છે. નાણાકીય વર્ષ 24 માં 13.9 લાખના ગ્રાહક સંપાદન દ્વારા કંપનીનો સક્રિય ગ્રાહક આધાર વધીને 33 લાખથી વધુ થઈ ગયો હતો. ટીમે શાખા વિસ્તરણ, પોર્ટફોલિયોની ગુણવત્તામાં સુધારો, પ્રક્રિયાઓ અને શાસનને મજબૂત કરવા અને નવી બિઝનેસ લાઇનની શરૂઆત જેવી સંસ્થાની બહુવિધ પ્રાથમિકતાઓને સંચાલિત કરવામાં મજબૂત ક્ષમતાઓ દર્શાવી છે. જ્યારે અમે FY25માં પણ ગતિ જાળવી રાખવાનું ચાલુ રાખીશું, અમે ખાસ કરીને વિતરણની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અત્યાર સુધીની પ્રગતિ અને તમામ હિતધારકોના સમર્થનથી અમને આત્મવિશ્વાસ છે કે અમે અમારા માટે નિર્ધારિત માઈલસ્ટોન્સ સુધી પહોંચીશું."

---

## મેઇડન ફોર્જિંગ્સ લિમિટેડ: એક્સપાન્ડિંગ હોરાઇઝન્સ

(એજન્સી) નવી દિલ્હી | તા.30

મેઈડન ફોર્જિંગ લિમિટેડ, દિલ્હી NCR સ્થિત, સ્થાનિક અને વૈશ્વિક સ્તરે તેની બજાર હાજરીને વિસ્તારવા માટે મહત્વાકાંક્ષી પ્રવાસ શરૂ કર્યો છે. એક વર્ષ પહેલાં BSE SME પ્લેટફોર્મ પર લિસ્ટિંગ થયું ત્યારથી, મેઈડન ફોર્જિંગ્સ B2G (બિઝનેસ-ટુ-ગવર્નમેન્ટ), B2C (બિઝનેસ-ટુ-કન્ઝ્યુમર) અને આંતરરાષ્ટ્રીય બજારોમાં સક્રિયપણે નવા રસ્તાઓ શોધી રહી છે. કોલકાતામાં ઓર્ડિનન્સ ફેક્ટરી બોર્ડ (OFB) સાથે સપ્લાયર તરીકે નોંધણી કરાવવાની તાજેતરની સિદ્ધિ મેઈડન ફોર્જિંગ માટે નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. 4 એપ્રિલ, 2024ના રોજ મેળવેલ સેન્ટ્રલ વેન્ડર રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ, કંપનીને OFB ટેન્ડરમાં ભાગ લેવાનું સશક્ત બનાવે છે, જે સંરક્ષણ ક્ષેત્રમાં નોંધપાત્ર તકો માટે દરવાજા ખોલે છે. આ નોંધણી માત્ર મેઈડન ફોર્જિંગને OFB ટેન્ડર્સમાં વિશ્વસનીય દાવેદાર તરીકે સ્થાન નથી આપતી પરંતુ સમગ્ર ભારતમાં અન્ય OFB સાથે સંભવિત સહયોગ માટેનો માર્ગ પણ મોકળો કરે છે. OFB સાથે નોંધણી સુરક્ષિત કરીને, મેઈડન ફોર્જિંગ્સ સ્પર્ધાત્મક ટેન્ડરિંગ પ્રક્રિયામાં પ્રવેશ મેળવે છે, B2B માર્કેટ સેગમેન્ટમાં તેની દૃશ્યતા અને વિશ્વસનીયતામાં વધારો કરે છે. સફળ સહભાગિતા અને ટેન્ડરની આવશ્યકતાઓની પરિપૂર્ણતા ભવિષ્યની પ્રાપ્તિ પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરીને, વિવિધ OFB સ્થાનો પર પ્રમાણિત સપ્લાયરની સૂચિમાં આપમેળે સમાવેશ તરફ દોરી શકે છે. મેઈડન ફોર્જિંગ્સે તાજેતરમાં જર્મનીના ડસેલડોર્ફમાં પ્રતિષ્ઠિત વાયર એન્ડ ટ્યુબ ફેરમાં તેની ક્ષમતાઓનું પ્રદર્શન કર્યું. આ આંતરરાષ્ટ્રીય પ્રદર્શને મુખ્ય હિતધારકો સાથે જોડાવા અને વૈશ્વિક સ્તરે વ્યવસાયની તકો શોધવા માટે મેઈડન ફોર્જિંગ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. મેળામાં મળેલો સકારાત્મક પ્રતિસાદ અને ફળદાયી બેઠકો વૈશ્વિક સ્ટીલ ઉદ્યોગમાં મેઈડન ફોર્જિંગના વધતા જતા પદચિહ્નને પ્રતિબિંબિત કરે છે.

સ્ટેનલેસ સ્ટીલ, એલોય સ્ટીલ અને કાર્બન સ્ટીલ્સનો સમાવેશ કરતા વૈવિધ્યસભર પ્રોડક્ટ પોર્ટફોલિયો સાથે, મેઈડન ફોર્જિંગ એન્જિનિયરિંગ, ઓટોમોટિવ, બાંધકામ, સંરક્ષણ અને હોમ એપ્લાયન્સીસ સહિતના ઉદ્યોગોની વિશાળ શ્રેણીને પૂરી કરે છે.

---

## નેપાળમાં સીધા વિદેશી રોકાણમાં ભારતનું વર્ચસ્વ

(એજન્સી) મુંબઈ | તા.30

તાજેતરના વર્ષોમાં, નેપાળ વિવિધ દેશોમાંથી સીધા વિદેશી રોકાણ (FDI) માટે એક આશાસ્પદ સ્થળ તરીકે ઉભરી આવ્યું છે, જેમાં ભારત નેપાળના આર્થિક વિકાસમાં સૌથી વધુ યોગદાન આપનાર તરીકે અગ્રણી છે. ભારત અને નેપાળ વચ્ચેના સંબંધોએ રોકાણના મજબૂત પ્રવાહને પ્રોત્સાહન આપ્યું છે, મુખ્ય ક્ષેત્રો અને પહેલોને આગળ ધપાવી છે. નેપાળ રાષ્ટ્ર બેંકના તાજેતરના ડેટા નેપાળમાં એફડીઆઈ વલણોનું આબેહૂબ ચિત્ર દોરે છે. જુલાઈ 2022ના મધ્ય સુધીમાં, નેપાળે 57 વિવિધ રાષ્ટ્રોમાંથી રોકાણ આકર્ષ્યું છે, જેમાં NPR 88.59 બિલિયનના મૂલ્યના FDI સ્ટોક સાથે ભારત ટોચ પર છે. ભારત પછી ચીન (NPR 33.34 બિલિયન), આયર્લેન્ડ (NPR 20.9 બિલિયન), સિંગાપોર (NPR 16.1 બિલિયન), અને સેન્ટ કિટ્સ એન્ડ નેવિસ (NPR 15.1 બિલિયન) છે. પરંતુ વેપાર પ્રવૃત્તિઓમાં એફડીઆઈને પ્રતિબંધિત કરે છે. વીજળી, ઉત્પાદન, નાણાકીય સેવાઓ, હોસ્પિટાલિટી, ટેલિકોમ્યુનિકેશન, શિક્ષણ, આરોગ્યસંભાળ, બાંધકામ, કૃષિ, ખાણકામ અને વધુ ક્ષેત્રો રોકાણ માટે ખુલ્લા છે.

---

## ઈન્ડિજિન લિમિટેડનો આઈપીઓ 6 મે 2024ના રોજ ખૂલશે




(એજન્સી) અમદાવાદ | તા. 30

ઈન્ડિજિન લિમિટેડ ("કંપની") સોમવાર, 06 મે, 2024ના રોજ તેનો આઈપીઓ ("ઓફર") ખોલવાની દરખાસ્ત કરે છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ બુધવાર, 08 મે, 2024 છે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે શુક્રવાર, 03 મે, 2024 છે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. 430થી ઈક્વિટી શેરદીઠ રૂ. 452 નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ 33 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 33 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે. ઓફરમાં રૂ. 7,600 મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") તથા 23,932,732 સુધીના ઈક્વિટી શેર્સના વેચાણની ઓફર ("ઓફર્ડ શેર્સ") જેમાં મનિષ ગુપ્તા દ્વારા 1,118,596 સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ, ડો. રાજેશ ભાસ્કરન નાયર દ્વારા 3,233,818 સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ, અનિતા નાયર દ્વારા 1,151,454 સુધીના એટલા મૂલ્યના મિલિયનના ઈક્વિટી શેર્સ (સંયુક્તપણે મનિષ ગુપ્તા અને ડો. રાજેશ ભાસ્કરન નાયર "ઈન્ડિવિઝ્યુઅલ સેલિંગ શેરહોલ્ડર્સ"), ગ્રુપ લાઈફ સ્પ્રિંગના પાર્ટનર તરીકે તેની ક્ષમતામાં વિદા ટ્રસ્ટીઝ પ્રાઈવેટ લિમિટેડ (ફિગ ટ્રી ટ્રસ્ટના ટ્રસ્ટી) દ્વારા 3,600,000 સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ, બીપીસી જેનેસિસ ફંડ 1 એસપીવી લિમિટેડ દ્વારા 2,657,687 સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ, બીપીસી જેનેસિસ ફંડ 1-એ એસપીવી લિમિટેડ દ્વારા 1,378,527 સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ અને સીએ ડૉન દ્વારા 10,792,650 સુધીના મૂલ્યના એટલા મિલિયનના ઈક્વિટી શેર્સ (સંયુક્તપણે વિદા ટ્રસ્ટીઝ પ્રાઈવેટ લિમિટેડ, બીપીસી જેનેસિસ ફંડ 1 એસપીવી લિમિટેડ અને બીપીસી જેનેસિસ ફંડ 1-એ એસપીવી લિમિટેડ "ઈન્વેસ્ટર્સ સેલિંગ શેરહોલ્ડર્સ" અને ઈન્ડિવિઝ્યુઅલ સેલિંગ શેરહોલ્ડર્સની સાથે મળીને "સેલિંગ શેરહોલ્ડર્સ" અને આવા ઈક્વિટી શેર્સ "ઓફર્ડ શેર્સ")નો સમાવેશ થાય છે. ઓફરમાં લાયક ઠરેલા કર્મચારીઓના સબ્સ્ક્રીપ્સન માટે ("એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન") રૂ. 125 મિલિયન સુધીના મૂલ્યના એટલી જ સંખ્યા સુધીના ઈક્વિટી શેર્સને અનામત રાખવાનો સમાવેશ થાય છે. ઓફરમાં એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શનને બાદ કરતાં જે વધે તેને અહીં નેટ ઓફર ગણવામાં આવશે. એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શનમાં બિડીંગ કરતા લાયક કર્મચારીઓ માટે ઈક્વિટી શેરદીઠ રૂ. 30નું ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવે છે.

---

**વિકાસમાં આશરે 60% યોગદાન આપે છે** | **ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ જેવા દેશોમાં ફુગાવાનો દર લક્ષ્યાંક કરતાં વધુ છે**

# એશિયા-પેસિફિકમાં વૃદ્ધિ 2024માં ધીમી રહેવાની અપેક્ષા: IMF

(એજન્સી) મુંબઈ | તા. 30

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) એ તાજેતરમાં એશિયા અને પેસિફિક માટેનું પ્રાદેશિક આર્થિક આઉટલુક બહાર પાડ્યું હતું, જે સમગ્ર પ્રદેશમાં આર્થિક વૃદ્ધિમાં મધ્યસ્થતાનો અંદાજ આપે છે. અગાઉના અંદાજો કરતાં વધી ગયા હોવા છતાં, એશિયા-પેસિફિકમાં વૃદ્ધિ 2023 માં 5% થી ઘટીને 2024 માં લગભગ 4.5% થવાની ધારણા છે. આ આગાહી વૈશ્વિક આર્થિક પ્રગતિને ચલાવવામાં ક્ષેત્રની નિર્ણાયક ભૂમિકાને રેખાંકિત કરે છે, જે વિશ્વવ્યાપી વિકાસમાં આશરે 60% યોગદાન આપે છે. એશિયા-પેસિફિક (એપીએસી) પ્રદેશ, જે પૂર્વ એશિયા, દક્ષિણ એશિયા અને ઓશનિયાને સમાવે છે, તે ઝડપી ડિસફ્લેશનની સાથે મજબૂત આર્થિક વિસ્તરણ દ્વારા વર્ગીકૃત થયેલ છે. સિંગાપોરમાં IMFના એશિયા અને



પેસિફિક વિભાગના ડિરેક્ટર કૃષ્ણા શ્રીનિવાસનના જણાવ્યા અનુસાર, સમગ્ર પ્રદેશમાં વૃદ્ધિના ડ્રાઈવરો નોંધપાત્ર રીતે બદલાય છે. આ ASEAN દેશોમાં સ્થિતિસ્થાપક સ્થાનિક વપરાશથી લઈને ચીન અને ભારતમાં નોંધપાત્ર જાહેર રોકાણો, પેસિફિક ટાપુના દેશોમાં પ્રવાસનમાં નોંધપાત્ર ઉછાળો સાથેનો સમાવેશ થાય છે. APAC માં આર્થિક લેન્ડસ્કેપ વિવિધ વૃદ્ધિ ગતિશીલતાને પ્રતિબિંબિત કરે છે. જ્યારે ચોક્કસ ASEAN રાષ્ટ્રો મજબૂત ગ્રાહક ખર્ચથી લાભ મેળવે છે, ત્યારે ચીન અને ભારત તેમના નોંધપાત્ર માળખાકીય રોકાણોને કારણે વૃદ્ધિને આગળ ધપાવે છે. દરમિયાન, પેસિફિક ટાપુના દેશો તેમની અર્થવ્યવસ્થાને વેગ આપીને પર્યટનમાં વધારો અનુભવી રહ્યા છે.

સમગ્ર પ્રદેશમાં, ડિસફ્લેશન - ઘટતા ફુગાવાના દર દ્વારા ચિહ્નિત - એક પ્રચલિત ઘટના છે. ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ જેવા દેશોમાં ફુગાવાનો દર લક્ષ્યાંક કરતાં વધુ છે, જ્યારે અન્ય જાપાન અને ઊભરતાં બજારો સ્થિર દર જાળવી રાખે છે. તેનાથી વિપરીત, ચીન અને થાઈલેન્ડ ડિફ્લેશનરી જોખમોનો સામનો કરે છે, જે નીતિ નિર્માતાઓ માટે અનન્ય પડકારો ઉભા કરે છે. દક્ષિણપૂર્વ એશિયામાં, ઘરેલું વપરાશ આર્થિક સ્થિતિસ્થાપકતાનો મુખ્ય ડ્રાઈવર છે. ASEAN રાષ્ટ્રોને મજબૂત ગ્રાહક વિશ્વાસ અને ખર્ચની પેટર્નથી ફાયદો થાય છે, જે બાહ્ય અનિશ્ચિતતાઓ વચ્ચે સતત વૃદ્ધિમાં ફાળો આપે છે. સાર્વજનિક રોકાણ પર ચીનનો ભાર પ્રાદેશિક આર્થિક પ્રવૃત્તિઓને ટેકો આપવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. પ્રોપર્ટી માર્કેટ જેવા અમુક ક્ષેત્રોમાં પડકારો હોવા છતાં, ચીનનું ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ રોકાણ સ્થાનિક અને પડોશી અર્થતંત્રો બંનેમાં વૃદ્ધિને વેગ આપે છે. ભારતની અર્થવ્યવસ્થા નોંધપાત્ર જાહેર અને ખાનગી રોકાણો દ્વારા ઉત્સાહિત છે. IMF એ ગ્રોથ એન્જિન તરીકે ભારતની ભૂમિકાને હાઈલાઈટ કરે છે, જેમાં મજબૂત સરકારી ખર્ચ અને પહેલો આર્થિક વિસ્તરણને આગળ ધપાવે છે, ખાસ કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્નોલોજી જેવા મહત્ત્વના ક્ષેત્રોમાં. પેસિફિક આઈલેન્ડ રાષ્ટ્રો પર્યટનમાં ઉછાળો જોઈ રહ્યા છે, જે તેમના આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યું છે.

---

## ફેડએક્સે ભારતમાં ટકાઉક્ષમ વિકાસ આગળ વધારવા અક્ષય પાત્ર ફાઉન્ડેશન સાથે સહયોગ કર્યો

(એજન્સી) મુંબઈ | તા. 30

લોજિસ્ટિક્સ અને ડિલિવરી સર્વિસમાં વૈશ્વિક ક્ષેત્રની અગ્રણી કંપની ફેડએક્સ ભારતમાં સ્કૂલના બાળકોને પોષણક્ષમ આહાર પૂરો પાડવા માટે સમર્પિત કાર્યક્રમ PM પોષણના અમલીકરણ અક્ષય પાત્ર ફાઉન્ડેશન સાથે તેમનો સહયોગ ચાલુ રાખવાની જાહેરાત કરતાં ગર્વ અનુભવે છે. આ સહયોગ થકી, ફેડએક્સ સમુદાયો અને પર્યાવરણ ઉપર સકારાત્મક પ્રભાવ ઊભો કરવાના ઈરાદા સાથે સામાજિક જવાબદારી અને ટકાઉક્ષમ વિકાસ પ્રત્યે પોતાની કટિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે. ફેડએક્સે અક્ષય પાત્ર ફાઉન્ડેશનને પનવેલ, દિલ્હી અને નરસિંગીમાં સાત ઈલેક્ટ્રિક વિહિકલ્સનું દાન આપ્યું છે. ઈંધણ-આધારિત વાહનોના બદલે ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ ખોરાક વિતરણ પ્રક્રિયાની કાર્યક્ષમતામાં વધારો કરીને કાર્બન ફૂટપ્રિન્ટમાં




ઘટાડો કરવાની સાથે સાથે બાળકોને આહાર પૂરો પાડવાના અને તેમને સશક્ત બનાવવાના મુખ્ય ધ્યેય તરફ વધુ સંશાધનો ફાળવીને ફાઉન્ડેશનને સુવિધા પૂરી પાડશે. વધુમાં, ફેડએક્સ 5,50,000 બાળકો માટે મધ્યાહન ભોજન માટે સહાયતા કરે છે. ફેડએક્સ અને અક્ષય પાત્ર ફાઉન્ડેશને સાથે મળીને મધ્યાહન ભોજનના વિતરણ માટે અને વહીવટી હેતુઓની સહાયતા માટે ખાસ કરીને મધ્યાહન ભોજન કાર્યક્રમ સંબંધી સહાયતા પ્રયાસો માટે ઈલેક્ટ્રિક વિહિકલ્સ (EV) રજૂ કર્યા છે. 2022માં, ફેડએક્સે પનવેલમાં સોલર પેનલ સ્થાપિત કરવા, બેલ્લામાં ઈલેક્ટ્રિક બાઈકના વિતરણ અને દિલ્હી, મુંબઈ તથા બેંગાલુરુમાં સ્કૂલના બાળકોને 1,37,602 મધ્યાહન ભોજન પૂરા પાડવા સહિત વિવિધ ટકાઉ પ્રોજેક્ટની સહાયતા માટે અક્ષય પાત્ર ફાઉન્ડેશન સાથે સહયોગ કર્યો હતો.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, ચૈત્ર વદ-08

# ભેળસેળ પર સવાલ

એનું આશ્ચર્ય નહીં કે હોંગકોંગ અને સિંગાપોરમાં ભારતની બે કંપનીઓના મસાલામાં કથિત રીતે કેન્સરકારક તત્ત્વો મળી આવવા અને તેના પર પ્રતિબંધ લગાવ્યા બાદ અમેરિકા પણ આ કંપનીઓના મસાલાની તપાસમાં જોડાઈ ગયું છે. આવનાર દિવસોમાં એવા સમાચારો અન્ય દેશોમાંથી પણ આવી શકે છે. અંદેશો એનો પણ છે કે મસાલાની સાથે ભારતીય કંપનીઓના અન્ય ઉત્પાદનોની ગુણવત્તાને લઈને પણ સવાલ ઉઠી શકે છે. જેમ જેમ ભારતીય ઉત્પાદનોની નિકાસ વધશે, તેમ તેમ તેમણે આવી પરેશાનીઓનો સામનો કરવો પડી શકે છે. હાલમાં એ કહેવું મુશ્કેલ છે કે હોંગકોંગ અને સિંગાપોર દ્વારા એમડીએચ અને એવરેસ્ટના મસાલાને લઈને જે ફરિયાદ કરવામાં આવી, તે કેટલી સાચી છે, પરંતુ એ યોગ્ય રહેશે કે એ તમામ ભારતીય કંપનીઓ સચેત થઈ જાય, જે પોતાનાં ઉત્પાદનોની નિકાસ કરે છે. તેમની ગુણવત્તાની ગહન પરખ થવાની સાથે સાથે પ્રતિસ્પર્ધા અથવા ઈર્ષ્યાવશ પણ તેમને કઠેરામાં ઊભી કરી શકાય છે. એનાથી સંતુષ્ટ ન થવાય કે હોંગકોંગ અને સિંગાપોર દ્વારા પગલાં ભર્યા બાદ ભારતીય મસાલા બોર્ડ સાથે ભારત સરકાર પણ સક્રિય થઈ, કારણ કે એ તો પહેલેથી જ સુનિશ્ચિત કરવું જોઈતું હતું કે જે મસાલા નિકાસ થઈ રહ્યા છે, તેમની ગુણવત્તા યોગ્ય છે કે નહીં? એ માનવાનાં ઘણાં કારણો છે કે એફએસએસએઆઈ એટલે કે ભારતીય ખાદ્ય સુરક્ષા માપદંડ પ્રાધિકરણ પોતાનું કામ યોગ્ય રીતે નથી કરી રહ્યું. એ હાલમાં ત્યારે ઈંગિત થયું હતું, જ્યારે બહુરાષ્ટ્રીય કંપની નેસ્લેના ઉત્પાદન સેરેલેક વિશે જાણવા મળ્યું હતું કે તેમાં ખાંડની માત્રા ક્યાંય વધારે છે. શું એ વિચિત્ર નથી કે એફએસએસએઆઈ દ્વારા હવે એમ કહેવાઈ રહ્યું છે કે આખા દેશમાં મસાલાની ગુણવત્તાની તપાસ કરવામાં આવશે? આખરે આ કામ પહેલાં જ સમય રહેતાં કેમ ન કરવામાં આવ્યું? યોગ્ય એ રહેશે કે આ તપાસ મસાલા સુધી જ સીમિત ન રહે, કારણ કે દેશમાં વેચાતા કેટલાય ખાદ્ય અને પેય પદાર્થો એવા છે, જેમની ગુણવત્તાને લઈને શંકા થતી રહે છે અને ફરિયાદો પણ આવતી રહે છે. ખાદ્ય અને પેય પદાર્થોની ગુણવત્તા સાથે જાણીજોઈને સમજૂતી કરવાની સાથે તેમાં અખાદ્ય અને હાનિકારક સામગ્રીની ભેળસેળ બહુ સામાન્ય છે. તેનું મોટં કારણ તેની ગુણવત્તાની તપાસ યોગ્ય રીતે નહીં થવાનું છે. આ સમસ્યા દવાઓ મામલે પણ જોવા મળી છે. દવાઓનાં સેમ્પલ માત્ર તપાસમાં ફેલ જ નથી થતાં, પરંતુ સરકારી હોસ્પિટલો સુધીમાં ઉતરતા દરજ્જાની અને ક્યારેક તો નકલી દવાઓ ખપાવવાના સમાચાર આવતા રહે છે. તેની પણ અવગણના ન કરી શકાય કે કેટલાક સમય પહેલાં ભારતથી નિકાસ થનારી ખાંસીની દવાઓમાં વિષાક્ત પદાર્થની ભેળસેળના કિસ્સા સામે આવ્યા હતા. એવા મામલે ભારતની શાખને કમજોર કરવાની સાથે જ દેશના ફાર્મા ઉદ્યોગને પણ ક્ષતિ પહોંચાડે છે.

## નવાપરા ગામની મહિલાઓએ એક દિવસ ઉપવાસ કરી રૂપાલા સામે વિરોધ નોંધાવ્યો



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના ગામે ગામ પુરુષોત્તમ રૂપાલા ના નિવેદન ને લઈ વિરોધના સુર ઉઠ્યા છે જેમાં રાજપૂત સમાજ ખરેખર અકળાઈ ઉઠ્યો છે છતાં આટલા વિરૂદ્ધ બાદ પણ બીજેપી સરકાર કોઈજ નક્કર પગલાં નહિ લેતા હાલ આ વિરૂદ્ધ વધી રહ્યો છે.

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના નવાપરા ગામમાં બે દિવસ પહેલાં રાજપૂત સમાજના આગેવાનો ની રાત્રી મિટિંગ મળી હતી જેમાં ગોપાલપુરા ગામના અગ્રણીઓ પણ જોડાયા હતા અને રૂપાલા ના વિરોધ માં બીજેપી ને મત નહિ આપવા નક્કી થયું હતું. જ્યારે આજરોજ નવાપરા ગામના ૧૦૦ થી વધુ રાજપૂતાણી મહિલાઓ ગામના મહાદેવ મંદિરે ભેગા થઈ રૂપાલા ના વિરોધ માં એક દિવસનો ઉપવાસ કરી મંદિરે ભજન કરી વિરોધ નોંધાવ્યો હતો

આમ રાજપૂત સમાજ દરરોજ અલગ અલગ કાર્યક્રમો આપી રૂપાલા ને હટાવવા માંગ કરી રહ્યું છે ત્યારે જો રાજપૂત સમાજની આ માંગ નહિ સ્વીકારાય તો લોકસભા ની ચટણી માં અસર જરૂર પડશે તેમ લાગી રહ્યું છે.

## નર્મદા પરિક્રમા ચાલુ કરવા સાધુ સંતો અને સ્થાનિકોએ કલેકટરને રજૂઆત કરી




ભરત શાહ | રાજપીપળા

નર્મદા ડેમમાંથી ગતરોજ રાત્રે ૩૦ હજાર ક્યુસેક જેવું પાણી છોડવામાં આવતા નર્મદા પરિક્રમા સ્થગિત કરવામાં આવી છે. ત્યારે કેટલાક શ્રદ્ધાળુઓ નર્મદા પરિક્રમા કરવા આવી પહોંચેલા ને પરિક્રમા કરવા દેવામાં આવી નથી તેને લઈને ફરી નર્મદા પરિક્રમા શરૂ કરવામાં આવે તે માટે સાધુ સંતો અને સ્થાનિકો એ નર્મદા જિલ્લા કલેકટરને રજૂઆત કરી હતી. જગતગુરુ માધવ પીઠાધીશ દંડી સ્વામી અને સ્વામી શિવાનંદ સરસ્વતી સહિત ના સાધુ સંતો અને સ્થાનિક રહીશો પરિક્રમા શરૂ થાય તેવી રજૂઆત લઈને કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા. પરિક્રમા શરૂ થાય તેવી જિલ્લા કલેકટરને રજૂઆત કરતા જિલ્લા કલેકટર દ્વારા હકારાત્મક જવાબ મળતા હવે ફરી પરિક્રમા શરૂ થાય તેવી આશા બંધાઈ છે.

## ગંભીરપુરા ગામે વરરાજા લગ્ન કર્યા વિના પરત ફર્યા

■ લગ્નમાં જાન મોડી આવવા બાબતે મારામારી થઇ હતી

■ જાન કેમ મોડી આવી તેમ કહેતા માથાકૂટ થઇ

■ ઢીકા પાટુનો માર મારતાં વરરાજા સહિત ત્રણ સામે ફરિયાદ

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના ગંભીરપુરા ગામે ફરીયાદી યુવરાજભાઈ શૈલેશભાઇ તડવી, રહે.ગંભીરપુરા તા. તિલકવાડાના મામા શૈલેષભાઇ ભગાભાઇ તડવી ની દિકરી શિતલબેન ના લગ્ન પ્રસંગ હોય અને જાન સાંઢીયા નવી વસાહત ગામેથી સવારમાં આશરે સાડા ચારેક વાગ્યાના અરસામાં આવી ત્યારે યુવરાજભાઈ તથા તેનો મિત્ર પરેશભાઇ ગીરીશભાઇ તડવી નાઓ પરેશભાઇ ગીરીશભાઇ તડવી ના ઘરે જાનને ઉતારો આપવા માટે ગયા હતા તે વખતે ત્યાં જાન આવતા જાન કેમ મોડી આવી છે. તેમ પુછતા જતીનભાઇ પ્રકાશભાઇ તડવી રહે. સાંઢીયા નવી વસાહત તા.ગરુડેશ્વર જી.નર્મદા નાઓ એ યુવરાજ ભાઈ સાથે બોલાચાલી કરી ઝઘડો કરેલ તેનુ ઉપરાણુ લઇ જયેશભાઇ તુલસીભાઇ તડવી તથા વરરાજા વિપેશભાઇ તુલસીભાઇ તડવી બંન્ને રહે.સાંઢીયા નવી વસાહત તા.ગરુડેશ્વર જી.નર્મદા નાઓ આવી યુવરાજ ભાઈ સાથે ગમેતેમ ગાળો બોલી ઝપાઝપી કરી ઝઘડો કરવા લાગેલ હતા અને પરેશભાઇ ગીરીશભાઇ તડવી ને આ ત્રણે જણા ઢીકા પાટુનો માર મારતા તે વખતે યુવરાજ ને પણ ઝપાઝપીમાં ધક્કો વાગતા નજીકમાં ઉભેલ પીકઅપ ગાડી સાથે અથડાતા માથાના ભાગે સામાન્ય ઈજા થયેલ છે અને તે પછી ગંભીરપુરા ગામના મહેશભાઇ જેસિંગભાઇ તડવી તથા રસીકભાઇ જેસિંગભાઇ તડવી યુવરાજ ને છોડાવવા આવતા આ ત્રણે જણાએ માર મારવાની ધમકી આપી લગ્ન કર્યા વગર ત્યાંથી પરત જતા રહ્યા હતા. તિલકવાડા પોલીસે વરરાજા સહિત ત્રણ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## પરોડી ચેક-પોસ્ટથી પોલીસે અંગ્રેજી દારૂની હેરાફેરી કરનાર યુવાનને પકડ્યો

ભરત શાહ | રાજપીપળા



નર્મદા જિલ્લામાં અંગ્રેજી દારૂની હેરાફેરી મોટાપાયે થઈ રહી છે જેમાં પોલીસ પણ કડક વલણ અપનાવી આવા તત્વો ને ઝબ્બે કરે છે ત્યારે હાલમાં સાગબારા પોલીસે બાઈક ઉપર દારૂ લઈને જતા એક યુવાનને દારૂની બોટલો સાથે ઝડપી પાડયો હતો.

મળતી માહિતી અનુસાર સાગબારા પોલીસ પ્રોહી.ચેકીંગ માં હતી તે દરમિયાન પરોડી ચેક-પોસ્ટ પાસેથી મિલન મધુભાઇ બામરોલીયા ઉ.વ.૩૨ હાલ રહે.ચીકદા પટેલ ફળીયુ, તા.દેડીયાપાડા, જી.નર્મદા મુળ રહે. ચણાકા, તા.ભેસાણ, જી.જુનાગઢ ને ગે.કા. રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂ વ્હીસ્કી 750 ML નંગ-૧૧ કિ.રૂા.૫૫૦૦/-નો પ્રોહી મુદ્દામાલ પોતાના કબ્જાની ડ્રીમ યોગા મો.સા.નંબર GJ-06-HF-0319 ની કિં.રૂા. ૨૫,૦૦૦/-ની ઉપર બેસી પોતાના ખભા ઉપર કોલજ બેગમાં રાખી હેરાફેરી કરતા પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરી છે.

## રણાસણ ગામે શ્રી શક્ટઅંબિકા માતાજીનું હવન



નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે આવેલ બ્રાહ્મણ વાસ ની અંદર આચાર્ય પરિવાર દ્વારા તેમના કુળદેવી શ્રી શક્ટઅંબિકા માતાજી ના હવનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં પરિવાર સહિત ધર્મપ્રેમી લોકો હાજર રહી દર્શનનો લ્હાવો લીધો હતો.

ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે ગતરોજ સોમવારે આચાર્ય ભાવેશભાઈ ના સુપુત્રો હીત તથા ઓમ ની યજ્ઞોપવિત સંસ્કાર કરવામાં આવ્યા હતા ત્યારે બીજા દિવસે વહેલી સવારે તેમના નિવાસસ્થાને તેઓના કુળદેવી શ્રી શક્ટાઅંબિકા નો યજ્ઞ શાસ્ત્રી જયંતિ ભાઇ આચાર્ય ના શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે યોજાયો હતો જેમાં યજમાન પદે ભાવેશભાઈ તથા તેમના ધર્મપત્ની જીજ્ઞાબેન આચાર્ય રહ્યા હતા.

## રાજપીપળા એસટી ડેપોના ડ્રાઈવરને માનસિક ત્રાસ અપાતો હોવાનો આક્ષેપ

ભરત શાહ | રાજપીપળા



જિલ્લાના વડા મથક રાજપીપળા એસટી ડેપો માં ઘણા ડેપો મેનેજર બદલાઈ ગયા પરંતુ જિલ્લાના આ મોટા ડેપો નું હજુ સુધી યોગ્ય સંચાલન થતું નથી અને વારંવાર બૂમો સંભળાઈ છે છતાં ભરૂચ બેઠેલા ઉપરી અધિકારીઓ કેમ આ ડેપો ના સંચાલન મુદ્દે ધ્યાન આપતા નથી..?

રાજપીપળા એસટી ડેપો માં કેટલાક કર્મચારીઓ દ્વારા પણ વ્હાલા દવલા ની નીતિ વપરાતી હોય તેમ જાણે પોતાના કોઈ અંગત ફાયદા માટે અમુક સ્ટાફ ને મનગમતા રૂટ આપવામાં આવે છે જ્યારે અમુક ને ગમેતેમ રૂટ આપી પોતાની મનમાની કરાઈ છે સાથે સાથે લગભગ ૧૫ વર્ષથી રાજપીપળા થી નાશિક ના રૂટ ઉપર ફરતા ડ્રાઈવર એસ. આર.તડવી એ એકપણ અકસ્માત કે અન્ય કોઈ માથાકૂટ વિના નાશિક રૂટ પર સતત ફરજ બજાવી છતાં અચાનક જ તેને નાશિક રૂટ ઉપરથી ઉતારી લુણાવાડા રૂટ ઉપર મોકલી આપવામાં આવ્યા અને એમાં પણ માનસિક ત્રાસ આપતા હોય તેમ તમામ એક્સપ્રેસ રૂટ ઉપર નવી બસો આપવામાં આવી છે પરંતુ લુણાવાડા રૂટ ઉપર પાંચ લાખ થી વધુ કિલોમીટર ફરેલી કંડમ બસ આપી ડેપો ના સતાધીશો માનસિક ત્રાસ આપતા હોવાનું ડ્રાઈવર એસ. આર.તડવી એ જણાવ્યું હતું.

હવે આવી ખખડધજ બસ આપી લુણાવાડા રૂટ ઉપર ફરતા ડ્રાઈવર અને કન્ડક્ટર ને હેરાન કરવાનો એક પ્રયાસ થઈ રહ્યો હોવાનો પણ આક્ષેપ એસ.આર.તડવી એ કર્યો છે.એવામાં રસ્તા માં કોઈ દુર્ઘટના બને તો જવાબદાર કોણ..? તેવા સવાલ હાલ ઉઠ્યા છે.

**એક લિટરે 6 કિલોમીટર ની એવરેજ લાવવા દબાણ** : એસ.આર.તડવી એ જણાવ્યું કે ડેપો મેનેજર હવે પોતાના કાયદા બનાવી જણાવે છે કે એક લીટર ડીઝલ માં છ કિલોમીટર બસ ચાલવી જોઈએ નહીતો દંડનીય કાર્યવાહી થશે અને કેટલાક ડ્રાઈવર પાસે આ માટે દંડ પણ વસૂલ કર્યો છે.અહી સવાલ એ થાય છે કે પાંચ લાખ કરતાં વધુ કિલોમીટર ફરેલી એસટી બસો કે જે કંડમ માં ગણાય તેમાં એવરેજ ના આવે એ સ્વાભાવિક છે અને નવી આવેલી બસો માં પણ છ ની એવરેજ કોઈપણ સંજોગો માં આવે એમ નથી છતાં ખોટા કાયદા બનાવી પોતાની વાહવાહી મેળવવા ડેપો મેનેજર ડ્રાઈવરો ને હેરાન કરી હજારો રૂપિયાનો દંડ ફટકારી માનસિક ત્રાસ આપે છે.

## મહીસાગર જિલ્લામાં મતદાન જાગૃતિ માટે મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા.



સમગ્ર દેશમાં લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ યોજાઈ રહી છે તો સાથે સાથે લીગ ક્રિકેટ ટુર્નામેન્ટનો ઉત્સાહ પણ છવાયેલો જોવા મળી રહ્યો છે ત્યારે જેમ ક્રિકેટમાં પ્રત્યેક રન અને વિકેટ કિંમતી છે તેમ લોકશાહીના પર્વ ચુંટણીમાં પ્રત્યેક મત કિંમતી છે માટે સ્વસ્થ લોકશાહી માટે મહત્તમ મતદાનના સંદેશ સાથે મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કલેકટર શ્રીમતી નેહાકુમારીની કેપ્ટનશીપમાં મતદાન જાગૃતિ માટે મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન સ્ટાફ ક્વાટર્સ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટના પ્રારંભે મતદાર જાગૃતિ પ્રતિજ્ઞાનું વાંચન કરાયું હતું. આ મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં જિલ્લા કલેકટર શ્રીમતી નેહાકુમારીની કલેકટર કચેરીની મહિલા ટીમ સામે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી ચંદ્રિકાબેન ભાભોરની ટીમ વચ્ચે મેચ યોજાઈ હતી જેમાં કલેકટર ટીમનો વિજય થયો હતો. જિલ્લા તંત્રના અધિકારીઓ કર્મચારી અને પરિવારજનોની ઉપસ્થિતિમાં વિજેતા ટીમ, રનર્સ અપ ટીમ અને વિમેન ઓફ ધી મેચને જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી એલ પટેલ, અધિક નિવાસી કલેકટરશ્રી સી વી લટાએ ટ્રોફી આપી સન્માનિત કરી અભિનંદન પાઠવ્યા હતા.આ ટુર્નામેન્ટમાં જિલ્લા તંત્રના મહિલા અધિકારીઓ, કર્મચારીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ટુર્નામેન્ટની પૂર્ણતાએ જિલ્લા કલેકટરશ્રીએ સહયોગીઓને અભિનંદન પાઠવતા મતદાતાઓને પ્રત્યેક મતની કિંમત સમજાવી મતદાર જાગૃતિનો સંદેશ પ્રસરાવવા સૌના યોગદાનની અપીલ કરી હતી.

## લોકસભા ચૂંટણી પૂર્વે નર્મદા SOG એ સેલંબા બસ સ્ટેન્ડ પાસેથી દેશી પિસ્ટલ સાથે એક ને દબોચી લીધો

ભરત શાહ | રાજપીપળા



આગમી દિવસોમાં લોકસભાની ચૂંટણી થનાર છે ત્યારે નર્મદા પોલીસ પણ આ માટે સતર્ક રહી કામગીરી કરી રહી હોય જેના ભાગરૂપે નર્મદા SOG ટીમે સાગબારા તાલુકાના સેલંબા ગામના બસ સ્ટેન્ડ પાસેથી એક ઈસમ ને દેશી પિસ્ટલ સાથે ઝડપી પાડયો હતો

મળતી માહિતી અનુસાર નર્મદા SOG પીઆઈ વાય. એસ.શીરસાઠ ના માર્ગદર્શન હેઠળ SOG ટીમના માણસો એ બાતમીના આધારે સેલંબા ખાતે તપાસ કરતા ત્યાં ગુમાન વિક્રમ બારેલા (રાવત)રહે.ચાપરિયાપાની પોસ્ટ.દુગાની તહેસીલ વરલા જી.બડવાની મધ્યપ્રદેશ નાઓએ પોતાના કબજ માં ગેરકાયદેસર વગર પરવાને દેશી બનાવટની પિસ્ટલ નંગ-૧ કિ.રૂ.૨૦,૦૦૦/- તથા રોકડા રૂા. ૧,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૨૧,૦૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઇ જઇ ગુનો કરતા SOG પોલીસે મુદ્દામાલ સાથે આ શખ્સ ને પકડી ગુનો દાખલ કર્યા બાદ આગળની વધુ તપાસ હાથ ધરી છે.

## તિલકવાડા - ગરુડેશ્વર પોલીસે જુગાર પર છાપો મારી 6ને ઝડપ્યાં



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા અને ગરુડેશ્વર પોલીસે બે જગ્યા પર ચાલતા જુગાર પર છાપા મારી મુદ્દામાલ સાથે છ જુગારીઓ ને ઝડપી લીધા હતા.

મળતી માહિતી અનુસાર તિલકવાડા પોલીસે બાતમીના આધારે તિલકવાડા તાલુકાના દાજીપુરા ગામના સીમમાં રેલ્વે લાઈન પાસે ચાલતા જુગારધામ ઉપર રેડ કરતા ત્યાં જુગાર રમતા (૧) ઠાકોરભાઇ મગનભાઇ તડવી, રહે. હિજડામહુડી તા.તિલકવાડા જી.નર્મદા (૨) નરેશભાઇ કાન્તીભાઇ તડવી,રહે. ચુડેશ્વર તા.તિલકવાડા જી.નર્મદા (૩) અર્જુનભાઇ ભીમાભાઇ વસાવા, રહે.દાજીપુરા તા.તિલકવાડા જી.નર્મદા (૪) અલ્પેશભાઇ નગીનભાઈ વસાવા રહે.દાજીપુરા તા.તિલકવાડા જી.નર્મદા (૫) અરવિંદભાઇ કાભઈભાઇ વસાવા રહે.દાજીપુરા

**પોલીસે બે જગ્યા પર ચાલતા જુગાર પર છાપા માર્યો**

તા.તિલકવાડા જી.નર્મદા નાઓ ને લીમડાના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં પતા પાનાનો હારજીતનો જુગાર રમી રમાડતા તેઓની અંગ ઝડતી માંથી રોકડા રૂ.૫૦૭૦/- તથા દાવ ઉપરના રૂ.૧,૨૦૦/- મળી કુલ જુગારના રોકડા રૂ.૬,૨૭૦/- તથા બે એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિ.રૂ.૧૦, ૦૦૦/- મળી કુલ કિ.રૂ.૧૬,૨૭૦/- ના મુદ્દામાલ સાથે તમામ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

જ્યારે ગરુડેશ્વર પોલીસે ગરુડેશ્વર બજાર ફળિયામાં રેડ કરતા ત્યાંથી ગૌરવભાઈ અશોકભાઇ મહેશ્વરી રહે. ગરુડેશ્વર દત્ત ફળીયા તા.ગરૂડેશ્વર જી-નર્મદા નાએ ગે.કા.રીતે આંક ફરકના આંકડાઓ ચોરી છુપીથી લખી હાર-જીતનો જુગાર રમી રમાડતાં રોકડા રૂા.૩૨૦/-ના મુદ્દામાલ સાથે પકડાય જઈ ગુનો કરતા પોલીસે કાયદેસર કાર્યવાહી કરી છે.

## રાજપીપળા હરસિધ્ધિ માતાજીના મંદિર ખાતેથી ક્ષત્રિય સમાજ દ્વારા ધર્મરથનું પ્રસ્થાન કરવામાં આવ્યું

ભરત શાહ | રાજપીપળા



રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમભાઈ રૂપાલાને હટાવવાની માંગ સાથે ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપ સામે શરૂ કરાયેલા રાજ્ય વ્યાપી આંદોલનના ભાગરૂપે આજે નર્મદા જિલ્લાના મુખ્ય મથક રાજપીપળા હરસિધ્ધિ માતાજીના મંદિર ખાતેથી ક્ષત્રિય સમાજ દ્વારા ધર્મરથનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

રાજ્યમાં કુલ સાત ધર્મરથ કાઢવાની ક્ષત્રિય સમાજે જાહેરાત કરી હતી. આ ધર્મરથ નર્મદા અને ભરૂચ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં તા.1 મે સુધી ફરશે અને ભાજપ વિરૂધ્ધ પ્રચાર કરનાર છે.જેમાં ક્ષત્રિય સમાજનાં મહિલાઓ અને યુવાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતાં.ભરૂચ જિલ્લાના તમામ તાલુકાઓમાં આ રથ ફરશે અને ભાજપને હરાવવા માટે પ્રચાર કરશે.આ ધર્મરથમાં સર્વે સમાજનાં લોકોને જોડાવવા જિલ્લા રાજપૂત ક્ષત્રિય સભા અને રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિ દ્વારા આહવાન કરવામાં આવ્યું છે.

લોકશાહી બચાવો અને અસ્તીત્વ ટકાવોના નારા સાથે ધર્મરથ જુદા જુદા તાલુકા ઓમાં ફરશે. ક્ષત્રિય સમાજ નું માનવું છે કે આ રથ દ્વારા અમે બીજેપી વિરુદ્ધ પ્રચાર કરીશું અને બાકીના તમામ 25 ઉમેદવાર અમારે માટે રૂપાલા છે, વળી ભરૂચના બીજેપી ઉમેદવાર પણ અમારે માટે રૂપાલા જ છે એટલે તમામ બીજેપી ના ઉમેદવારો ને અમે વોટ નહિ આપીએ.

## ગોપાલપુરા ગામે ક્ષત્રિય અસ્મિતા સંમેલન યોજાશે : ક્ષત્રિયો અને ક્ષત્રિયાણીઓ ખાસ પહેરવેશ સાથે ભાગ લેશે

ભરત શાહ | રાજપીપળા



નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં આવેલાં ગોપાલપુરા ગામે તા. ૧ મે બુધવારે સાંજના પાંચ વાગ્યે ‘ ક્ષત્રિય અસિમતા સંમેલન નર્મદા‘ યોજાશે જેની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ સંમેલન માં રાજપૂત સમાજ ના ક્ષત્રિયો અને ક્ષત્રિયાણીઓ ઉમટી પડશે. પરષોત્તમ રૂપાલાએ કરેલા વાણી વિલાસની આગ નર્મદા જિલ્લામાં પણ ભભૂકી ઉઠી છે. નર્મદા જિલ્લાના ગોપાલપુરા, રામપુરા, માંગરોલ, શહેરાવ, નવાપુરા, વજેરીયા અને તિલકવાડા તાલુકાના રાજપૂત સમાજના આગેવાનો દ્વારા આ બાબતે તિલકવાડા તાલુકાના મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.ત્યારે નર્મદા જિલ્લાના ગોપાલ પુરા ગામે આજે તા. ૧ મે ને બુધવારના રોજ ‘ ક્ષત્રિય અસિમતા સંમેલન નર્મદા‘ યોજાશે તેની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ગોપાલ પુરા ગામના આગેવાનો અને અન્ય રાજપૂત સમાજના આગેવાનો દ્વારા વિશાળ મેદાન બનાવવામાં આવ્યું છે. નર્મદા સહિત સમગ્ર ગુજરાતમાંથી રાજપૂત સમાજના આગેવાનો ઉપસ્થિત રહેશે.ક્ષત્રિયો અને ક્ષત્રિયાણીઓ ઉપસ્થિત રહેનાર છે. સમગ્ર સુવિધા ગોપાલપુરા ગામના આગેવાનો દ્વારા કરવામાં આવી છે. ‘ક્ષત્રિય અસિમતા સંમેલન નર્મદા ‘ તડામાર તૈયારીઓ શરૂ થઇ ગઇ છે. આ પ્રસંગે ક્ષત્રિય રાજપૂતો સફેદ શર્ટ અને બ્લેક પેન્ટ પરિધાન કરીને તેમજ માથા ઉપર સાફો ફેટો બાંધીને આવશે અને ક્ષત્રિયાણીઓ કેસરી પરિધાનમાં આવશે આ સંમેલન પછી આગળની રણનીતિ તૈયાર થશે એવું માનવામાં આવી રહ્યું છે.

કાળઝાળ ગરમીને જોતા કેન્દ્ર સરકારે લોકો માટે એડવાઈઝરી જાહેર કરી છે

# ગરમીમાં ચા, કોફી, કોલ્ડ ડ્રિંક્સ અને આલ્કોહોલ પીવું છે હાનિકારક ! સરકારે જાહેર કરી એડવાઈઝરી

દેશના ઘણા રાજ્યોમાં આકરી ગરમી પડી રહી છે. ગરમીથી બચવા લોકો વિવિધ ઉપાયો કરી રહ્યા છે. આ દરમિયાન કેન્દ્ર સરકારે લોકોને ખાણી-પીણીને લઈને એડવાઈઝરી જાહેર કરી છે. સરકારે લોકોને ઉનાળાની ઋતુમાં હીટવેવ (લૂ) દરમિયાન ચા અને કોફી પીવાનું ટાળવા જણાવ્યું હતું. આલ્કોહોલ પીવાથી પણ દૂર રહેવા માટે સરકારે લોકોને અપીલ કરી છે. આ સિવાય કાર્બોરેટેડ સોફ્ટ ડ્રિંક્સ (કોલ્ડ ડ્રિંક્સ) પીવાનું પણ ટાળવા જણાવ્યું છે. ત્યારે આ દરમિયાન ગરમીને લઈને શું કરવું તેને લઈને સરકાર દ્વારા ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. સરકારની એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ઉનાળામાં ચા, કોફી, કોલ્ડ ડ્રિંક્સ અને આલ્કોહોલ આ પીણાં પીવાથી શરીરમાં ડીહાઈડ્રેશન (પાણીની ઉણપ) થઈ શકે છે. ત્યારે ગરમીના આ સમયગાળામાં હાઈ પ્રોટીન ફૂડ ન ખાવાની સલાહ આપવામાં આવી છે. તેમજ સ્ટ્રીટ ફૂડ ખાવાનું ટાળો. ઘરમાં ભોજન બનાવતી વખતે દરવાજા અને બારીઓ ખુલ્લા રાખો. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) અનુસાર, હીટસ્ટ્રોકની અસરોથી બચવા માટે બપોરે 12 થી 3 વાગ્યાની વચ્ચે સૂર્યપ્રકાશમાં આવવાનું ટાળો. ગરમી દરમિયાન સફેદ રંગના સુતરાઉ કપડા પહેલો જે ગરમીમાં રાહત આપશે.





## આટલુ કરવાથી ગરમીમાં મળશે રાહત

- પૂરતું પાણી પીઓ. જો તમને તરસ ન લાગે તો પણ શક્ય તેટલી વાર પાણી પીવો.
- સફેદ કે હળવા રંગના, ઢીલા અને સુતરાઉ કપડાં પહેરો.
- તડકામાં બહાર જતી વખતે ગોગલ્સ, છત્રી/ટોપી, શૂઝ અથવા ચપ્પલનો ઉપયોગ કરો.
- જ્યારે બહારનું તાપમાન વધારે હોય ત્યારે બહાર જવાનું ટાળો. મુસાફરી દરમિયાન પાણી સાથે રાખો.
- આલ્કોહોલ, ચા, કોફી અને ઠંડા પીણા પીવાનું ટાળો.
- હાઈ પ્રોટિન ખોરાક લો અને વાસી ખોરાક ન ખાઓ.
- જો તમે બહાર કામ કરો છો, તો ટોપી અથવા છત્રીનો ઉપયોગ કરો અને તમારા માથા અને ચહેરાને હળવા સુતરાઉ કપડાથી ઢાંકો.
- જો તમે થાક, અસ્વસ્થ અથવા બીમાર અનુભવો છો, તો તરત જ ડૉક્ટરની સલાહ લો.
- ઓઆરએસ, ઘરે બનાવેલા પીણાં જેવા કે લસ્સી, લીંબુનું શરબત, છાશ વગેરેનો ઉપયોગ કરો જે શરીરને ફરીથી હાઈડ્રેટ કરવામાં મદદ કરે છે.
- તમારા ઘરને ઠંડુ રાખો, પડદા, શટર અથવા સનશેડ્સનો ઉપયોગ કરો અને રાત્રે બારીઓ ખુલ્લી રાખો.
- પંખાનો ઉપયોગ કરો, ઠંડા પાણીથી સ્નાન કરો.

# મુલ્તાની માટીમાં મિક્સ કરો 3 વસ્તુ, ગરમીમાં ચમકશે ચહેરો

સ્કીન કેર માટે અને ખાસ કરીને ચહેરા પર નિખાર લાવવા માટે લોકો અનેક પ્રયાસ કરતા રહે છે. દિવસ દરમિયાનની માટી, ધૂળ અને સૂરજના હાનિકારક કિરણોથી સૌથી વધારે ચહેરો ખરાબ થાય છે. એવામાં તમારી સ્કીન ડલ અને બેજાન બને છે. આ સમયે ચહેરા પરના ઓઈલ સાથે ધૂળની પરત જામી જાય છે અને તમારો ચહેરો ગંદો દેખાવવા લાગે છે. ધીરે ધીરે આ ગંદગી ચહેરા પર જમા થાય છે અને તમારો સ્કીન ટોન બદલાઈ જાય છે. જો કે તમારે આ માટે કોઈ મોંઘી પ્રોડક્ટની જરૂર નથી. તમારા ચહેરાની ગંદગી સાફ કરવા માટે તમે નેચરલ ફેસપેક બનાવી શકો છો. જે સ્કીનને પોષણ આપશે અને સાથે કોઈ સાઈડ ઈફેક્ટ પણ થશે નહીં. તો જાણો કેવી રીતે બનાવશો આ ફેસપેક.



### નેચરલ ફેસપેક બનાવવા માટે શું જોઈશે

2 ચમચી મુલ્તાની માટી
2 ચમચી લીમડાનો પાવડર
1 ચમચી ચંદનનો પાવડર
થોડું ગુલાબજળ

### કેવી રીતે બનાવશો આ ફેસપેક

એક કાચનો બાઉલ લો અને તેમાં મુલ્તાની માટીનો પાવડર લો. આ બાઉલમાં ચંદન પાવડર અને લીમડાનો પાવડર મિક્સ કરો. તેમાં ગુલાબજળ ઉમેરો. સારી રીતે મિક્સ કરીને તેને અઠવાડિયામાં 2 વાર ચહેરા પર લગાવો. તેનાથી સ્કીન પરનું વધારાનું ઓઈલ નીકળી જશે અને સ્કીન ગ્લો કરશે. આ પેકને ફેસ પર 15 મિનિટ માટે લગાવીને રાખો. ચહેરો સાફ કર્યા પછી મોઈશ્ચરાઈઝરને યૂઝ કરો.

# શું ગરમીમાં લીલા મરચા ખાઈ શકાય?

શું તમે જાણો છો કે લીલું મરચું તમારા સ્વાસ્થ્ય માટે કેટલું ફાયદાકારક છે અને ખાસ કરીને ઉનાળામાં તે તમને ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓથી બચાવી શકે છે. લીલા મરચાના પોષણની વાત કરીએ તો વિટામીન A, C ઉપરાંત તેમાં વિટામિન B-1, B-3, B-5, B-6, B-9 વગેરે ઉપરાંત મેગ્નેશિયમ, આયર્ન, પોટેશિયમ વગેરે તત્વો પણ સારી માત્રામાં હોય છે. તેમાં capsaicin નામનું સંયોજન હોય છે જે સમસ્યા ઘટાડવામાં અસરકારક છે. જો ખોરાક મસાલેદાર ન હોય તો તેનો સ્વાદ અધૂરો લાગે છે, પરંતુ લાલ મરચાનો ઓછો ઉપયોગ કરવો સારુ રહે છે. તેના બદલે લીલા મરચાને વધુ સારું માનવામાં આવે છે. લીલા મરચાનો ઉપયોગ ખોરાકમાં ઉમેરીને કરવામાં આવે છે. તેનું કાચું સેવન કરવું પણ ફાયદાકારક છે. તો ચાલો જાણીએ તેના ફાયદા શું છે. ઉનાળામાં લોકોને એસિડિટી અને કબજિયાત જેવી ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. તે જ સમયે લીલા મરચાને પાચન માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે, કારણ કે ઘણા એન્ટીઑક્સિડન્ટો ઉપરાંત તેમાં સારી માત્રામાં ડાયેટરી ફાઈબર પણ હોય છે જે તમને પાચન સંબંધિત સમસ્યાઓથી બચાવવામાં અસરકારક છે. ઉનાળામાં હીટ સ્ટ્રોક એ ખૂબ જ સામાન્ય સમસ્યા છે, પરંતુ જો તેની કાળજી લેવામાં ન આવે તો પરિસ્થિતિ ગંભીર બની જાય છે. હીટસ્ટ્રોકથી બચવા માટે તમે તમારા આહારમાં લીલા મરચાંનો સમાવેશ કરી શકો છો. તેનું સેવન તમને હીટ સ્ટ્રોકની સમસ્યાથી બચાવી શકે છે. વાસ્તવમાં લીલા મરચાના બીજ હીટ સ્ટ્રોકથી બચાવવામાં મદદરૂપ માનવામાં આવે છે. લીલા મરચામાં વિટામિન A પણ હોય છે, તેથી તેનું સેવન કરવાથી આંખોની રોશની સારી રહે છે. તેમાં હાજર વિટામિન સી તમારી રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવામાં અસરકારક છે. ડાયાબિટીસના દર્દીઓ માટે પણ લીલા મરચાનું સેવન ફાયદાકારક છે. જે લોકોનું વજન ઓછું થઈ રહ્યું છે તેઓએ પણ તેમના આહારમાં લીલા મરચાં સામેલ કરવા જોઈએ. આયર્નથી ભરપૂર લીલા મરચા હિમોગ્લોબિનનું સ્તર જાળવી રાખવામાં પણ મદદ કરી શકે છે. જો તમે તમારા રોજિંદા આહારમાં લીલા મરચાંનો સમાવેશ કરવા માંગતા હોવ તો દરરોજ 3 થી 4 લીલાં મરચાં ખાવા જોઈએ. જો તમે આનાથી વધુ લીલા મરચા ખાઓ છો તો તેનાથી પેટમાં બળતરા થઈ શકે છે. તે જ સમયે જે લોકોને પાઈલ્સની સમસ્યા હોય તેમણે વધુ પડતાં લીલાં મરચાં અથવા કોઈપણ પ્રકારનો ચટપટો મસાલો ખાવાનું ટાળવું જોઈએ.



# શું ઉનાળામાં તમે આડેધડ હેવી વર્કઆઉટ કરો છો? તો આ વાતોનું ધ્યાન રાખો



**વોર્મ અપ જરુરી છે** | કેટલાક લોકો તરત જ વર્કઆઉટ કરવાનું શરૂ કરે છે. પરંતુ કસરત કરતા પહેલા વોર્મ અપ કરવાનું ભૂલશો નહીં. જ્યાં સુધી શરીર યોગ્ય રીતે ગરમ ન થાય ત્યાં સુધી, ઝડપથી થાકી જવાય છે. જેના કારણે માંસપેશીઓમાં ખેંચાણની સમસ્યા પણ થઈ શકે છે. તેથી વર્કઆઉટ પહેલાં વોર્મ અપ કરો.

**વચ્ચે બ્રેક લો** | સતત વર્કઆઉટ કરવું જોખમી બની શકે છે. તેથી વચ્ચે થોડો વિરામ લેવો જરૂરી છે. એવું બિલકુલ ન વિચારો કે બ્રેક લેવાથી તમારા વર્કઆઉટ પર અસર થશે. તમારી જરૂરિયાત મુજબ તમારા શરીરને આરામ આપો. તેનાથી શરીરને એનર્જી પણ મળશે. બ્રેક લેવાથી હૃદય પર ઓછું દબાણ પડે છે.

**પૂરતું પાણી પીવો** | વર્કઆઉટ પછી પૂરતા પ્રમાણમાં પાણી પીવું જરૂરી છે. જો કે તરત જ પાણી ન પીવો, તેના બદલે થોડો સમય વિરામ લો અને પછી જ આખા દિવસ દરમિયાન યોગ્ય માત્રામાં પાણી પીવો. આ સિવાય ઈલેક્ટ્રોલાઈટ બેલેન્સ પણ જાળવી રાખો.

**ડાયટ છે જરુરી** | વર્કઆઉટ કર્યા પછી યોગ્ય રીતે ડાયટ ફોલો કરો. યોગ્ય આહાર ન લેવાથી શરીર નબળું પડી શકે છે. આ ઉપરાંત વર્કઆઉટ પર પણ અસર પડે છે. ફિટનેસ માટે શક્ય તેટલું પ્રોટીન લો અને યોગ્ય માત્રામાં કાર્બોહાઈડ્રેટનો પણ સમાવેશ કરો.

ઉનાળામાં કસરત કરવી સરળ કામ નથી. આ હવામાનમાં હળવા વર્કઆઉટ કર્યા પછી પણ શરીરમાં ખૂબ પરસેવો થાય છે. કેટલાક લોકો ભારે વર્કઆઉટ કરવાનું પસંદ કરે છે, જેના કારણે તેમના હૃદયના ધબકારા વધી જાય છે અથવા તેઓ ઝડપથી શ્વાસ લેવા લાગે છે. ડીહાઈડ્રેશનની સમસ્યા ઉનાળામાં સૌથી વધુ જોવા મળે છે. આ સિઝનમાં એનર્જી ડ્રિંક કે પાણી વારંવાર પીવાથી પણ વર્કઆઉટ નથી કરી શકાતું. થોડા ભારે વર્કઆઉટ કર્યા પછી પણ તમને ઝડપથી થાક લાગે છે. જેના કારણે વર્કઆઉટ પર પણ અસર જોવા મળી રહી છે. તો અહીં અમે તમને એવી જ કેટલીક ટિપ્સ જણાવવા જઈ રહ્યા છીએ, જેનાથી વર્કઆઉટ દરમિયાન થતી સમસ્યાઓ ઓછી થઈ શકે છે.

# 1 મે ગુજરાતના સ્થાપના સમયે અમદાવાદ પાટનગર હતું....

**"જય!જય!ગરવી ગુજરાત! દીપે અરુણું પ્રભાત, જય!જય!ગરવી ગુજરાત!ધ્વજ પ્રકાશે ઝળળળ કસુંબી,પ્રેમશોર્યંકિત.."..**

૧ મે એટલે ગુજરાત દિવસ,મારું ગૌરવ આપણું ગૌરવ અને બધાજ ગુજરાતીઓ નું ગૌરવ એવા આપણા બધાના ગુજરાત નો જન્મ દિવસ મતલબ સ્થાપના દિવસ. મહા ગુજરાત આંદોલન બાદ અને અલગ મહારાષ્ટ્ર ની માંગ બાદ ૧ મે ૧૯૬૦ ના રોજ બૃહદ મુંબઈ રાજ્ય ના બે ભાગ પાડવા માં આવ્યા.૧૯૪૭ માં ભારત ની આઝાદી બાદ રજવાડાઓ સૌરાષ્ટ્ર, કચ્છ અને મુંબઈ રાજ્ય ની સ્થાપના કરીને એને "બૃહદ મુંબઇ રાજ્ય" નામ આપ્યું હતું. ૧૯૫૭ માં બૃહદ મુંબઇ રાજ્ય માં હૈદરાબાદ અને મધ્ય પ્રદેશ ને પણ ભેળવવામાં આવ્યા હતા પરંતુ બાદમાં અલગ રાજ્ય હૈદરાબાદ અને મધ્ય પ્રદેશ ને ઘોષિત કર્યા હતા.બૃહદ મુંબઈ રાજ્ય નો એક ભાગ ગુજરાત અને બીજો ભાગ મહારાષ્ટ્ર ના નામથી જાણીતા થયા. આજે ગુજરાત ની સાથે મહારાષ્ટ્ર નો પણ જન્મ દિવસ છે.ગુજરાત ના સ્થાપના સમયે અમદાવાદ એ પાટનગર હતું પરંતુ બાદ માં ૧૯૭૦ માં બનેલ પ્લાન્ડ સિટી ગાંધીનગર ને પાટનગર ઘોષિત કર્યું હતું. દર વર્ષે ગુજરાત સ્થાપના દિન ની ખૂબ ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવે છે.ગુજરાત નું ઉદ્ઘાટન રવિ શંકર મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું. આપણું ગુજરાત હજુ યુવાન છે ને એની આયુ ગમે તેટલી થાય પણ યુવાની તો અકબંધ રહેવાની. કેમ? મને "હું ગુજરાતી છું એનો પૂર્ણ ગર્વ છે ને પ્રત્યેક ગુજરાતીઓ ને મન છે"..

**"જ્યાં વસે ગુજરાતી ત્યાં વસે ગુજરાત"**

ગુજરાતીઓ ની ઓળખ સાહસિક અને વેપારીઓ ની દુનિયાભર માં વધારે છે.ગુજરાતી શાંત પ્રજા એટલે દુનિયાના છેવાડે પણ એનો વેપાર એકપણ ફરિયાદ વગર શાંતિ થી ચલાવી શકે છે. ભો માંથી પાણી કાઢે એનું નામ ગુજરાતી સમજો. ભોળા ગુજરાતીઓ ની મીઠી મહેમાન ગતિ નિહાળી ને ભગવાન ખુદ મથુરા ના રાજપાટ છોડી ને દ્વારિકા માં આવીને સમુદ્રમાં નગરી વસાવી હતી.પ્રત્યેક ગુજરાતી ના ગુજરાત ના માથા પર આશીર્વાદ સમાન "અંબાજી શકિત પીઠ " અખંડ છે,પાવા ગઢ માં બિરાજમાન મહાકાળી ની દ્રષ્ટિ સમગ્ર જન જન પર છે.બહુચરાજી મંદિર નો સવાર નો ઘન્ટ વાગતા સુર્યનું પહેલું કિરણ ધરતી પર પડે છે ને ચારેય બાજુ અજવાળું પથરાય છે.દૂર દૂર થી લોકો માતૃ શ્રાદ્ધ માટે સિધ્ધપુર આવે છે ભગવાન નું અશ્રુ થી બિંદુ સરોવરનું નિર્માણ થયું છે. ગુજરાત નું ગૌરવ ગરવો ગિરનાર એ નિત્ય વાદળો ની ઉપર છુપાયેલ સ્વર્ગમાં બિરાજેલ દેવતાઓ સાથે વાતો કરતો ભાસે છે.ગિરનાર ની કોતરો માં સિધ્ધો સન્યાસીઓ નો નિત્ય વાસ સમજો. અમર સિધ્ધો નું નિવાસ્થાન એ ગિરનાર ની ગુફાઓ માં છે.ભૂલ થી પણ એક નજર પડી ગઈ તો સમજો જીવન ધન્ય ધન્ય.

ગીર ના જંગલ માં સાવજ ની દહાડ વચ્ચે રહેતા માલધારીઓની વસ્તીની તાકાત કહે છે કે ગુજરાત નું પાણી છું એમ જેમતેમ નથી.ગુજરાત ની ભુમી પર અનેક વીર યોદ્ધા એ જનમ લીધો ને ભૂમિ નું ગૌરવ વધાર્યુ છે.



ગુજરાત દિવસ
- રુપાલી દવે

**દે દી હમે આઝાદી બીના ખડગ બીના ઢાલ,
સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ..**

.ગુજરાતના પાણી માંજ એ વિશેષતા છે કે યુદ્ધ ગમે તેટલું મોટું કેમ ન હોય સામ,દંડ,ભય,ભેદ ની નીતિ થી જીતવું ફરજિયાત. ગુજરાતીઓ ભલે ઓછા આઈ.એસ, આઈ.પી.એસ પણ એની બુધ્ધિ ચાતુર્ય ચાણક્ય જેટલી સમજો. આઝાદી ની લડાઈ ૨૦૦વર્ષ સુધી ચાલી સમગ્ર ભારત ના ખૂણે ખણેથી લાખો લોકો આઝાદીની લડાઈ માટે ખૂબ લડ્યા હતા પરંતુ ગુજરાતની ભૂમિના પનોતા પુત્ર સાબરમતી ના સંત શ્રી મહાત્મા ગાંધીજી એ એની બુધ્ધિ અને કુનેહ થી અંગ્રેજો ને ઘૂંટણિયે પાડી દીધા હતા. ગુજરાતની ભૂમિને શાંતિ અને અહિંસા અત્યંત પ્રિય છે,ગાંધીજી એ અસ્ત્ર શસ્ત્ર ઉઠાવ્યા વગર અને શાસ્ત્ર ના સહારે દેશ ને આઝાદ કરાવ્યો.ગાંધીજી એ વિશ્વ ને સમજાવ્યું કે "અહિંસા પરમો ધર્મ" મોટા માં પ્રશ્નો પણ શાંતિ પૂર્ણ અને અસહકાર ના આંદોલન થી હલ થઇ શકે છે.યુદ્ધ એ મેદાન મા લડી ને જ લડવું એ જરૂરી નથી પરંતુ નાનું હોય કે મોટું યુદ્ધ ને શાંતિપૂર્ણ અને બુદ્ધિપૂર્વક લડવા થી સફળતા ચોક્કસ મળે છે.

ગુજરાત ના બીજા પનોતા પુત્ર શ્રી સરદાર વલ્લભ ભાઈ પટેલ એ આઝાદી બાદ અનેક ભારત અનેક રાજા રજવાડા માં વહેચાયેલા દેશ ને એક છત્ર નીચે લાવી ને એક ભારત શ્રેષ્ઠ ભારત નું સ્વપ્નું સાકાર કર્યું હતું.આમ તો હૈદરાબાદ અને જૂનાગઢ જેવા મુસ્લિમ રાજા રજવાડા ની દાદાગીરી વધારે હતી આમ છતાંય એની દાદાગીરી ને વશ થયા વગર પણ નિશ્ચિત સંકલ્પ અને દયેય પર અડગ રહીને જૂનાગઢ અને હૈદરાબાદ ને ભારત માં જોડી દીધા હતા. મોર્ય વંશ ના રાજા સમ્રાટ અશોકે એ "જૂનાગઢ " માં રાજ્ય કર્યું ને કર્ણાવતી નગરી વસાવી હતી જે હાલ અમદાવાદ ના નામે થી ઓળખાય છે. સિદ્ધરાજ જયસિંહે પાટણ વસાવ્યું હતું,મરાઠી રાજા સૈયજીરાવ ગાયકવાડે વડોદરા અને અમરેલી સ્ટેટ વસાવ્યા હતા

સો કરતાં વધારે દેશી રાજાઓ એ સૌરાષ્ટ્ર અને કચ્છ વસાવી ને સ્થાપત્ય અને કાળા ના બેન મુન કારીગરી વિશ્વ સમક્ષ મૂકી છે.અડીકડી ની વાવ, રા નવઘણ નો કૂવો,બાદશાહ ના મહેલો ની કોતરણી ઓ,અશોક ના શિલાલેખ થી લઈને. મ્યુઝિયમ એ ગુજરાતની ભૂમિ નું કલાત્મક નજરાણું સમજો.

એવું નથી કે ગુજરાત પર ક્યારેય આફત નથી આવી જરૂર આવી છે પરંતુ પ્રત્યેક આફત માંથી ગુજરાત ને વધારે નુકશાની નથી વોહરવી પડતી એનું કારણ "જય શ્રી કૃષ્ણ" અને "જય માતાજી" ગુજરાતની ભોમકા એ છપનીયો દુષ્કાળ પણ જોયો છે વિનાશ કારી ધરતીકંપ માં થયેલો હાહાકાર પણ નિહાળ્યો છે,ભયાનક વાવાઝોડા માં આંધી તોફાન માં તણાતા ઢોર ઢાખર ને માણસો ની બેબસી પણ જોય છે. રોગચાળો હોય કે માનવીય અણ સમજણ માં થયેલા ભયાનક તોફાનો વગેરે મા ગુજરાત અડીખમ રહીને પુનઃ માનવીય ચહેરા પર ખુશાલી લાવી ને પોતાના અસ્તિત્વ નું નિર્માણ કર્યું છે. કાલ નો અને વર્તમાન સમય નો ગુજરાતી સુખી સમૃદ્ધ જ રહીયો છે ગુજરાતીઓને સમૃદ્ધ કરવા પડતાં નથી, એણે એની બુધ્ધિ થી અને ખંત થી દુનિયા ભર માં "હું ગુજરાતી" નામનો ડંકો વગાડ્યો છે. પ્રાચીન કાળ મા ગુજરાત ને "પશ્ચિમ નું ઘરેણું " કહેવામાં આવતું હતું. લોથલ અને રામપુર માં હડપ્પા સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા છે.

ગુજરાત સ્થાપના દિનેના દિવસે આજે દેશ ના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી નું રાજકીય કારકિર્દી દરમિયાન ઉતમ યોગદાન ભૂલવું અશક્ય છે. ગુજરાત ના વિકાસ નું મોડેલ એ દેશ નું મોડેલ બનાવવાનો પ્રયત્ન એ સરાહનીય છે.ગુજરાત એ વિકાસની હરણ ફાળ દોડે ત્યારે દોડી શકે જ્યારે એ આર્થિક સધ્ધર હોય. વિશ્વના નામાંકીત ગુજરાતી વેપારીઓ અદાણી અને અંબાણી એ રાજ્ય મા એના ઉદ્યોગો સ્થાપ્યા જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગીય ગુજરાતીઓના સુખી સંપન્ન જીવનમાં રોજગાર દ્વારા અમૂલ્ય ફાળો આપ્યો છે.આજ ગુજરાત એ કેડીલા કંપની ના કારણે દવાઓ ના ક્ષેત્રે પણ આગળ છે. ગુજરાત ના જન્મ દિવસ ને ઉજવવા માટે પ્રત્યેક ગુજરાતીઓની ફેવરિટ ડીશ ફાફડા જલેબી અને ખમણ ઢોકળા ના સ્વાદનો ટેસ્ટ અત્યંત આવશ્યક છે..નવરાત્રિ ના ગરબે ઘુમવા માટે અમને પગ દુખતા નથી પણ દાદરા ચડવા લિફ્ટ જોઈએ બાપલા જોઈએ.. કેમ? હરખ અને ફરક માં ફેર સમજો..ના સમજ્યા.. વાંધો નહિ..ચાલશે.

**લાંબો ડગલો,મૂછો વાંકડી,શિરે પાઘડી રાતી,
બોલ બોલતો તોળી તોળી એ છેલ છબીલો ગુજરાતી...
હું ગુજરાતી તમે ગુજરાતી તો હાલો થઇ જાય ગરબા ની રમઝટ..**



# Lux ની નવી Brand Ambassador બની શાહરૂખની લાડલી સુહાના, ઓફ શોલ્ડર ડ્રેસમાં પાથર્યો જાદૂ

(એજન્સી) મુંબઇ | હોલીવુડથી લઈને બોલીવુડ સ્ટાર લક્સ સાબુનો ખૂબ ઉપયોગ કર્યો. કોઈએ ટબમાં બેસીને શરીર પર લક્સ સોપને લગાવ્યો તો કોઈએ પોતાની સ્કીન પર આ સાબુને એવી રીતે મસળ્યો કે આ સોપ લોકોનો ફેવરિટ બની ગયો. આ લક્સ બ્રાંડ (Lux) ને 100 વર્ષ પુરા થઈ ગયા છે. આ ખાસ અવસર પર લક્સને પોતાના વર્ષો જૂના સાબુને ફરી એકવાર ફ્રેશ ફેસ આપ્યો છે. આ ફેસ બીજું કોઈ નહી શાહરૂખ ખાનની લાડલી પુત્રી સુહાના (Suhana Khan) છે. જી હાં. તમે બરોબર વાંચ્યું. કિંગ ખાનની પુત્રી આ લક્સ સાબુની નવી બ્રાન્ડ એમ્બેસેડર (Brand Ambassador) બની ગઈ છે. ફોટામાં જુઓ સુહાના ખાને આ ઈવેન્ટમાં પર્પલ ડ્રેસમાં શું કહેર વર્તાવ્યો.

### સુહાના બની લક્સ બ્રાન્ડ એમ્બેસેડર

લક્સની નવી બ્રાન્ડ એમ્બેસેડર (Brand Ambassador) બનતાં જ સુહાના ખાન લક્સની ઈવેંટમાં પહોંચી. આ ઈવેન્ટમાં એક્ટ્રેસે ડાર્ક પર્પલ કલરનો શોર્ટ ડ્રેસ પહેર્યો હતો, જેમાં તે ખૂબ સુંદર લાગી રહી છે. એક્ટ્રેસ જેવી જ આ ઈવેન્ટમાં આવી તો તેમનો લુક મિનિટોમાં છવાઈ ગયો.

### ઓફ શોલ્ડર ડ્રેસ

સુહાના ખાનનો આ ઓફ શોલ્ડર વનપીસ ડ્રેસ ખૂબ સુંદર લાગી રહ્યો છે. ઓપર હેર, સ્ટલ મેકઅપ, ચહેરા પર સ્માઈલ અને પગમાં હાઈ હીલ્સના સેન્ડલ પહેરી પોતાના આ લુકને પુરો કર્યો.

### સુહાના ખાનની ન્યૂ જર્ની

સુહાના ખાન માટે લક્સ સાબુની બ્રાન્ડ એમ્બેસેડર (Brand Ambassador) બનવું એટલા માટે વધુ ખાસ છે કારણ કે ઘણા વર્ષો સુધી શાહરૂખ ખાન પણ આ બ્રાંડના એમ્બેસેડર રહી ચૂક્યા છે. એવામાં પિતા બાદ પુત્રી આ બ્રાંડ સાથે જોડાવવું પોતાનામાં ખૂબ મોટી વાત છે.

કિંગ ખાને વર્ષ 2005માં લક્સ સોપના બ્રાન્ડ એમ્બેસેડર બનીને આ સફરની શરૂઆત કરી હતી. આ સિવાય બોલિવૂડની ઘણી દિગ્ગજ અભિનેત્રીઓ હેમા માલિની, શ્રીદેવી, જુહી ચાવલા અને કરીના કપૂર આ બ્રાન્ડ સાથે જોડાયેલી છે.

### 'ધ આર્ચીજ' થી કર્યું ડેબ્યૂ

એવામાં સુહાના ખાન માટે આટલી ઉંમરમાં બ્રાંડ સાથે જોડાઈને તેમના કેરિયર માટે સારું સાબિત થઈ શકે છે. વર્કફ્રંટની વાત કરીએ તો એક્ટ્રેસે 'ધ આર્ચીજ' ફિલ્મથી બોલીવુડમાં ડેબ્યૂ કર્યું હતું.

## શ્રદ્ધા કપૂર અને બોયફ્રેન્ડ રાહુલ મોદી સહ નિર્માતા બનશે

મુંબઇ | શ્રદ્ધા કપૂર અને બોયફ્રેન્ડ લેખક રાહુલ મોદી સાથે મળીને એક ફિલ્મ બનાવવાનું પ્લાનિંગ કરી રહ્યાં છે. મૂળ આ ફિલ્મ રાહુલે એકલાએ પ્રોડયૂસ કરવાનું નક્કી કર્યું હતું. પરંતુ, હવે શ્રદ્ધા પણ આ પ્રોજેક્ટમાં સહ નિર્માતા તરીકે જોડાય તેવી સંભાવના છે. શ્રદ્ધા અને રાહુલ વચ્ચે લાંબા સમયથી ડેટિંગ ચાલેછે. તાજેતરમાં શ્રદ્ધા બોયફ્રેન્ડના નામનો નેકલેસ ધારણ કરીને એક ઈવેન્ટમાં આવી હતી અને આ રીતે તેણે પોતાના સંબધો ઓફિશિયલ કર્યા હતા. રાહુલની લખેલી ફિલ્મ 'તુ જુઠ્ઠી મૈ મક્કાર'માં શ્રદ્ધાએ મુખ્ય ભૂમિકા ભજવી હતી અને ત્યારથી બંને પ્રેમમાં પડયાં હતાં. રાહુલ આ પહેલાં 'પ્યાર કા પંચનામા ટૂ' તથા 'સોનુ કે ટીટ્ટુ કી સ્વીટી' સહિતની ફિલ્મો લખી ચૂક્યો છે.

## મૌની રોયની બોલ્ડ તસવીરોએ ઈન્ટરનેટ પર લગાવી આગ

(એજન્સી) મુંબઇ | ટીવીથી લઈને બોલિવૂડ સુધી પોતાની ઓળખ બનાવનાર અભિનેત્રી મૌની રોય આજે ફેન્સના દિલમાં જાણીતી બની ગઈ છે. ટીવી શોમાં સંસ્કારી વહુની ભૂમિકા ભજવનારી આ અભિનેત્રી વાસ્તવિક જીવનમાં ઘણી ગ્લેમરસ છે. તે અવારનવાર પોતાના હોટ ફોટો સોશિયલ મીડિયા પર શેર કરતી રહે છે. હાલમાં જ મૌની રોયે તેના કેટલાક બોલ્ડ ફોટા શેર કર્યા છે જેમાં તે કિલર પોઝ આપતી જોવા મળી રહી છે. મૌની રોય તેના કામ અને ફેશન સેન્સ માટે ચર્ચામાં રહે છે. તે અવારનવાર સોશિયલ મીડિયા પર પોતાની હોટ અને બોલ્ડ તસવીરો શેર કરીને લોકોને દિવાના બનાવે છે. હાલમાં જ અભિનેત્રીએ તેના ઈન્સ્ટાગ્રામ પર ઘણા ફોટા શેર કર્યા છે જેમાં તેનો કિલર લુક જોઈ શકાય છે. તસવીરોમાં મૌની પ્રિન્ટેડ ડીપ નેક અને બેકલેસ ડ્રેસ પહેરેલી જોવા મળે છે.



## બૉડી શેમિંગ પર આ એક્ટ્રેસનું છલક્યું દર્દ કહ્યું, "હું હંમેશા 21 વર્ષની ના દેખાઇ શકું"

(એજન્સી) મુંબઇ | નાના પડદા પર મજબૂત પાત્ર ભજવનાર રશ્મિ દેસાઈએ ઘણી સિરિયલોમાં પોતાની અભિનય ક્ષમતા સાબિત કરી છે. રશ્મિને આજે કોઈ ઓળખની જરૂર નથી. જો કે અભિનેત્રી લાંબા સમયથી સ્ક્રીનથી દૂર છે, પરંતુ તે ઘણીવાર ઈવેન્ટ્સમાં જોવા મળે છે.તાજેતરમાં જ રશ્મિ તેની મિત્ર આરતી સિંહના સંગીત રિસેપ્શનમાં જોવા મળી હતી. આ દરમિયાન રશ્મિએ ડીપ નેક બ્લાઉઝ અને મેચિંગ દુપટ્ટા સાથે ગુલાબી રંગનો લહેંગા પહેર્યો હતો.અભિનેત્રી લહેંગામાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. એક્ટ્રેસના ફોટો અને વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા પરંતુ તે પછી તે ટ્રોલ થવા લાગી હતી. ઘણા યુઝર્સે બોડીએ તેને શરમજનક ગણાવી અને તેને ફેટ કહીને કહ્યું કે, પહેલા તમારા વજનનું ધ્યાન રાખો.હવે રશ્મિ દેસાઈએ આપેલા એક ઈન્ટરવ્યુમાં બોડી શેમિંગને લઈને પોતાનું દુખ વ્યક્ત કર્યું હતું. ટ્રોલ્સનો જવાબ આપતા, રશ્મિએ કહ્યું, "ગ્લેમરની દુનિયામાં, કેટલાક સુંદરતાના માપદંડોને પૂર્ણ કરવા માટે દબાણ હોય છે, પરંતુ કેટલીકવાર, લોકો સમજી શકતા નથી કે, કે હું ઘણા મહિનાથી અસ્વસ્થ છું."

રશ્મિએ એમ પણ કહ્યું, "તમે જે ઈચ્છો છો તે કરી શકો છો અથવા અન્યને સાંભળી શકો છો. હું પહેલાની પસંદગી કરું છું. મને કોઈની પાસેથી માન્યતાની જરૂર નથી. લોકોની નજરમાં રહેવું એ જીવનનો એક ભાગ છે."રશ્મિએ વધુમાં કહ્યું હતું કે, હું આખો સમય યુવાન દેખાઈ શકતી નથી. ઉદ્યોગમાં ટકી રહેવા માટે ડેડિકેશન જરૂરી છે. હું હંમેશા 21 કે 22 વર્ષની દેખાઇ ના શકુ. મારી જર્ની સુંદર છે, પરંતુ કેટલાક લોકો માટે પરિવર્તન સ્વીકારવું મુશ્કેલ છે."રશ્મિએ એમ પણ કહ્યું, "ફંક્શન આરતીનું હતું અને મારા દેખાવ કરતાં તેના લગ્ન વધુ મહત્ત્વના હતા. ટ્રોલિંગ દરરોજ બદલાતું રહે છે, ગઈકાલે મારા કપડા વિશે, તે પહેલા મારા પાત્ર વિશે અને તે પહેલા કોઈ અજાણ્યા કારણોસર, જેના વિશે કોઈએ વિચાર્યું પણ ન હોય.

## ઈબ્રાહિમ ખાનનું ઈન્સ્ટાગ્રામ પર ડેબ્યૂ,પલક તિવારી સહિત આ 41 લોકોને કર્યા ફોલો

(એજન્સી) મુંબઇ | સૈફ અલી ખાન ઈન્સ્ટાગ્રામ નથી અને હવે તેણે પટૌડી પરિવારના મોટા પુત્ર ઈબ્રાહિમ અલી ખાને પણ ઈન્સ્ટાગ્રામ ડેબ્યુ કર્યું છે. તે પણ કરીના કપૂરની સ્ટાઈલમાં. સોશિયલ મીડિયા પર પગ મૂકતાની સાથે જ તેને ઘણા ફોલોઅર્સ મળી ગયા છે હાલમાં 56 હજારથી વધુ યુઝર્સ તેને ફોલો કરી રહ્યાં છે. ઈન્સ્ટાગ્રામ ડેબ્યૂ વિશે હાલમાં જ ઈબ્રાહિમ ઈલી ખાને પેપ્સને કહ્યું હતું કે તે 30 એપ્રિલના રોજ સવારે 11 વાગ્યે ડેબ્યૂ કરશે. તેણે કહ્યું હતું તેમ, તેણે તે વચન પણ પૂરું કર્યું છે. સૈફ અલી ખાન અને અમૃતા સિંહના પુત્ર ઈબ્રાહિમ અલી ખાને બોલિવૂડમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યું છે. હવે પરિવારની જેમ તે પણ હીરો તરીકે ડેબ્યુ કરવાની તૈયારી કરી રહ્યો છે. આ પહેલા તેણે ફેન્સમાં વિશ્વસનીયતા બનાવવા માટે સોશિયલ મીડિયાનો સહારો લીધો છે.30 એપ્રિલ 2024ના રોજ સારા અલી ખાનના પ્રિય ભાઈ ઈબ્રાહિમે ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ સાર્વજનિક કર્યું છે. આ સાથે તેણે કેટલીક તસવીરો પણ પોસ્ટ કરી છે. આ તસવીરો સાથે તેણે એક બ્રાન્ડનું પ્રમોશન પણ કર્યું હતું જેમ કરીના કપૂરે કર્યું હતું. કરીના કપૂરે સત્તાવાર રીતે 6 માર્ચ 2020ના રોજ Instagram માં પ્રવેશ કર્યો હતો. ઈબ્રાહિમ અલી ખાને તેની પહેલી પોસ્ટમાં પુમાની જાહેરાત સાથે એન્ટ્રી કરી છે. તેણે પુમા માટે પહેલું એડશૂટ પણ કર્યું અને કેટલીક તસવીરો પણ શેર કરી છે. જ્યાં તે બિલકુલ તેના પિતા જેવો દેખાય છે.

ઈન્સ્ટાગ્રામ પર પહેલી પોસ્ટ કરતા ઈબ્રાહિમ અલી ખાને લખ્યું હતું કે, 'પરંપરા? હું મારી પોતાની બનાવીશ. PUMA સાથે પ્રથમ શરૂઆત કરી રહ્યા છીએ.ઈબ્રાહિમ અલી ખાન ઈન્સ્ટાગ્રામ પર આલિયા ભટ્ટ, અમૃતા સિંહ, ફરહાન અખ્તર, પ્રિયંકા ચોપરા, રોહિત શેટ્ટી, અર્જુન કપૂર, ટાઈગર શ્રોફ, ખુશી કપૂર, કરીના કપૂર, સારા અલી ખાન, રણવીર સિંહ, અરહાન ખાન, અલવીરા, અનન્યા પાંડે, આર્યન ખાન ( શાહરુખ અલીઝેહ અગ્નિહોત્રી (સલમાન ખાનની ભત્રીજી), સુહાના ખાન, શિખર પહાડિયા (જાન્હવી કપૂરનો અફવા બોયફ્રેન્ડ) સહિત કુલ 41 લોકોને ફોલો કરે છે. આટલું જ નહીં, ઈબ્રાહિમ અલી ખાન પલક તિવારીને પણ ફોલો કરે છે જેની સાથે તેનું નામ વારંવાર જોડવામાં આવે છે.



**પટૌડી પરિવારના મોટા પુત્ર ઈબ્રાહિમ અલી ખાને પણ ઈન્સ્ટાગ્રામ કર્યું ડેબ્યુ, ઈબ્રાહિમ અલી ખાને 56 હજારથી વધુ યુઝર્સે કર્યો ફોલો, ઈબ્રાહિમ અલી ખાને તેની પહેલી પોસ્ટમાં પુમાની જાહેરાત સાથે કરી એન્ટ્રી**

## ભારતમાં મારી ફેન ફોલોઇંગ હોવા છતાં મારે હોલિવૂડમાં શૂન્યથી શરૂઆત કરવી પડી

(એજન્સી) મુંબઇ | તાજેતરમાં 'દેશી ગર્લ' પ્રિયંકા ચોપરાએ બોલિવૂડ છોડી હોલિવૂડમાં શૂન્યથી સર્જન કરવાની જર્ની વિશે વાત કરી હતી. એક પોડકાસ્ટમાં પ્રિયંકાએ હોલિવૂડમાં તેના શરૂઆતના દિવસો વિશે વાત કરતા કહ્યું 'હું આ ઉદ્યોગને જાણતી ન હતી. ત્યાંના લોકોને ખબર ન હતી. ત્યાં કોઈ મિત્ર ન હતો જે મને સવારે 2 વાગ્યે ફોન કરે જે ખૂબ જ જરૂરી છે. હું એકલી હતી અને તે બધું ખૂબ જ ડરામણું હતું. ન્યૂયોર્ક શહેર પણ મારા માટે અંધકારથી ભરેલું હતું. તે જીવનનો સૌથી ખરાબ સમય હતો, તે સમયે હું સંપૂર્ણપણે એકલી હતી. જોકે આટલી મુશ્કેલી છતાં એક્ટ્રેસ હાર માની નહીં. પરિસ્થિતિ મારા તરફેણમાં ન હતી આમ છતાં સંઘર્ષ સામે લડીને પોતાનું નામ બનાવ્યું.' પ્રિયંકાએ જણાવ્યું કે તે 6 ટોપ મેગેઝિનના કવરમાં સામેલ છે. ભારતમાં તેની મજબૂત ફેન ફોલોઇંગ હતી પરંતુ આ પછી પણ તેણે હોલિવૂડમાં શૂન્યથી શરૂઆત કરવી પડી હતી. આટલું જ નહીં, ત્યાંના લોકો પ્રિયંકાને મળવા માટે પણ તૈયાર ન હતા, જે ખૂબ જ દુઃખી હતી. જો કે આ બધા પછી પ્રિયંકાએ પોતાની જાતને તૂટવા દીધી ન હતી. પ્રિયંકાએ 2017માં આવેલી ફિલ્મ 'બેવૉચ'થી હોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. પ્રિયંકાએ વધુમાં કહ્યું કે તે ખૂબ જ મહત્ત્વાકાંક્ષી મહિલા છે. તે માને છે કે જ્યારે તમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી ત્યારે તમારે પરિસ્થિતિ સાથે સમાધાન કરવું જોઈએ. આ જ કારણ હતું જેની મદદથી પોતાની જાતને મુશ્કેલ સમયમાંથી બહાર કાઢી હતી. પ્રિયંકાના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, તે છેલ્લે 2023માં આવેલી ફિલ્મ 'લવ અગેઈન'માં જોવા મળી હતી. આવનારા સમયમાં તે 'હેડ્સ ઓફ સ્ટેટ' ફિલ્મમાં જોવા મળશે.



**પ્રિયંકાએ પોતાની જાતને તૂટવા દીધી ન હતી. પ્રિયંકાએ 2017માં આવેલી ફિલ્મ 'બેવૉચ'થી હોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. પ્રિયંકાએ વધુમાં કહ્યું કે તે ખૂબ જ મહત્ત્વાકાંક્ષી મહિલા છે**

# બોલિવૂડની આ 5 અભિનેત્રીઓ જે થોડા મહિનામાં મોટા સ્ટારને પાછળ છોડી દેશે!

(એજન્સી) મુંબઇ | વર્ષની શરુઆતમાં માત્ર 3 અભિનેતાની ચર્ચા થઈ હતી. અક્ષય કુમાર, અજય દેવગન અને કાર્તિક આર્યન પરંતુ બોલિવુડની આ અભિનેત્રીઓ પાસે મોટા બજેટની ફિલ્મો છે. ટુંક સમયમાં મોટા પડદા પર અભિનેતાઓને પરસેવો છુટવી દેશે આ અભિનેત્રીઓ.

ગત્ત વર્ષ બોલિવુડ માટે શાનદાર રહ્યું છે. દુનિયાભરમાં 3 મોટા સ્ટારનું નામ ચર્ચામાં રહ્યું હતુ. તેમાં શાહરુખ ખાન, સની દેઓલ, રણબીર કપુર આ વર્ષની શરુઆતમાં અક્ષય કુમાર, અજય દેવગન અને કાર્તિક આર્યનની ચર્ચા થઈ રહી છે. કારણ તેનું અપકમિંગ પ્રોજેક્ટ છે.દિપીકા પાદુકોણ, કિયારા અડવાણી, જાહ્નવી કપૂર, આલિયા ભટ્ટ અને તૃપ્તિ ડિમરી આ પાંચ અભિનેત્રીઓ જેમની પાસે મોટા પ્રોજેક્ટ છે. મોટા બજેટની ફિલ્મ પણ રિલીઝ થશેઆ વર્ષે જાહ્નવી પાસે કુલ 7 મોટી ફિલ્મો છે, આ વર્ષ તેમના માટે શાનદાર રહેવાનું છે. તેમણે મોટા બજેટની ફિલ્મો સાઈન કરી છે જેમાં શરુઆત દેવરા ફિલ્મથી થશે. તે જૂનિયર એનટીઆરની સાથે સાઉથમાં ડેબ્યુ કરશે. તેમજ અન્ય ફિલ્મમાં સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે જોવા મળશે. આ વર્ષે જાહ્નવી માટે મોટા બજેટની ફિલ્મ લઈને આવ્યું છે.

રણબીર કપૂરની 'એનિમલ'ને તૃપ્તિને રાતોરાત નેશનલ ક્રશનો ટેગ મળી ગયો. ગયા વર્ષના છેલ્લા












મહિનાથી લઈને નવા વર્ષના 5 મહિના સુધી તે ખુબ ચર્ચામાં રહી હતી. હવે તેની પાસે મોટા બજેટની ફિલ્મો આવી ચુકી છે. આ લિસ્ટમાં પહેલું નામ મેરે મહબુબ મેરે સનમ છે. તેમજ ભુલ ભુલૈયા 3, તુ આશિકી હૈ, ધડક 2, ત્યારબાદ એનિમલ પાર્ક માં જોવા મળી શકે છે.હવે દીપિકા પાદુકોણને લોકો લેડી શાહરુખ ખાનના નામથી બોલાવે છે.ગત્ત વર્ષ બંન્ને સ્ટાર માટે સારું રહ્યું કારણ કે, બંન્ને પાસે 1000 કરોડની ફિલ્મ હતી. ફાઈટર રિલીઝ થઈ ચુકી છે હવે પ્રભાસની સાથે કલ્કિમાં જોવા મળશે. તેમજ સિંઘમ અગેનમાં પણ તેનો રોલ મહત્વનો છે. આ સિવાય પઠાણ 2માં પણ જોવા મળી શકે છે. પરંતુ પ્રેગ્નસીના કારણે તે અન્ય કેટલીક ફિલ્મમાંથી દુર પણ થઈ શકે છે.સાઉથ અને બોલિવુડમાં કિયારા ફેવરિટ બની ચુકી છે. આ વર્ષે તે રામચરણની ગેમ ચેન્જરથી ધમાલ મચાવશે. આ સિવાય ડોન-3 રણવીર સિંહ સાથે કામ કરતી જોવા મળશે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, આ માટે તેમણે તગડી ફિલ્મ લીધી છે. રિતિક રોશન અને જૂનિયર એનટીઆરની વોર-2માં મહત્વનો રોલ હશે.પોતાની કરિયરમાં હિટ ફિલ્મો આપનારી આલિયા ભટ્ટ ડાયરેક્ટર્સની પહેલી પસંદ બની રહી છે. તેની પાસે અનેક ફિલ્મો છે. સંજય લીલા ભંસાલીની લવ એન્ડ વોર, વેદાંદ રૈના સંગ જીગરા અને બ્રહ્માસ્ત્ર 2 જેવી ફિલ્મોમાં જોવા મળશે.

# કોલકાતાએ સિઝનમાં બીજી વખત દિલ્હીને હરાવ્યું

## ફિલ સોલ્ટની ફિફ્ટી, ચક્રવર્તીએ 3 વિકેટ લીધી




કોલકત્તા | તા 30

ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરતા કેપિટલ્સે 20 ઓવરમાં 9 વિકેટે 153 રન બનાવ્યા હતા. KKR તરફથી ફિલ સોલ્ટે 33 બોલમાં 68 રનની ઈનિંગ રમી હતી. તેણે સિઝનમાં તેની ચોથી અડધી સદી ફટકારી હતી. સુનીલ નારાયણે 15 રન અને રિંકુ સિંહે 11 રનનું યોગદાન આપ્યું હતું. અક્ષર પટેલને 2 વિકેટ મળી હતી. આ પહેલા DCના કુલદીપ યાદવે 26 બોલમાં અણનમ 35 રન બનાવ્યા હતા જ્યારે કેપ્ટન રિષભ પંતે 27 રનનું યોગદાન આપ્યું હતું. વરુણ ચક્રવર્તીએ 3 જ્યારે વૈભવ અરોરા અને હર્ષિત રાણાને 2-2 વિકેટ મળી હતી. મિચેલ સ્ટાર્ક અને સુનીલ નારાયણને એક-એક વિકેટ મળી હતી. કોલકાતા ટોપ-2 પર યથાવત, છઠ્ઠી મેચ જીતી આ જીત સાથે કોલકાતાની ટીમ પોઈન્ટ ટેબલમાં ટોપ-2 પર યથાવત છે. ટીમના ખાતામાં 9માંથી 6 જીત સાથે 12 પોઈન્ટ છે. બીજી તરફ હાર છતાં દિલ્હી હજુ છઠ્ઠા સ્થાને છે. કેપિટલ્સ પાસે તેમના ખાતામાં 10 પોઈન્ટ છે. વેંકટેશના છગ્ગાથી કોલકાતા જીત્યું કોલકાતા નાઈટ રાઈડર્સે દિલ્હી કેપિટલ્સ સામે 7 વિકેટે જીત મેળવી છે. ટીમે 16.3 ઓવરમાં 154 રનના ટાર્ગેટને ચેઝ કર્યો હતો. કેપ્ટન શ્રેયસ અય્યર 33 અને વેંકટેશ અય્યર 26 રને અણનમ પરત ફર્યા હતા. ફિલ સોલ્ટે 68 રનની ઈનિંગ રમી હતી. કોલકાતાને ત્રીજો ફટકો, રિંકુ સિંહ આઉટ કોલકાતાએ 10મી ઓવરમાં ત્રીજી વિકેટ ગુમાવી હતી. રિંકુ સિંહ 11 રન બનાવીને આઉટ થયો હતો. તે લિઝાદ વિલિયમ્સે કુલદીપ યાદવના હાથે કેચ આઉટ થયો હતો. 10 ઓવર પછી કોલકાતાનો સ્કોર 104/3 હતો. નારાયણ બાદ અક્ષરે સોલ્ટની વિકેટ લીધી કોલકાતાએ નવમી ઓવરમાં બીજી વિકેટ ગુમાવી હતી. અહીં ફિલ સોલ્ટ 68 રન બનાવીને હાથે બોલ્ડ થયો હતો. અક્ષરે સુનીલ નારાયણ (15 રન) ને જેક ફ્રેઝર-મેગર્કના હાથે કેચ કરાવ્યો હતો. આ ઓવરમાં કોલકાતાએ 100 રનનો આંકડો પાર કર્યો હતો.

# ટી20 વર્લ્ડકપમાં જગ્યા મળે...શાહરૂખે KKRના ખેલાડી માટે જણાવી ઈચ્છા



(એજન્સી) કોલકત્તા | તા 30

કોલકત્તા નાઈટ રાઈડર્સના સહ માલિક શાહરૂખખાને ટી20 વર્લ્ડકપ 2024ને માટે પોતાની ટીમના આક્રમક બેટ્સમેન રિંકુ સિંહને ભારતીય ટીમમાં સામેલ કરવાનું સમર્થન કર્યું અને સાથે પોતાની વ્યક્તિગત ઈચ્છા પણ જાહેર કરી. 26 વર્ષના રિંકુ ત્યારે ચર્ચામાં આવ્યા ત્યારે તેઓએ આઈપીએલ 2023માં કેકેઆરની ગુજરાત ટાઈટન્સની જીત માટે છેલ્લી ઓવરમા સતત 5 સિક્સ લગાવી. t20 world cupમાં રિંકુ પણ છે પ્રબળ દાવેદાર જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં થનારી t20 world cup માટે રિંકુ ભારતની 15 સભ્યોની ટીમમાં જગ્યા મેળવવા માટેના દાવેદાર છે. તેઓએ ભારત માટે 15 ટી20 આંતરરાષ્ટ્રીય મુદ્દામાં 2 અર્ધશતક બનાવ્યા છે અને સાથે તેનો સ્ટ્રાઈક રેટ 176થી વધારે રહ્યો છે. શું કહ્યું શાહરૂખ ખાને રિંકુની વર્લ્ડકપની શક્યતાઓને લઈને આશાવાદી વલણ રાખતા શાહરૂખે કહ્યું કે શાનદાર ખેલાડી દેશ માટે રમી રહ્યા છે. હું રિંકુને લઈને ઉત્સુક છે. ઈંશાઅલ્લાહ તેને વર્લ્ડકપ ટીમમાં જગ્યા મળે અને અન્ય ટીમના યુવાઓને પણ. તેઓએ એમ પણ કહ્યું કે તેમાંથી કેટલાક તેના હકદાર છે.

# ન્યૂઝીલેન્ડે બાળકો પાસે કરાવી T20 વર્લ્ડ કપ ટીમની જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી | તા 30

વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં રમાનારા T20 વર્લ્ડ કપ 2024 માટે ન્યૂઝીલેન્ડની ટીમની જાહેરાત કરવામાં આવી છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે સોમવારે બે બાળકો સાથે 15 સભ્યોની ટીમની જાહેરાત કરી હતી. બોર્ડે આનો એક ફની વીડિયો ટ્વીટ કર્યો છે. બાળકોમાં છોકરીનું નામ માટિલ્ડા અને છોકરાનું નામ એંગસ છે. આ પહેલા ODI વર્લ્ડ કપ 2023માં ન્યૂઝીલેન્ડની ટીમની જાહેરાત પણ અલગ રીતે કરવામાં આવી હતી. ત્યારે ખેલાડીઓના પરિવારજનોએ ટીમની જાહેરાત કરી હતી. બોર્ડે તે



જ દિવસે ટુર્નામેન્ટ માટે ટીમ કીટ પણ લોન્ચ કરી હતી. સ્ટાર ખેલાડી કેન વિલિયમસનને કેપ્ટનશિપની જવાબદારી મળી છે. ODI વર્લ્ડ કપ 2023માં શાનદાર બેટિંગ કરનાર રચિન રવીન્દ્રને પણ ટીમમાં સામેલ કર્યો છે. રચિન અને મેટ હેનરી પ્રથમ વખત T20 વર્લ્ડ કપમાં રમશે. બેન સીઅર્સનો 16મા ટ્રાવેલિંગ રિઝર્વ તરીકે સમાવેશ કર્યો છે. આ વખતે T20 વર્લ્ડ કપમાં કુલ 20 ટીમ ભાગ લઈ રહી છે. ન્યૂઝીલેન્ડે ટુર્નામેન્ટ માટે સૌપ્રથમ પોતાની ટીમની જાહેરાત કરી છે. ICC T20 વર્લ્ડ કપ 2024 માટે ન્યૂઝીલેન્ડની ટીમ કેન વિલિયમસન (કેપ્ટન), ફિન એલન, ટ્રેન્ટ બોલ્ટ, માઈકલ બ્રેસવેલ, માર્ક ચેપમેન, ડેવોન કોનવે, લોકી ફર્ગ્યુસન, મેટ હેનરી, ડેરીલ મિચેલ, જિમી નીશમ, ગ્લેન ફિલિપ્સ, રચિન રવીન્દ્ર, મિચેલ સેન્ટનર, ઈશ સોઢી અને ટિમ સાઉથી. T20 વર્લ્ડ કપ 2024ની ઓપનિંગ મેચ કેનેડા અને હોમ ટીમ અમેરિકા વચ્ચે રમાશે. આ મેચ 1 જૂને ડલાસમાં જ રમાશે. ક્રિકેટ ઈતિહાસની પ્રથમ મેચ પણ 1844માં અમેરિકા અને કેનેડા વચ્ચે રમાઈ હતી. ટુર્નામેન્ટમાં ન્યૂઝીલેન્ડની ટીમ 7 જૂનથી અફઘાનિસ્તાન સામેની સફર શરૂ કરશે. આ પછી રમવાની છે. 14 જૂને કિવી ટીમ યુગાન્ડા સામે રમશે જ્યારે 17 જૂને કિવી ટીમ પાપુઆ ન્યૂ ગિની સામે રમશે. ન્યૂઝીલેન્ડની ટીમ T20 વર્લ્ડ કપમાં ગ્રુપ Cનો ભાગ છે.


# પેરિસ સેન્ટ જર્મેને વિક્રમી 12મી વખત લીગ-1 ટાઇટલ જીત્યું




(એજન્સી) ફ્રાન્સ | તા 30

ઓલિમ્પિક લિયોનિસ સામે એસએ મોનાકોનો 3-2થી થયેલા પરાજયનો પેરિસ સેન્ટ જર્મેનને ફાયદો થયો હતો. આ પરિણામના કારણે પેરિસ સેન્ટ જર્મેને વિક્રમી 12મી વખત લીગ-1 ફૂટબોલનું ટાઇટલ જીતી લીધું હતું. ગયા શનિવારે પીએસજી પાસે ટાઈટલ જીતવાની સીધી તક હતી પરંતુ લે હાર્વે સામેની મેચ 3-3થી ડ્રો રહી હતી. પીએસજી બીજા ક્રમે રહેલી મોનાકો કરતાં 12 પોઈન્ટ આગળ છે અને લીગમાં હવે ત્રણ મુકાબલા બાકી રહ્યા છે. છેલ્લી નવ મેમચાં મોનાકોનો પ્રથમ પરાજય થયો છે. પીએસજીએ વધુ એક વખત ટાઈટલ જીતીને ફ્રેન્ચ ફૂટબોલમાં તેના દબદબાનો વધુ એક વખત પરચો આપ્યો હતો. મોનાકો માટે વિસામબેન યેદરે પહેલી તથા 60મી મિનિટે ગોલ કર્યા હતા. લિયોનિસ માટે એલેક્ઝાન્ડ્રે લાકાઝેટ્ટેએ 22મી, સાઈદ બેનરહમાએ 26મી તથા મેલિક ફોફાનાએ 84મી મિનિટે ગોલ કર્યા હતા. પીએસજીએ 31 મેચમાં 20 વિજય સાથે સર્વાધિક 70 પોઈન્ટ મેળવીને ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. બીજા ક્રમે રહેલી મોનાકોએ 21 મેચમાં 58 તથા ત્રીજા ક્રમે રહેલી બ્રેસ્ટ એફસીએ 21 મેચમાં 56 પોઈન્ટ મેળવ્યા છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી ફેબ્રુઆરી-માર્ચમાં રમાશે, હાઇબ્રિડ મોડેલ અંગે પીસીબીની સ્પષ્ટતા




(એજન્સી) કરાંચી | તા 30

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આગામી વર્ષે રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફી માટે કરાચી, લાહોર તથા રાવલપિંડીને વેન્યૂ તરીકે પસંદ કર્યા છે. ભારતની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે હાઈબ્રિડ મોડેલની અટકળો વચ્ચે પીસીબીએ જણાવ્યું હતું કે ટૂર્નામેન્ટ પાકિસ્તાનમાં જ રમાશે અને આગામી વર્ષે 2025ના ફેબ્રુઆરી-માર્ચમાં આ ઈવેન્ટ યોજાશે.

નોંધનીય છે કે ભારતે હજુ સુધી પોતાની ભાગીદારી અંગે કોઇ સમર્થન આપ્યું નથી અને ભારત સરકારની મંજૂરી મળશે નહીં તો ભારતની મેચો તટસ્થ સ્થળે રમાડવા અંગે આઈસીસી હાઈબ્રિડ મોડેલનો ઉપયોગ કરી શકે છે. આઈસીસીએ એવી પણ સ્પષ્ટતા કરી દીધી છે કે કોઇ સભ્ય દેશને તેની સરકારની નીતિનું ઉલ્લંઘન કરવા માટે કોઇ આગ્રહ કરવામાં આવશે નહીં. પીસીબીના પ્રમુખ મોહસિન નકવીએ જણાવ્યું હતું કે અમે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની મેચોનો કાર્યક્રમ મોકલી દીધો છે. આઈસીસીની સુરક્ષા સમિતિની બેઠક પણ સારી રહી હતી. અમારી તમામ વ્યવસ્થાની તેમણે સમીક્ષા કરી છે અને પોતાનો રિપોર્ટ આઈસીસીને મોકલી આપ્યો છે. નોંધનીય છે કે ગયા વર્ષે રમાયેલો એશિયા કપને હાઈબ્રિડ મોડેલ મુજબ રમાડવામાં આવ્યો હતો. ભારતની મેચો શ્રીલંકામાં રમાઇ હતી.

# મેચ દરમિયાન પંતના હાથમાંથી બેવાર બેટ છટકી ગયું

(એજન્સી) કોલકત્તા | તા 30

IPLમાં સોમવારે કોલકાતા નાઈટ રાઈડર્સે દિલ્હી કેપિટલ્સને 7 વિકેટે હરાવ્યું હતું. દિલ્હીના સુકાની રિષભ પંતના હાથમાંથી બે વખત બેટ છટકી ગયું હતું, જ્યારે કોલકાતાના કેપ્ટન શ્રેયસ અય્યરે રિવર્સ સ્વીપ રમીને સિક્સર ફટકારી હતી. સુનીલ નરેને એક IPLના સ્થળે સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો હતો. જ્યારે ફિલ સોલ્ટ કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં એક સિઝનમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યો હતો. દિલ્હીનો ઓપનર પૃથ્વી શૉ KKRનું રિવ્યૂ લેવાને કારણે આઉટ થયો હતો. વૈભવ અરોરાએ બીજી ઓવરનો ત્રીજો બોલ લેગ સ્ટમ્પની બહાર ગુડ લેન્થ ફેંક્યો હતો. પૃથ્વીએ ફ્લિક કર્યું પરંતુ બોલ વિકેટકીપર ફિલ સોલ્ટના હાથમાં ગયો. KKRએ કોટ બિહાઈન્ડની અપીલ કરી પરંતુ અમ્પાયરે નોટ આઉટ આપ્યો હતો પછી કોલકાતાએ રિવ્યૂ લીધો. અમ્પાયરે થર્ડ અમ્પાયરની મદદ માંગી હતી પરંતુ પૃથ્વી રિપ્લે જોયા પહેલાં પેવેલિયન પરત ફર્યો હતો. રિપ્લેમાં પણ તે આઉટ દેખાયો હતો, તેણે 7 બોલમાં 13 રન બનાવ્યા હતા. આ મેચમાં દિલ્હી કેપિટલ્સના કેપ્ટન રિષભ પંતનું બેટ બે વખત છટકી ગયું હતું. 8મી ઓવરના પહેલા બોલ પર સુનીલ નરેને શોર્ટ પીચ ફેંક્યો, પંતે બચાવ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ બેટ તેના હાથમાંથી છટકી ગયું. તે પછી, 10મી ઓવરના ત્રીજા બોલ પર વૈભવ અરોરાએ બાઉન્સર ફેંક્યો, પંતે પુલ કર્યું પરંતુ બેટ ફરીથી તેના હાથમાંથી છટકી ગયું. રિષભ પંતને પણ 9મી ઓવરમાં જીવનદાન મળ્યું હતું. વરુણ ચક્રવર્તીએ ઓવરનો પહેલો બોલ ફુલ લેન્થ ફેંક્યો, પંત સ્વિપ મારવા ગયો પણ બોલ શોર્ટ થર્ડ મેનની દિશામાં ગયો. અહીં હાજર હર્ષિત રાણાએ બોલને પકડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ બોલ તેના હાથમાંથી છટકી ગયો હતો. જીવનદાન સમયે પંત 13 બોલમાં 18 રનના સ્કોર પર બેટિંગ કરી રહ્યો હતો. વરુણ ચક્રવર્તીએ તેને 2 ઓવર બાદ પેવેલિયન મોકલી દીધો હતો. પંત 20 બોલમાં માત્ર 27 રન જ બનાવી શક્યો હતો.



હર્ષિત રાણાએ રિષભ પંતને જીવનદાન આપ્યું. કોલકાતાના ઓપનર ફિલ સોલ્ટને બીજી જ ઓવરમાં જીવતદાન મળ્યું હતું. પ્રથમ ઓવરમાં તેણે લિઝાર્ડ વિલિયમ્સ સામે 23 રન બનાવ્યા હતા. બીજી ઓવરમાં વિલિયમ્સે પોતે જ તેનો કેચ છોડ્યો હતો. ઓવરનો પહેલો બોલ ફુલ લેન્થ ખલીલ અહેમદે ફેંક્યો હતો, સોલ્ટે મોટો શોટ રમવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ બોલ હવામાં ગયો હતો. મિડ-ઓન પર ઊભેલા વિલિયમ્સે કેચ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે સરળ કેચ કરી શક્યો નહોતો. જીવનદાન સમયે સોલ્ટ 15 રન પર હતો, તેણે 33 બોલમાં 68 રન બનાવ્યા શ્રેયસ અય્યરે કુલદીપ યાદવ સામે સ્વીચ હિટ દ્વારા સિક્સર ફટકારી હતી. કુલદીપે 16મી ઓવરનો છેલ્લો બોલ ઓફ સ્ટમ્પની બહાર ગુડ લેન્થ ફેંક્યો હતો.

# શાહરૂખ ખાન IPL ટીમમાંથી કેવી રીતે કમાય છે કરોડો? થયો ખુલાસો



(એજન્સી) મુંબઇ | તા 30

બોલિવૂડના કિંગ ખાન જ્યાં જાય છે ત્યાં પોતાની છાપ છોડી જાય છે. શાહરૂખ ખાનની ફિલ્મો હોય કે IPL મેચો દરેક તેને જોવા આવે છે. શાહરૂખ ખાન હંમેશા ફિલ્મોમાં પોતાનો જાદુ બતાવે છે હવે ફેન્સને IPLમાં પણ શાહરૂખનો જાદુ જોવા મળી રહ્યો છે.

શાહરૂખ ખાન કોલકાતા નાઈટ રાઈડર્સનો સહ-માલિક છે. જ્યારે પણ શાહરૂખની ટીમની મેચ હોય છે ત્યારે તે મોટાભાગે તેના પરિવાર સાથે સ્ટેડિયમમાં જોવા મળે છે. મેચ બાદ શાહરૂખના મેદાનની આસપાસ ફરતા વીડિયો વાયરલ થતા રહે છે. શાહરૂખ કિંગ સાઈઝ લાઈફ જીવે છે. કમાણીના મામલામાં તે કોઈથી ઓછા નથી. શાહરૂખ ખાન પણ IPLમાંથી કરોડોની કમાણી કરે છે. શાહરૂખ ખાન IPLમાં KKR પાસેથી દર વર્ષે કરોડો રૂપિયાની કમાણી કરે છે. IPLની દરેક સિઝનમાં શાહરૂખ ખાન એક ફિલ્મ કરતા વધુની કમાણી કરે છે. IPLમાં દરેક ટીમ કરોડોની કમાણી કરે છે. હકીકતમાં BCCI દરેક ટીમને ટીવી ટેલિકાસ્ટ અને સ્પોન્સરશિપની કમાણીનો અમુક હિસ્સો આપે છે. આ સિવાય શાહરૂખ ખાનને તેની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ, ફ્રેન્ચાઈઝી ફી, ઈવેન્ટ રેવન્યુ અને ઘણી ઈનામી રકમ પણ મળે છે. શાહરૂખ ખાન IPLમાંથી કેટલી કમાણી કરે છે તેનો ખુલાસો કરવામાં આવ્યો નથી પરંતુ રિપોર્ટ્સમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રિપોર્ટ્સનું માનીએ તો શાહરૂખ ખાનની કુલ કમાણી 250-270 કરોડ રૂપિયાની આસપાસ છે.

તેમાંથી 100 કરોડ રૂપિયા ખેલાડીઓ અને મેનેજમેન્ટ ખરીદવા પાછળ ખર્ચવામાં આવે છે. ત્યાર બાદ 150 કરોડ રૂપિયા બાકી છે. જેમાંથી કોલકાતા નાઈટ રાઈડર્સને 55 ટકા અને બાકીનો હિસ્સો શાહરૂખ ખાનને મળે છે. જો આ ગણતરી કરીએ તો શાહરૂખ IPLની એક સિઝનમાંથી 70-80 કરોડ રૂપિયા કમાય છે. તમને જણાવી દઈએ કે કોલકાતા નાઈટ રાઈડર્સને શાહરૂખ ખાન અને તેના મિત્રો જૂહી ચાવલ અને જય મહેતાએ મળીને ખરીદ્યો હતો.

શાહરૂખ ખાનની કોલકાતા નાઈટ રાઈડર્સે આઈપીએલની બે સીઝન જીતી છે. તેણે આઈપીએલની સિઝન 5 અને સિઝન 7 જીતી હતી. શાહરૂખ કિંગ સાઈઝ લાઈફ જીવે છે. કમાણીના મામલામાં તે કોઈથી ઓછા નથી. શાહરૂખ ખાન પણ IPLમાંથી કરોડોની કમાણી કરે છે. શાહરૂખ ખાન IPLમાં KKR પાસેથી દર વર્ષે કરોડો રૂપિયાની કમાણી કરે છે.

# સુનીલ નરેને કર્યો કમાલ, IPLમાં મલિંગાને પાછળ છોડી બન્યો નં.-1

(એજન્સી) કોલકત્તા | તા 30

આઈપીએલ 2024ની47મી મેચ કોલકત્તા નાઈટ રાઈડર્સ અને દિલ્હી કેપિટલ્સની ટીમ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં દિલ્હી કેપિટલ્સની ટીમે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો પણ તે બોર્ડ પર મોટો સ્કોર બનાવી શકી નથી. કેકેઆરના દિગ્ગજ સુનીલ નરેને આ મેચમાં ખાસ બોલિંગ કરી. આ સમયે તેઓએ એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. પહેલા આ રેકોર્ડ લસિથ મલિંગાના નામે હતો. સુનીલ નરેને કર્યું મોટું કામ સુનીલે દિલ્હી કેપિટલ્સની સામે 4 ઓવરમાં ફક્ત 24 રન આપ્યા અને 1 વિકેટ લીધી હતી. આ કેકેઆરની ટીમના હોમ ગ્રાઉન્ડ ઈડન ગાર્ડન સ્ટેડિયમમાં રમાઈ. તેમાં 69 વિકેટની સાથે આઈપીએલમાં સૌથી વધુ વિકેટનો રેકોર્ડ બન્યો છે. આઈપીએલમાં એક જ જગ્યાએ સૌથી વધુ વિકેટ લેનારા બોલર બન્યા છે. આ પહેલા આ




લિસ્ટમાં લસિથ મલિંગા સૌથી આગળ રહ્યા હતા. મલિંગાએ મુંબઈ વાનખેડે સ્ટેડિયમમાં 68 વિકેટ પોતાના નામે કરી હતી. આ ખેલાડીઓએ એક જ સ્થળે સૌથી વધુ વિકેટ લેનારા બોલર્સ દિલ્હી કેપિટલ્સે આ મેચમાં સૌથી પહેલા બેટિંગ નુકસાને 153 રન બનાવ્યા. આ સમયે કુલદીપ યાદવે સૌથી વધુ નાબાદ 35 રન બનાવ્યા. તેઓએ આ રન 9મા નંબરે બેટિંગ કરી.

# રાજસ્થાન સહિતની આ ટીમો પ્લેઓફમાં સ્થાન નિશ્ચિત! જાણો સંપુર્ણ સમીકરણ

નવી દિલ્હી | તા 30

દિલ્હી કેપિટલ્સે મુંબઈ ઈન્ડિયન્સને હરાવ્યું હતું. આ પછી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ગુજરાત ટાઈટન્સને કારમી હાર આપી હતી. આ બે મેચના પરિણામો બાદ પોઈન્ટ ટેબલ અને પ્લેઓફની રેસ ઘણી રસપ્રદ બની ગઈ છે. જ્યાં દિલ્હી કેપિટલ્સે મુંબઈ ઈન્ડિયન્સને હરાવીને પ્લેઓફ માટે દાવેદારી નોંધાવી હતી. આ સાથે જ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ગુજરાત ટાઈટન્સને હરાવીને પોતાની પ્લેઓફની આશા જીવંત રાખી હતી. જોકે, પ્લેઓફ માટેની રેસ ઘણી રસપ્રદ બની છે. અમે તે 4 ટીમો પર એક નજર નાખીશું જેમનો પ્લેઓફ રમવાનો દાવો સૌથી મજબૂત લાગે છે.

આ ટીમો પ્લેઓફમાં રમશે તે લગભગ નિશ્ચિત છે! આ રોયલ્સનું છે. અત્યાર સુધી રાજસ્થાન રોયલ્સે 8 મેચ જીતી છે, પરંતુ માત્ર 1 મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. આ રીતે સંજુ સેમસનની આગેવાની હેઠળની રાજસ્થાન રોયલ્સના 9 મેચમાં 16 પોઈન્ટ છે. આ પછી બીજા ક્રમની કોલકાતા નાઈટ રાઈડર્સ અને છઠ્ઠા ક્રમની ટીમ દિલ્હી કેપિટલ્સના 10-10 પોઈન્ટ છે. એટલે કે નેટ રન રેટના આધારે જ આ ટીમો આગળ છે. તેથી, માત્ર એક જીત કે હાર સમગ્ર સમીકરણ બદલી શકે છે. કોલકાતા નાઈટ રાઈડર્સ ઉપરાંત ચેન્નાઈ સુપર કિંગ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ, લખનૌ સુપર જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સના 8-8 પોઈન્ટ છે.

# હિટમેન'ના 5 ઐતિહાસિક રેકોર્ડ્સ, જેને તોડવા અશક્ય




(એજન્સી) નવી દિલ્હી | તા 30

ભારતીય ટીમનો કેપ્ટન રોહિત શર્મા મંગળવારે (30 એપ્રિલ) 37 વર્ષનો થઈ ગયો. હિટમેન રોહિત હાલમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં ધૂમ મચાવી રહ્યો છે. આ વખતે તે મુંબઈ ઈન્ડિયન્સ (MI)નો કેપ્ટન નથી.રોહિત એક ખેલાડી તરીકે રમી રહ્યો છે. તેની જગ્યાએ હાર્દિક પંડ્યાને કેપ્ટન્સી મળી છે. રોહિતે ખાસ બેટિંગ પરફોર્મન્સથી અનેક બોલરોને માત આપી છે. રોહિતે પોતાના બેટથી ક્રિકેટના ઈતિહાસમાં ઘણા એવા રેકોર્ડ બનાવ્યા છે જેને રોહિતનું બેટ ફરે છે ત્યારે શ્રેષ્ઠ બોલરો પણ દંગ રહી જાય છે. હિટમેને વનડેમાં 3 બેવડી સદી ફટકારી છે, જ્યારે કોઈપણ બેટ્સમેન માટે એક પણ બેવડી સદી ફટકારવી એ સપનાથી ઓછું નથી. ચાલો જાણીએ રોહિતના આવા જ 5 અદ્ભુત અને ઐતિહાસિક રેકોર્ડ વિશે. ODI ક્રિકેટમાં 3 બેવડી સદી રોહિતે વનડે ફોર્મેટમાં એક કે બે વાર નહીં પરંતુ ત્રણ વખત બેવડી સદી ફટકારી છે. તેણે 2 નવેમ્બર 2013ના રોજ તેની પ્રથમ બેવડી સદી ફટકારી હતી. ત્યારબાદ રોહિતે બેંગલુરુમાં ઓસ્ટ્રેલિયા સામે 209 રનની શાનદાર ઈનિંગ રમી હતી. બરાબર એક વર્ષ પછી, રોહિતે ODI ક્રિકેટમાં એક નવો ઈતિહાસ રચ્યો, બરાબર એક વર્ષ પછી 13 નવેમ્બર 2014ના રોજ રોહિતે ODI ક્રિકેટમાં ફરીથી દિગ્ગજોને મનાવી લીધા. હિટમેને ફરી એકવાર બેવડી સદી ફટકારી. આ વખતે તેણે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં શ્રીલંકા સામે 264 રનની શાનદાર ઈનિંગ રમી હતી. 3 વર્ષ બાદ રોહિતનું બેટ ફરી એકવાર એવી રીતે ગર્જ્યું કે બોલરો ધ્રૂજી ગયા. આ વખતે હિટમેને તેની કારકિર્દીની ત્રીજી બેવડી સદી ફટકારી અને આવું કરનાર વિશ્વનો પ્રથમ ક્રિકેટર બન્યો. આ વખતે ફરી રોહિતે શ્રીલંકાને શિકાર બનાવ્યો હતો. તેણે મોહાલીના મેદાન પર 208 રનની અણનમ ઈનિંગ રમી હતી.

# એકસાથે 35 વાવાઝોડાએ અમેરિકાના ઓક્લાહોમને ધમરોળ્યું

## જો કે ટોર્નેડો વિશ્વમાં ગમે ત્યારે આવી શકે છે, તે અમેરિકામાં સૌથી વધુ સંખ્યામાં થાય

(એજન્સી) ઓક્લાહોમા | તા 30



અમેરિકાના રાજ્ય આયોવા અને ઓક્લાહોમામાં વાવાઝોડાના કારણે તબાહી સર્જાઈ છે. અમેરિકન મીડિયા વોશિંગ્ટન પોસ્ટ અનુસાર તોફાનના કારણે અત્યાર સુધીમાં એક શિશુ સહિત 4 લોકોનાં મોત થયા છે. 100 થી વધુ લોકો ઘાયલ થયા છે. ટોર્નેડોના કારણે એકલા સલ્ફર શહેરમાં 30 થી વધુ લોકો ઘાયલ થયા છે. અહીંની મોટાભાગની ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે અને અત્યાર સુધીમાં પાંચ હજારથી વધુ લોકો બેઘર થઈ ગયા છે. આયોવા અને ઓક્લાહોમામાં તોફાનથી 500 થી વધુ ઘરો ધરાશાયી થયા હતા. ઓક્લાહોમાના ગવર્નર કેવિન સ્ટિટે કહ્યું કે આખા શહેરમાં તબાહી સર્જાઈ છે. લોકોના ધંધામાં નુકસાન થયું હતું. 20 હજારથી વધુ લોકો વીજળી વિના જીવવા મજબૂર બન્યા છે. ન્યૂઝ એજન્સી એપી અનુસાર, શનિવાર અને રવિવાર વચ્ચે એક સાથે 35 ટોર્નેડો નોંધાયા હતા. જ્યારે શુક્રવારે આ આંકડો 70થી વધુ હતો. વ્હાઈટ હાઉસના અધિકારીઓના જણાવ્યા અનુસાર રાષ્ટ્રપતિ જો બાઈડને રવિવારે ઓક્લાહોમાના ગવર્નર સાથે વાત કરી હતી અને તમામ શક્ય મદદની ખાતરી આપી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર શહેરમાં શનિવારે રાત્રે વાવાઝોડાને કારણે ભારે વરસાદ થયો હતો, જેના કારણે વિસ્તારમાં પૂર આવી ગયું હતું. આ અસરને કારણે ઘણી કાર પલટી ગઈ હતી અને ઈમારતોની છત અને દિવાલો તૂટી ગઈ હતી. આ પછી લોકોની મદદ માટે ઈમરજન્સી ટીમ મોકલવામાં આવી હતી. હવામાન વિભાગની ચેતવણી બાદ અમેરિકાની 12 કાઉન્ટીમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. ઓક્લાહોમા હવામાન વિભાગે રવિવારે 250 ટોર્નેડો અને 494 ગંભીર વાવાઝોડાની ચેતવણી જારી કરી હતી. વિશ્વમાં સૌથી વધુ ટોર્નેડો સર્વિસ શકે છે, તે અમેરિકામાં સૌથી વધુ સંખ્યામાં થાય છે. અમેરિકામાં જ મોટાભાગના ટોર્નેડો કેન્સાસ, ઓક્લાહોમા, ટેક્સાસ જેવા મેદાની વિસ્તારોમાં થાય છે. NOAA એટલે કે નેશનલ ઓસેનિક એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન કહે છે કે દર વર્ષે અમેરિકામાં ટોર્નેડોના કારણે 50 લોકોના જીવ જાય છે. વર્ષ 2011માં ત્યાં ખૂબ જ વિનાશક ટોર્નેડો આવ્યા હતા,

## ન્યૂઝ ફ્લેશ

### દુબઈમાં વિશ્વનું સૌથી મોટું એરપોર્ટ બનશે, જાણો તેની વિશેષતા

દુબઈ | યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) પ્રવાસન ક્ષેત્રે કૂદકે ને ભૂસકે પ્રગતિ કરી રહ્યું છે. તેને જોતા UAEના શાસક શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મકતુમે એક મોટી જાહેરાત કરી છે. શેખ મોહમ્મદ બિનએ રવિવારે તેમના X એકાઉન્ટ પર જાહેરાત કરી હતી કે દુબઈ વિશ્વનું સૌથી મોટું એરપોર્ટ, તેનું બંદર, શહેરી કેન્દ્ર અને એક નવું વૈશ્વિક કેન્દ્ર બનશે. આ અંતર્ગત તેમણે લગભગ US 35 બિલિયન ડોલર એટલે કે, (રૂ. 2.9 લાખ કરોડ)ના નવા એરપોર્ટ પ્રોજેક્ટની જાહેરાત કરી છે પાંચ રન-વે અને 400 એરક્રાફ્ટ ગેટ હશે શેખ મોહમ્મદે વધુમાં જણાવ્યું કે નવા એરપોર્ટને અલ મક્તૂમ ઈન્ટરનેશનલ એરપોર્ટ કહેવામાં આવશે અને તેમાં 5 રનવે હશે, 260 મિલિયન મુસાફરોને હોસ્ટ કરવાની ક્ષમતા અને 400 એરક્રાફ્ટ ગેટ હશે. તેમણે વધુમાં કહ્યું કે આ નવો પ્રોજેક્ટ 'અમારા બાળકો અને તેમના બાળકો માટે સતત અને સ્થિર વિકાસ' સુનિશ્ચિત કરશે. ઉડ્ડયન ક્ષેત્રમાં પ્રથમ વખત નવી ઉડ્ડયન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. દુબઈનું હાલનું એરપોર્ટ 5 ગણું મોટું હશે દુબઈના શાસકે વધુમાં કહ્યું કે આ એરપોર્ટ હાલના દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ કરતા 5 ગણું કદનું હશે અને આવનારા વર્ષોમાં દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટની તમામ કામગીરી તેના પર ટ્રાન્સફર કરવામાં આવશે.મોહમ્મદે વધુમાં જણાવ્યું કે નવા એરપોર્ટને અલ મક્તૂમ ઈન્ટરનેશનલ એરપોર્ટ કહેવામાં આવશે અને તેમાં 5 રનવે હશે, 260 મિલિયન મુસાફરોને હોસ્ટ કરવાની ક્ષમતા અને 400 એરક્રાફ્ટ ગેટ હશે. તેમણે વધુમાં કહ્યું કે આ નવો પ્રોજેક્ટ 'અમારા બાળકો અને તેમના બાળકો માટે સતત અને સ્થિર વિકાસ' સુનિશ્ચિત કરશે.

### અમેરિકામાં ઈઝરાયલ વિરુદ્ધ પ્રદર્શન વધુ ઉગ્ર બન્યું, 900 વિદ્યાર્થીઓની અટકાયત

અમેરિકાની આશરે 30 યુનિવર્સિટીમાં એન્ટિ ઈઝરાયલ પ્રોટેસ્ટ પહોંચ્યું પ્રદર્શનકારીઓએ હાર્વર્ડ યુનિવર્સિટી સંકુલમાં જૉન હાર્વર્ડ સ્ટેચ્યૂ પર પેલેસ્ટાઈન ધ્વજ લગાવ્યો અત્યાર સુધી 900થી વધુ વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી છે. હાર્વર્ડ યુનિવર્સિટીમાં જ્યાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ કેમ્પસમાં જોન હાર્વર્ડની પ્રતિમા પરથી અમેરિકન ધ્વજ હટાવીને તેની જગ્યાએ પેલેસ્ટિનિયન ધ્વજ લગાવી દીધો હતો. ગાઝામાં નરસંહારના વિરોધમાં અમેરિકામાં ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન તેજ થયું જગત જમાદાર અમેરિકામાં ઈઝરાયલ વિરુદ્ધ પેલેસ્ટાઈનના ટેકામાં વિરોધ પ્રદર્શન સતત વધતું જઈ રહ્યું છે. અમેરિકી વિદ્યાર્થીઓએ ગાઝા પટ્ટીમાં નરસંહારના વિરોધમાં માર્ગો પર ઉતરી પડયાં છે. અમેરિકાની આશરે 30 યુનિવર્સિટીમાં ઈઝરાયલ વિરુદ્ધ આંદોલન ચાલી રહ્યું છે. અત્યાર સુધી 900થી વધુ વિદ્યાર્થીઓની ધરપકડ કરવામાં આવી છે.

હાર્વર્ડ યુનિવર્સિટીમાં જ્યાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ કેમ્પસમાં જોન હાર્વર્ડની પ્રતિમા પરથી અમેરિકન ધ્વજ હટાવીને તેની જગ્યાએ પેલેસ્ટિનિયન ધ્વજ લગાવી દીધો હતો. અમેરિકાની અનેક યુનિવર્સિટીઓમાં એક પછી એક દેખાવો ઉગ્ર બની રહ્યા છે. આ ઘટના શનિવારે ત્યારે બની જ્યારે વિદ્યાર્થીઓએ પેલેસ્ટાઈનના સમર્થનમાં પ્રદર્શન સમાપ્ત કરવાનો ઈન્કાર કરી દીધો. અમેરિકી વિદ્યાર્થીઓએ ગાઝા પટ્ટીમાં નરસંહારના વિરોધમાં માર્ગો પર ઉતરી પડયાં છે. અમેરિકાની આશરે 30 યુનિવર્સિટીમાં ઈઝરાયલ વિરુદ્ધ આંદોલન ચાલી રહ્યું છે.

# કોરોનાની કોવિશિલ્ડ વેક્સિનથી હાર્ટ એટેકનું જોખમ:2 વર્ષે બ્રિટિશ કોર્ટમાં કંપનીએ સ્વીકાર્યું

### ભારતમાં આ જ ફોર્મ્યુલાથી બનેલી કોવિશિલ્ડના 175 કરોડ ડોઝ અપાયા

(એજન્સી) વોશિંગ્ટન | તા 30

કોરોનાની દવાઓ બનાવતી બ્રિટિશ ફાર્માસ્યુટિકલ કંપની એસ્ટ્રાઝેનેકાએ પહેલીવાર સ્વીકાર્યું છે કે તેની કોવિડ-19 વેક્સિન ગંભીર સાઈડ ઈફેક્ટ થઈ શકે છે. એસ્ટ્રાઝેનેકાએ UK હાઈકોર્ટમાં સ્વીકાર્યું છે કે કોવિડ -19 વેક્સિનના કારણે થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ (TTS) જેવી સાઈડ ઈફેક્ટ થઈ શકે છે.

થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમને કારણે, શરીરમાં લોહી ગંઠાવા (Blood Clot) લાગે છે અથવા શરીરમાં પ્લેટલેટ્સ ઝડપથી ઘટવા લાગે છે. શરીરમાં લોહી ગંઠાઈ જવાના કારણે બ્રેઈન સ્ટ્રોક અથવા હાર્ટ એટેકનું જોખમ વધી જાય છે. બ્રિટિશ ફાર્માસ્યુટિકલ કંપની એસ્ટ્રાઝેનેકાએ સ્વીકાર્યું છે કે તેની કોવિડ-19 વેક્સિનની ખતરનાક સાઈડ ઈફેક્ટ્સ થઈ શકે છે. બ્રિટિશ મીડિયા ટેલિગ્રાફના અહેવાલ મુજબ, એસ્ટ્રાઝેનેકા પર તેની વેક્સિનના કારણે ઘણા લોકોના મોતના આરોપ છે. બીજા ઘણાને ગંભીર બીમારીઓનો સામનો કરવો પડ્યો છે. એસ્ટ્રાઝેનેકા વેક્સિન ભારતમાં કોવિશિલ્ડના નામે તરીકે ઓળખાય છે. આ પછી, હાઈકોર્ટમાં રજૂ કરાયેલા દસ્તાવેજોમાં, કંપનીએ સ્વીકાર્યું કે તેમની કોરોના વેક્સિન થ્રોમ્બોસિસ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ એટલે કે TTSનું કારણ બની શકે છે. આ રોગને કારણે શરીરમાં લોહી ગંઠાઈ જાય છે અને પ્લેટલેટ્સની સંખ્યા ઘટી જાય છે. જેના કારણે હાર્ટ એટેક અને સ્ટ્રોકનો ખતરો પણ રહે છે. બ્રિટનમાં કંપની સામે 51 કેસ હાઈકોર્ટમાં કેસ ચાલી રહ્યા છે. પીડિતોએ એસ્ટ્રાઝેનેકા પાસેથી લગભગ 1 હજાર કરોડ રૂપિયાના વળતરની માંગ કરી છે. એસ્ટ્રાઝેનેકાએ 60 લાખ લોકોના જીવ બચાવ્યા ઘણા અભ્યાસોમાં તે સાબિત થયું છે કે કોરોના મહામારી દરમિયાન એસ્ટ્રાઝેનેકા વેક્સિનની રજૂઆત પછીના પ્રથમ વર્ષમાં, તેણે લગભગ 60 લાખ લોકોના જીવ બચાવ્યા છે. ખાસ વાત એ છે કે બ્રિટનમાં હવે આ વેક્સિનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી.



### કંપનીએ કાનૂની દસ્તાવેજોમાં સાઈડ ઈફેક્ટનો સ્વીકાર કર્યો

એસ્ટ્રાઝેનેકાએ લખ્યું છે કે કેટલાક કિસ્સાઓમાં તેમની વેક્સિન TTSનું કારણ બની શકે છે. જો કે, કંપની પાસે હાલમાં વેક્સિનમાં આ રોગનું કારણ શું છે તેની માહિતી નથી. આ દસ્તાવેજો સામે આવ્યા બાદ, સ્કોટના વકીલે કોર્ટમાં દાવો કર્યો છે કે એસ્ટ્રાઝેનેકા-ઓક્સફર્ડ વેક્સિનમાં ખામીઓ છે અને તેની અસરકારકતા વિશે ખોટી માહિતી આપવામાં આવી હતી. પૂર્વ બ્રિટિશ પીએમ બોરિસ જોન્સને એસ્ટ્રાઝેનેકા વેક્સિનને બ્રિટિશ વિજ્ઞાનની મોટી જીત ગણાવી હતી.એપ્રિલ 2021માં, જેમી સ્કોટ નામના વ્યક્તિએ આ વેક્સિન લીધી હતી. આ પછી તેની તબિયત બગડી. શરીરમાં લોહી ગંઠાઈ જવાથી તેની સીધી અસર તેના મગજ પર પડી હતી. આ સિવાય સ્કોટને બ્રેનમાં ઈન્ટર્નલ રક્તસ્ત્રાવ પણ થયો હતો. રિપોર્ટ અનુસાર, ડોક્ટરોએ તેની પત્નીને કહ્યું કે તેઓ સ્કોટને બચાવી શકશે નહીં.પૂર્વ બ્રિટિશ પીએમ બોરિસ જોન્સને એસ્ટ્રાઝેનેકા વેક્સિનને બ્રિટિશ વિજ્ઞાનની મોટી જીત ગણાવી હતી.

### વૈજ્ઞાનિકોએ એપ્રિલ 2021માં વેક્સિનથી થતી બીમારીની ઓળખ કરી હતી

એસ્ટ્રાઝેનેકાએ કહ્યું, 'અમારી સંવેદનાઓ એવા લોકો માટે છે કે જેમણે પ્રિયજનોને ગુમાવ્યાં છે અથવા ગંભીર બીમારીઓનો ભોગ બન્યા છે. દર્દીની સુરક્ષા અમારી પ્રાથમિકતા છે. અમારા નિયમનકારી સત્તાવાળાઓ તમામ દવાઓ અને વેક્સિનના સલામત ઉપયોગ માટે તમામ ધોરણોનું પાલન કરે છે.' કંપનીએ વધુમાં કહ્યું, 'વિવિધ દેશોના ક્લિનિકલ ટ્રાયલ અને ડેટાએ સાબિત કર્યું છે કે અમારી વેક્સિન સલામતીનાં ધોરણોને પૂર્ણ કરે છે. વિશ્વભરના રેગ્યુલેટર્સે પણ સ્વીકાર્યું છે કે વેક્સિનના ફાયદા તેની દુર્લભ આડઅસરો કરતાં વધુ છે.' વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ પણ કહ્યું હતું કે આ વેક્સિન 18 વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકો માટે સલામત અને અસરકારક છે. તેના લોન્ચિંગ સમયે, તત્કાલીન બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોન્સને તેને બ્રિટિશ વિજ્ઞાન માટે એક મોટી જીત ગણાવી હતી.કંપનીએ એવો પણ દાવો કર્યો છે કે એપ્રિલ 2021માં જ તેમણે પ્રોડક્ટની માહિતીમાં કેટલાક કેસમાં TTSના ખતરાને સામેલ કર્યો હતો.

# ઈઝરાયેલ-હમાસ વચ્ચે થઇ શકે છે યુદ્ધવિરામ

(એજન્સી) જેરુસલેમ | તા 30

યુદ્ધના 6 મહિના બાદ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ટૂંક સમયમાં બીજી વખત યુદ્ધવિરામ થઈ શકે છે. સમાચાર એજન્સી AFPના જણાવ્યા અનુસાર, હમાસ ઈઝરાયેલના બંધકોને મુક્ત કરવાના કરાર પર સહમત થઈ ગયું છે. હમાસે કહ્યું છે કે તેને ઈજિપ્ત અને ઈઝરાયેલના પ્રસ્તાવથી કોઈ સમસ્યા નથી. AFPએ એક અધિકારીને ટાંકીને કહ્યું કે જ્યાં સુધી ઈઝરાયેલ કોઈ સમસ્યા ઉભી નહીં કરે ત્યાં સુધી હમાસને ઈજિપ્તના પ્રસ્તાવથી કોઈ ખાસ સમસ્યા નથી. હમાસના એક અધિકારીએ જણાવ્યું હતું કે વરિષ્ઠ નેતા ખલીલ અલ-હૈયાના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ 29 એપ્રિલે એટલે કે આજે કૈરોમાં ઈજિપ્ત અને કતારી મધ્યસ્થીઓ સમક્ષ પ્રસ્તાવ પર હમાસનો પ્રતિભાવ રજૂ કરશે. કતારી મીડિયા અલ-અરબી અલ-જાદીદના જણાવ્યા અનુસાર, ઈજિપ્તે ઈઝરાયેલના પ્રતિનિધિમંડળને પણ બેઠક માટે બોલાવ્યું છે, જેથી સમજૂતી પ્રક્રિયાને ઝડપી બનાવી શકાય અને મહત્વપૂર્ણ બાબતો પર ચર્ચા કરી શકાય. ઈજિપ્ત, કતાર અને અમેરિકા સમજૂતી કરવામાં વ્યસ્ત ઈજિપ્ત, કતાર અને અમેરિકા સાથે મળીને હમાસ અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધવિરામ પર ચર્ચા કરવા માટે શુક્રવારે 26 એપ્રિલે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ ઈઝરાયેલ મોકલ્યું હતું. હવે બંને દેશો વચ્ચે યુદ્ધવિરામને લઈને કૈરોમાં વાતચીત થશે. આ પહેલા નવેમ્બરમાં પહેલીવાર કતાર અને ઈજિપ્તની મધ્યસ્થી બાદ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે 4 દિવસ માટે યુદ્ધવિરામ થયો હતો. આ સમયગાળા દરમિયાન હમાસે 112 બંધકોને મુક્ત કર્યા હતા. તે જ સમયે, ઈઝરાયલે જેલમાં બંધ 240થી વધુ પેલેસ્ટાઈનીઓને પણ મુક્ત કર્યા હતા. ઈઝરાયેલ ગાઝામાં ઘણી છૂટ આપવા તૈયાર હમાસ અને ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધવિરામ કરાર અને બંધકોને મુક્ત કરવા સંબંધિત વિગતો જાહેર કરવામાં આવી નથી. જો કે, કેટલાક મીડિયા અહેવાલો અનુસાર, તે 33 ઈઝરાયેલી બંધકોને મુક્ત કરવાની વાત કરે છે. તેના બદલામાં ઈઝરાયેલ જેલમાં બંધ પેલેસ્ટિનિયન કેદીઓને મોટી સંખ્યામાં મુક્ત કરશે.

# પાકિસ્તાન સંસદમાં ભારતની ખૂબ પ્રશંસા કરવામાં આવી

(એજન્સી) કરાંચી | તા 30

પાકિસ્તાનના અગ્રણી નેતા મૌલાના ફઝલ ઉર રહેમાને પાકિસ્તાનની સંસદમાં પોતાના દેશને અરીસો બતાવ્યો છે. ફઝલ ઉર રહેમાને કહ્યું કે જ્યારે ભારત વૈશ્વિક મહાસત્તા બનવાની નજીક જઈ રહ્યું છે ત્યારે પાકિસ્તાન પોતાને વિનાશથી બચાવવા માટે વિશ્વને ભીખ માંગી રહ્યું છે. રહેમાને પાકિસ્તાની સેનાને પણ આડે હાથ લીધી હતી. જમીયત ઉલેમા-એ-ઈસ્લામ ફઝલ JUI-Fના વડા રહેમાને નેશનલ એસેમ્બલીમાં શક્તિશાળી ભાષણ આપ્યું હતું. તેમણે કહ્યું કે, અમને 2018ની ચૂંટણી સામે પણ વાંધો હતો અને અમને આ 8 ફેબ્રુઆરીની ચૂંટણી સામે પણ વાંધો છે. જો 2018ની ચૂંટણીમાં ધાંધલ ધમાલ થઈ હતી તો હાલની ચૂંટણીમાં ગોટાળા કેમ ન થયા? રહેમાને પાકિસ્તાન મુસ્લિમ લીગ - નવાઝ અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના શાસક ગઠબંધનને વિનંતી કરી કે જો પીટીઆઈની સંસદમાં બહુમતી હોય તો તેને સરકાર બનાવવાની મંજૂરી આપે. તેમણે કહ્યું કે ચાલો આપણે અહીં વિરોધી સીટ પર બેસીએ અને જો પીટીઆઈ ખરેખર મોટી પાર્ટી છે તો તેમને સરકાર આપો.તેમના ભાષણ દરમિયાન તેમણે ભારત સાથે સમાનતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું, જરા ભારત અને આપણી સરખામણી કરો, બંને દેશોને એક જ દિવસે આઝાદી મળી હતી, પરંતુ આજે ભારત મહાસત્તા બનવાના સપના જોઈ રહ્યા છે અને આપણે પોતાને નાદારીથી બચાવવા માટે ભીખ માંગી રહ્યા છીએ. તેમણે કહ્યું કે નિર્ણયો કોઈ બીજા દ્વારા લેવામાં આવે છે પરંતુ રાજકારણીઓને સમસ્યાઓ માટે જવાબદાર ગણવામાં આવે છે.

# 1970માં ડૂબ્યું 300 વર્ષ જૂનું ગામ, આ વર્ષે ફરી દેખાયું, જાણો કારણ

(એજન્સી) ફિલિપિન્સ | તા 30

ફક્ત ભારતમાં જ નહીં પણ અન્ય દેશમાં પણ દર વર્ષે પૂર આવે છે. આ પૂરમાં આખો સંસાર બર્બાદ થઈ જાય છે. અનેક ગામ ડૂબી જાય છે. ફિલિપિન્સમાં 1970ના દશકમાં બંધના પાણીમાં 300 વર્ષ જૂનું ગામ ડૂબી ગયું હતું.આ વર્ષે ફિલિપિન્સમાં દુષ્કાળ પડી રહ્યો છે.તેના કારણે ચમત્કાર થયો છે.દુષ્કાળના કારણે બંધના પાણીનું સ્તર નીચે આવ્યું છે. પાણી સૂકાવવાથી વસ્તી ફરી પ્રકટ થઈ છે. ઉત્તરી ફિલિપિન્સના નુએવા એસિજા પ્રાંતમાં સ્થિત પેંટાબંગન બંઝના પાણીથી ચર્ચ અને મકબરા સહિત વસ્તીના કેટલાક લગભગ 50 મીટર નીચે સુધી ગયું છે. બંધનું નિર્માણ બાદ આ છઠ્ઠી વખત છે જ્યારે વસ્તી ફરી જોવા મળી છે. મળતી માહિતિ અનુસાર લાંબા સમય બાદ આ ગામ જોવા મળ્યું છે. ફિલિપિન્સમાં શા માટે પડી રહ્યો છે દુષ્કાળ ફિલિપિન્સમાં સામાન્ય રીતે માર્ચ, એપ્રિલ અને મેમાં તાપમાન વધારે રહે છે. આ વર્ષે અલ નીનોએ હવામાન ખરાબ કરી દીધું હતું. અલ નીનો એક જળવાયુ ઘટના છે, જે મધ્ય અને પૂર્વી પ્રશાંત મહાસાગરમાં સમુદ્રના તટથી સરેરાશ વધારે ગરમ તાપમાનની વિશેષતા છે, તેનાથી ફિલિપિન્સમાં સરેરાશ ઓછો વરસાદ થયો છે. ફિલિપિન્સ હવામાન એજન્સીએ સોમવારે જાહેરાત કરી અને સંકેત આપ્યા કે આવનારા 3 દિવસમાં તાપમાન 37 ડિગ્રી સેલ્સિયસ સુધી વધી શકે છે. એજન્સીએ ચેતવણી જાહેર કરી કે તાપમાન અને ભેજ મળીને તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે.

# કંગાળ પાકિસ્તાનની વધી મુશ્કેલી, IMFએ કરી મદદની જાહેરાત

(એજન્સી) ઇસ્લામાબાદ | તા 30

કંગાળીની સ્થિતિમાં જીવી રહેલા પાકિસ્તાનને એક સંજીવની મળી છે. તેનાથી પાકિસ્તાનની સ્થિતિ થોડા દિવસ સુધી સુધરી શકે છે. આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF)ના બોર્ડે પાકિસ્તાનના બેલઆઉટ પેકેજના આધારે 1.1 બિલિયન અમેરિકી ડોલરની લોનને મંજૂરી આપી છે.

આ લોનની જાહેરાત એવા સમયે સામે આવી છે જ્યારે પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફે વર્લ્ડ ઈકોનોમિક ફોરમના પ્રમુખ ક્રિસ્ટાલિના જોર્જિવાએ નવા લોનને લઈને ચર્ચા કરી હતી. ક્રિસ્ટાલિનાએ શહબાઝને સચ્ચાઈ બતાવી છે. આઈએમએફ ચીફે બેઠકમાં કહ્યું કે પાકિસ્તાનની જનતા મુશ્કેલીમાં છે. હવે ફરીથી લોનને મંજૂર કરાઈ છે. પાકિસ્તાનના નાણામંત્રી મોહમ્મદ ઔરંગઝેબે પણ તેની પુષ્ટિ કરી છે. લોનની વાત કરીએ તો તેની ખાસ જાણકારી આપવામાં આવી નથી. તેઓએ કહ્યું કે તેનાથી આર્થિક સ્થિતિ સુધારવામાં મદદ મળશે. IMFએ આપ્યું મોટું નિવેદન IMFએ કહ્યું કે પાકિસ્તાને પોતાની અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે મોટા પગલા લેવાની જરૂરિયાત છે. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફે IMF પ્રમુખ ક્રિસ્ટાલિના જોર્જિવાએ તેને લઈને મુલાકાત કરી હતી. આર્થિક સંકટ સામે લડી રહેલા દેશની અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે શાહબાઝ શરીફે લોન મંજૂર થવા પર IMFનો આભાર માન્યો હતો. રિપોર્ટના આધારે એસબીએના આધારે પાકિસ્તાનની પાસે લગભગ 3 બિલિયન અમેરિકી ડોલર સુધીની લોન લઈ લીધી છે. IMFની તરફથી કહેવાયું છે કે આગળની સ્થિતિ સુધારવા માટે પાકિસ્તાને મહેનત કરીને અર્થવ્યવસ્થાને સુધારવાની રહેશે અને આર્થિક નીતિઓને માટે કામ કરવાનું રહેશે.

### ઈરાન સાથે ભારતના સંબંધો હડપ્પા અને મેસોપોટેમીયાની સંસ્કૃતિના, હડપ્પા સંસ્કૃતિ સાથેના ઈરાન-ભારતના વેપાર સંબંધો

# ભારત-ઈરાનનો સંબંધ હડપ્પા સંસ્કૃતિ કરતા પણ જૂનો.....

(એજન્સી) ઈરાન | તા 30

ભારતની આઝાદી સમયે વિભાજનની અસર ભારત અને ઈરાન વચ્ચેના સંબંધો પર પણ પડી હતી. જો કે ધીમે ધીમે બંને દેશો વચ્ચેના સંબંધોમાં ગરમાવો આવવા લાગ્યો. ભારતના વિરોધમાં પાકિસ્તાનને સાથ આપનાર આ દેશ ધીરે ધીરે ભારતનો ખાસ મિત્ર બની ગયો. 1739માં કરનાલમાં લડાયેલા યુદ્ધે ભારતના હૃદયને ઈરાન તરફ ઝેર આપ્યું. આ હુમલો ઈરાનના શાસક નાદિર શાહે કર્યો હતો. મુઘલ ઈતિહાસમાં નાદિર શાહને લૂંટારા તરીકે વર્ણવવામાં આવ્યો છે. જોકે તે ઈરાનના અફશારીદ વંશના સ્થાપક હતા. આ યુદ્ધમાં મુઘલોનો પરાજય થયો અને નાદિર શાહે મુઘલ કાળની સૌથી સુંદર કૃતિ તખ્ત-એ-તૌસ ભારતમાંથી છીનવી લીધી. આ એ જ



સિંહાસન હતું જેના પર કોહિનૂર હીરા સુવડાવવામાં આવ્યો હતો. તે શાહજહાં દ્વારા બનાવવામાં આવ્યું હતું અને તેને દિલ્હીના કિલ્લામાં રાખવામાં આવ્યું હતું. ઈરાનના શાસકના આ હુમલાએ સમગ્ર ભારતને હચમચાવી નાખ્યું. બંને દેશો વચ્ચેના આ હુમલાને કારણે ઉદભવેલી ખટાશની અસર હડપ્પન સંસ્કૃતિ સાથે જોડાયેલા સંબંધો પર પડી. તે સમયથી જ્યાર ઈરાનને પર્શિયા કહેવામાં આવતું હતું અને તે પર્સિયનોનો ગઢ હતો. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધ થશે તો ભારત કોનું સમર્થન કરશે?

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે એવી ચર્ચા ચાલી રહી છે કે જો બંને દેશો વચ્ચે યુદ્ધ થશે તો ભારત કોનું સમર્થન કરશે. વાસ્તવમાં બંને દેશો સાથે ભારતના ગાઢ સંબંધો છે. ઈરાન સાથે ભારતના સંબંધો ખાસ કરીને હડપ્પન અને મેસોપોટેમીયાની સંસ્કૃતિના છે. ઈરાનમાં ભારતીય દૂતાવાસની વેબસાઈટ અનુસાર, 2000 અને 3000 BC ની વચ્ચે, આધુનિક ઈરાક અને ઈરાનમાં રહેતા લોકો અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં એક જ પ્રદેશમાંથી આવ્યા હતા.

### ઈન્ડો આર્ય સંસ્કૃતિના લોકો એક જ પરિવારના હતા

એવું માનવામાં આવે છે કે ભારત-આર્યન સંસ્કૃતિની શરૂઆત પહેલા ભારતીયો અને ઈરાનીઓ એક જ પરિવારના હતા. તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસની વેબસાઈટમાં પણ આનો ઉલ્લેખ છે. તે કહે છે કે કેવી રીતે તેઓ તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન, કિર્ગિસ્તાન અને તુર્કમેનિસ્તાનમાં ઘણી સદીઓ સુધી સાથે રહ્યા હતા. તેમની વાતચીતની ભાષા, સામાન્ય પ્રવૃત્તિઓ, નિયમો બધા એક સરખા હતા. ભારતીય ધાર્મિક ગ્રંથ ઋગ્વેદ અને પર્શિયન પવિત્ર પુસ્તક અવેસ્તામાં પણ તેનો ઉલ્લેખ છે. એવું પણ કહેવાય છે કે આર્યો તેમની માતૃભૂમિને એરયાનવેજો કહે છે. વૈદિક અહેવાલ વર્ણવે છે કે કેવી રીતે આર્યો તેમની જમીન છોડીને સમગ્ર એશિયામાં ફેલાયા. પર્શિયન લખાણ અવેસ્તામાં ભારતનો ઉલ્લેખ છે, તેમાં ઉત્તર ભારતનું પણ વર્ણન છે, જ્યારે ઋગ્વેદમાં પર્શિયાનો ઉલ્લેખ છે.

તે સમયે પર્સિયનોને પારસી કહેવામાં આવતા હતા, તેથી પારસી પારસી તરીકે ઓળખાવા લાગ્યા. ઈરાનમાં ભારતીય દૂતાવાસના જણાવ્યા અનુસાર, તે સમયે ઈન્ડો યુરોપિયન ભાષા હતી.એક ભારતીય અને બીજી ઈરાની હતી, બાદમાં ઈન્ડિક સંસ્કૃત અને ઈરાની ફારસી ભાષામાં વિકસિત થઈ. એવું પણ માનવામાં આવે છે કે ભારતનું નામ ઈરાનથી આવ્યું છે, એટલે કે પહેલા ગ્રીક, પછી લેટિન અને પછી અંગ્રેજી. એવું માનવામાં આવે છે કે ભારત એ ગ્રીક શબ્દ છે.

# કેન્યામાં ભારે વરસાદથી ડેમ તૂટયો, ચારેબાજુ વિનાશ, કુલ 140નાં મોત

એજન્સી દક્ષિણ આફ્રિકા તા 30

આફ્રિકન દેશ કેન્યાના પશ્ચિમ વિસ્તારમાં એક ડેમ તૂટી પડવાને કારણે ઓછામાં ઓછા 40 લોકોનાં મોત થયા છે. આ અંગેની માહિતી કેન્યા પોલીસે આપી છે. પોલીસ અધિકારી સ્ટીફન કિરુઈએ આપી હતી. મળતી માહિતી અનુસાર, ડેમ તૂટ્યા બાદ પૂરના પાણી આસપાસના ઘરોમાં ઘુસી ગયા હતા અને મુખ્ય માર્ગની પહોંચ બંધ કરી દીધી હતી. પરિસ્થિતિ કાબૂ બહાર છે અને લોકોને મદદ પહોંચાડવાના પ્રયાસો ચાલુ છે. પોલીસના જણાવ્યા અનુસાર, ગ્રેટ રિફ્ટ વેલી ક્ષેત્રના માઈ માહિયુ વિસ્તારમાં સ્થિત જૂના કિજાબે ડેમના ભંગાણ બાદ આ ઘટના સોમવારે સવારે બની હતી. ગ્રેટ રિફ્ટ વેલી ક્ષેત્રમાં અચાનક પૂરનું જોખમ રહેલું છે. ડેમ તૂટ્યા બાદ પાણી નીચે તરફ વહેવા લાગ્યું હતું. કેન્યામાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં પૂરની સ્થિતિ છે. પૂરના કારણે અત્યાર સુધીમાં લગભગ 140 લોકોનાં મોત થઈ ચુક્યા છે.

કેન્યાના અનેક ભાગો પૂરના પાણીમાં ઉલ્લેખનીય છે કે કેન્યામાં ભારે વરસાદે તબાહી મચાવી છે. ભારે વરસાદને કારણે દેશના ઘણા ભાગોમાં ભયંકર પૂરની સ્થિતિ સર્જાઈ છે, સ્થિતિ નિયંત્રણ બહાર થઈ ગઈ છે. એવું કહેવું ખોટું નહીં હોય કે કેન્યાનો લગભગ અડધો ભાગ હાલમાં પૂરની ઝપેટમાં છે.

### મહારાષ્ટ્રના રાજકીય લેન્ડસ્કેપમાં વ્યૂહાત્મક મહત્વ ધરાવે

# મહારાષ્ટ્રમાં મોદીએ કહ્યું- કોંગ્રેસનો પંજો જનતાના પૈસા લૂંટતો હતો

(એજન્સી) નવી દિલ્હી | તા 30

ભારતની ચાલી રહેલી સામાન્ય ચૂંટણીઓ તાવની પીચ પર પહોંચી ગઈ છે, ખાસ કરીને મહારાષ્ટ્રમાં, જ્યાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી ધારાશિવ લોકસભા મતવિસ્તારમાં એક મોટી રેલીને સંબોધવાના છે. બપોરે 1:30 વાગ્યે યોજાનારી આ ઈવેન્ટ, આ નિર્ણાયક ચૂંટણી મેદાનમાં મતદારોની ભાવનાને નોંધપાત્ર રીતે પ્રભાવિત કરશે તેવી અપેક્ષા છે. જેમ જેમ અપેક્ષાઓ વધી રહી છે તેમ તેમ, મહારાષ્ટ્રના મુખ્ય મતવિસ્તારો પૈકીના એક ધારાશિવ પર સ્પોટલાઈટ ચમકે છે, જે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) ના અર્ચના પાટીલ અને શિવસેના (UBT)ના ઓમરાજ નિમ્બાલકર વચ્ચે જોરદાર ચૂંટણી જંગનો સાક્ષી છે. વડા પ્રધાન મોદીની હાજરી અને પાટીલનું સમર્થન આ ઉચ્ચ દાવની હરીફાઈમાં વધુ ગતિશીલતા દાખલ કરે તેવી શક્યતા છે.ધારાશિવ, જે અગાઉ ઉસ્માનાબાદ તરીકે ઓળખાતું હતું, મહારાષ્ટ્રના રાજકીય લેન્ડસ્કેપમાં વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે. આ મતવિસ્તાર વૈવિધ્યસભર સામાજિક-આર્થિક વસ્તીવિષયકનો એક મેલ્ટિંગ પોટ છે અને ઐતિહાસિક રીતે રાજ્ય અને રાષ્ટ્રીય રાજકારણમાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે. આ ચૂંટણીમાં, પાટીલ અને નિમ્બાલકર વચ્ચે યુદ્ધની રેખાઓ દોરવામાં આવી છે, જે વ્યાપક પક્ષ જોડાણ અને પ્રાદેશિક ગતિશીલતાને પ્રતિબિંબિત કરે છે.

## મહારાષ્ટ્રમાં પીએમ મોદીની રેલી



મોદીનો પ્રચાર પ્રવાસ ચાલી રહેલી ચૂંટણીમાં મહારાષ્ટ્રના મહત્વને રેખાંકિત કરે છે. માલશિરસથી શરૂ કરીને અને લાતુરમાં પરાકાષ્ઠાએ પહોંચેલી, મોદીની રેલીઓ વ્યૂહાત્મક રીતે નજીકથી લડેલી રેસવાળા મતવિસ્તારોને લક્ષ્ય બનાવે છે,

### ધારાશિવમાં ભાજપ અને એનસીપીના ઉમેદવારો પર ફોકસ

NCP અને BJP બંને દ્વારા સમર્થિત અર્ચના પાટીલની ઉમેદવારી, પાર્ટી લાઇનમાં મતોને એકીકૃત કરવા માટે એક અનન્ય ચૂંટણી વ્યૂહરચનાનો સંકેત આપે છે. નિમ્બાલકરની ઝુંબેશ, પ્રાદેશિક ઓળખની રાજનીતિમાં મૂળ ધારાશિવનું ચૂંટણી પરિણામ મહારાષ્ટ્રના રાજકીય લેન્ડસ્કેપના એકંદર વર્ણનને પ્રભાવિત કરશે. એનસીપીના પાટીલને ભાજપનું સમર્થન પરંપરાગત રાજકીય સમીકરણોમાં જટિલતાના સ્તરો ઉમેરીને, પ્રદેશમાં ચૂંટણીમાં મહત્તમ લાભ મેળવવાના હેતુથી વ્યૂહાત્મક જોડાણને રેખાંકિત કરે છે.

### ધારાશિવથી આગળ, મોદીની રેલીઓ રાજ્યવ્યાપી વ્યાપક અસરો

મોદીનું સમર્થન મહારાષ્ટ્રમાં નોંધપાત્ર વજન ધરાવે છે, મતદારોની ધારણાઓને આકાર આપે છે અને અનિર્ણિત મતદારોને પ્રભાવિત કરે છે. મોદીની લોકપ્રિયતા અને રાષ્ટ્રીય અપીલનો લાભ ઉઠાવીને આ રેલી પાટીલની તરફેણમાં સંતુલન ટિપ કરશે તેવી અપેક્ષા છે.મહારાષ્ટ્રમાં મોદીની અગાઉની પ્રચાર રેલીઓ સાથે સમાંતર દોરતી, ધારાશિવ ઇવેન્ટ સમગ્ર રાજ્યમાં વિકસતી પ્રચાર વ્યૂહરચના અને ગતિશીલ ચૂંટણી લેન્ડસ્કેપને પ્રતિબિંબિત કરે છે. ધારાશિવથી આગળ, મોદીની રેલીઓ રાજ્યવ્યાપી વ્યાપક અસરો ધરાવે છે, જે મહારાષ્ટ્રમાં ચૂંટણી જીતવા માટે ભાજપના સંયુક્ત પ્રયાસોને પ્રકાશિત કરે છે.મોદીનું સંબોધન ભાજપના નેતૃત્વ હેઠળ સાતત્ય અને પ્રગતિ પર ભાર મૂકતા મહારાષ્ટ્રના વિકાસ અને સમૃદ્ધિ માટેના વિઝનને સ્પષ્ટ કરે તેવી શક્યતા છે.મોદીના ઝુંબેશ માટેના જાહેર પ્રતિભાવો વિવિધ પરિપ્રેક્ષ્યોને પ્રતિબિંબિત કરે છે, જેમાં ઉત્સાહી સમર્થનથી લઈને ચૂંટણી વચનોના નિર્ણાયક મૂલ્યાંકનનો સમાવેશ થાય છે. રેલીના પરિણામ પર મીડિયા આઉટલેટ્સ દ્વારા નજીકથી દેખરેખ રાખવામાં આવશે, પ્રતિક્રિયાઓ કેપ્ચર કરવામાં આવશે અને મતદાનના દિવસ સુધી મતદારોની ભાવના પર તેની અસરનું વિશ્લેષણ કરવામાં આવશે.શિવસેના અને અન્ય વિરોધ પક્ષો દ્વારા સ્પર્ધાત્મક ઝુંબેશ મહારાષ્ટ્રમાં બહુ-પરિમાણીય ચૂંટણી લેન્ડસ્કેપને રેખાંકિત કરે છે.

### ધર્મ આધારિત આરક્ષણ અંગે ભાજપનું વલણ સમજવું

# ભાજપ ધર્મ આધારિત અનામતને ગેરબંધારણીય માને છે: અમિત શાહ

(એજન્સી) નવી દિલ્હી | તા 30

ગુવાહાટીમાં યોજાયેલી તાજેતરની પ્રેસ કોન્ફરન્સમાં, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ભારતીય જનતા પાર્ટી (BJP)ના ધર્મ આધારિત આરક્ષણના કટ્ટર વિરોધનો પુનરોચ્ચાર કર્યો હતો. આ નિવેદન ત્યારે આવ્યું જ્યારે શાહે કર્ણાટક અને આંધ્ર પ્રદેશમાં આરક્ષણ નીતિઓ અંગેની ચિંતાઓને સંબોધી, જ્યાં તેમણે ભાજપ જેને ગેરબંધારણીય પ્રથાઓ તરીકે માને છે તેને સુધારવાની પ્રતિજ્ઞા લીધી. અમિત શાહે દ્રઢપણે જણાવ્યું હતું કે ભાજપ ધર્મ આધારિત આરક્ષણનો વિરોધ કરે છે, તેને ગેરબંધારણીય ગણાવીને કર્ણાટક અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં જો ભાજપ સત્તા પર આવે તો સુધારાત્મક પગલાં લેવાનું વચન આપે છે.

ભાજપનું વલણ ભારતીય બંધારણના તેના અર્થઘટન સાથે સુસંગત છે, જે સમાનતાને સમર્થન આપે છે અને ધર્મના આધારે ભેદભાવનો વિરોધ કરે છે. શાહે ધર્મ આધારિત માપદંડોનો આશરો લીધા વિના અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), અને અન્ય પછાત વર્ગો (OBCs) માટે ન્યાય માટે પક્ષની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.

### શાહે કોંગ્રેસની ટીકા કરી

શાહે કૉંગ્રેસની ટીકા કરી હતી કે તેણે તેની નીતિઓ દ્વારા, ખાસ કરીને અનામતના સંબંધમાં મૂંઝવણ ઊભી કરી છે. તેમણે કોંગ્રેસ પર ગેરવાજબી ધાર્મિક આરક્ષણો લાગુ કરવાનો આરોપ મૂક્યો જેણે કથિત રીતે હાંસિયામાં ધકેલાઇ ગયેલા વર્ગો માટે તકો ઓછી કરી છે.એસસી, એસટી અને ઓબીસી માટે અનામત અંગે અમિત શાહના મંતવ્યો ધર્મ આધારિત આરક્ષણની ભાજપની નિંદાથી વિપરીત, શાહે એસસી, એસટી અને ઓબીસીને લાભ આપતી આરક્ષણ માટે પાર્ટીના અતૂટ સમર્થનની પુષ્ટિ કરી. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ હકારાત્મક પગલાંના સતત સમર્થનને પ્રકાશિત કર્યું. આરક્ષણ પર ભાજપના વલણને કથિત રીતે ખોટી રીતે રજૂ કરતા પ્રસારિત વિડિઓઝના જવાબમાં, શાહે આને રાજકીય હતાશાને આભારી છે અને ભારતીય રાજકારણમાં નકલી સમાચાર ફેલાવવાની નિંદા કરી છે.

### મહિલા સશક્તિકરણ



અમિત શાહ રાહુલ ગાંધી અને કોંગ્રેસ નેતૃત્વ પર નિશાન સાધવામાં શરમાયા ન હતા, તેમના પર રાજકીય પ્રવચન ઘટાડવા અને ભ્રામક યુક્તિઓનો આશરો લેવાનો આરોપ લગાવ્યો હતો.

JD(S)ના સાંસદને સંડોવતા વિવાદાસ્પદ વીડિયો જેવા કાયદો અને વ્યવસ્થાના મુદ્દાઓ અંગે, શાહે કોંગ્રેસની આગેવાની હેઠળની કર્ણાટક સરકાર દ્વારા આ બાબતને સંબોધવામાં વિલંબની ટીકા કરતી વખતે મહિલા સશક્તિકરણ માટે ભાજપના સમર્થન પર ભાર મૂક્યો હતો.શાહે કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ, કેરળ અને તમિલનાડુના સકારાત્મક પ્રતિસાદોને ટાંકીને દક્ષિણ ભારતીય રાજ્યોમાં ભાજપની વિસ્તરી રહેલી લોકપ્રિયતામાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.નિષ્કર્ષમાં, અમિત શાહના નિવેદનો ધર્મ-આધારિત આરક્ષણ સામે ભાજપના મક્કમ વલણને રેખાંકિત કરે છે જ્યારે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના બંધારણીય અધિકારો પ્રત્યે તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે.

### ન્યૂઝ કોર્નર

#### કેરળના કન્નુરમાં કાર-લોરીની ટક્કરમાં એક જ પરિવારના પાંચના મોત

કેરળ| કેરળના કન્નુરમાં એક વિનાશક ઘટનામાં, સોમવારે રાત્રે એક લારી સાથે કાર અથડાતા પાંચ જણના પરિવારના કરુણ મોત થયા હતા. કન્નપુરમ વિસ્તારમાં રાત્રે 10:15 વાગ્યાની આસપાસ બનેલા આ અકસ્માતે સમુદાયને આંચકો આપ્યો હતો અને આ પ્રદેશમાં ચાલી રહેલી માર્ગ સુરક્ષાની ચિંતાઓને પ્રકાશિત કરી હતી. પીડિતોની ઓળખ કાલીચનાદુક્કમના કેએન પદ્મકુમાર (59), ભીમનાદીના ચુરીક્કટ્ટ સુધાકરન (52), અજિથા (35), કોઝુમ્મલ કૃષ્ણન (65) અને આકાશ (નવ) તરીકે થઈ હતી.

#### બીજેપીનો મેનિફેસ્ટો કોઇ નિશાન વગર ગાયબ થઇ ગયો: પી ચિદમ્બરમ

નવી દિલ્હી | તાજેતરના રાજકીય પ્રવચનમાં, કોંગ્રેસના નેતા પી ચિદમ્બરમે ભારતીય જનતા પાર્ટી (બીજેપી) અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા લોકસભા ચૂંટણી માટે રજૂ કરેલા મેનિફેસ્ટોના વિરોધાભાસી ભાવિ તરફ ધ્યાન દોર્યું છે. તેઓ ભારપૂર્વક જણાવે છે કે જ્યારે કોંગ્રેસનો ઢંઢેરો તેના કલ્યાણકારી વચનોને કારણે લોકપ્રિય થયો છે, ત્યારે ભાજપનો ઢંઢેરો ચર્ચામાંથી ગાયબ થઈ ગયો હોય તેવું લાગે છે. અપેક્ષા વચ્ચે શરૂ કરાયેલ ભાજપનો ઢંઢેરો, મતદારો પર કાયમી અસર છોડવામાં નિષ્ફળ ગયો.

# મહીસાગરમાં નલ સે જલ યોજનાના કૌભાંડનો મામલામાં નવો વળાંક

## હાઇકોર્ટમાં પિટિશન દાખલ કરતો ડી બાર થયેલી 26 જેટલી એજન્સીઓને મળી રાહત

જગદીશ ત્રિવેદી : ખારોલ

મહીસાગર જિલ્લામાં વાસણો કચેરી દ્વારા કાર્યવાહીના ભાગરૂપે કામ કરનાર એજન્સીઓને બાનમાં લઈ ૨૬જેટલી એજન્સીઓની ડી બાર કરવામાં આવી હતી. 'નલ સે જલ'યોજનાના કરોડો રૂપિયા ના કૌભાંડમાં મહીસાગર જિલ્લામાં વાસમો કચેરીના યુનિટ મેનેજર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને કાર્યવાહીના અંતે ૨૬ જેટલી એજન્સીઓને ડી બાર કરીને પાણી પુરવઠા બોર્ડ અને વાંસમોના કામોમાં ભાગ લઈ શકશે નહીં તેવા ગાંધીનગર કચેરીના આદેશની કોન્ટ્રાક્ટરોમાં પણ ભારે સંનાટો પ્રસરી જવા પામ્યો હતો. ૨૬ જેટલીએજન્સીઓને ડી બાર કરવાના આદેશ થી ડી બાર થયેલી એજન્સીઓ દ્વારા હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી હતી હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવતા ડી બાર કરવાના આદેશોની રદ કરવાના હુકમ કરવામાં આવ્યા જેટલી એજન્સીઓને ત્રણ વર્ષ માટે ડી બાર કરવામાં આવી હતી ત્યારે ડી બાર થયેલી એજન્સીઓ દ્વારા નામદાર હાઈકોર્ટમાં દાખલ કરતા પિટિશનની સુનાવણી અન્વયે નામદાર હાઈકોર્ટ દ્વારા ઉક્ત ડી બાર નો ના આદેશ ને રદ કરવા જણાવવામાં આવેલ છે.

# ગુરુ અર્જન દેવના ગુરપુરબના અવસરે ભક્તો સુવર્ણ મંદિરે ઉમટી પડ્યા



શીખોના પાંચમા ગુરુ, ગુરુ અર્જન દેવની ગુરપુરબ (જન્મજયંતિ), પંજાબના અમૃતસરમાં હરમંદિર સાહિબ (ગોલ્ડન ટેમ્પલ) ખાતે ભક્તોની નોંધપાત્ર ભેગી જોવા મળી હતી. ગુરુ અર્જન દેવના જીવન અને ઉપદેશોની ઉજવણી કરતી આ વાર્ષિક ઘટના વિશ્વભરના શીખો માટે ગહન આધ્યાત્મિક મહત્વ ધરાવે છે.

# જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રવીણા ડી.કે.ના હસ્તે કલેકટર કચેરી ખાતે 'મતદાન જાગૃતિ' સંદર્ભે સિગ્નેચર કેમ્પેઇન યોજાયું

ગાંધીનગર સંવાદદાતા : વિજયવીર યાદવ

અમદાવાદ શહેર જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે દિશામાં જિલ્લા ચૂંટણી તંત્ર સતત પ્રયાસરત છે. કલેકટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રવીણા ડી.કે.ના હસ્તે 'મતદાન જાગૃતિ' અન્વયે સિગ્નેચર કેમ્પેઈન યોજાયું હતું. કલેકટર પ્રવીણા ડી.કે.એ સિગ્નેચર પોસ્ટરમાં સિગ્નેચર કરી અચૂક મતદાનનો સંદેશો આપ્યો હતો. આ પ્રસંગે અધિક નિવાસી કલેકટર સુધીર પટેલ, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ ઠક્કર, અધિક જિલ્લા ચૂંટણી અધિકારી નેહાબહેન




ગુપ્તા તથા સ્વીપના નોડલ ઓફિસર તથા ઉપસ્થિત વિદ્યાર્થીઓએ સિગ્નેચર કેમ્પેઇનમાં હસ્તાક્ષર કરીને આ ઝૂંબેશને વેગ આપ્યો હતો. સમગ્ર કલેકટર કચેરીના અધિકારી-કર્મચારીગણ આ પ્રસંગે ઉપસ્થિત રહીને સહભાગી થયા હતા.


**EDELWEISS ASSET RECONSTRUCTION CO. LTD.** Edelweiss Asset Reconstruction
CIN - U67100MH2007PLC174759
રજિસ્ટર્ડ ઓફિસ :- EDELWEISS હાઉસ, સીએસટી રોડ પર, કલીના, મુંબઈ 400098
+91 22 40886090/6620 3149

પરિશિષ્ટ II-A અને IV-A
[નિયમ 9(1) માટે નિયમ 6(2) અને 8(6)ની જોગવાઈ જુઓ]

**સુરક્ષિત સંપત્તિના વેચાણ માટે ઈ-ઓક્શન સેલ નોટિસ**

સિક્યોરિટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 (SARFAESI ACT) હેઠળ સુરક્ષિત અસ્કયામતોના ઈ-ઓક્શન વેચાણ માટેની જાહેર સૂચના સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (અમલીકરણ) ના નિયમ 6(2) અને નિયમ 8(6) ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે. )નિયમો 2002 (નિયમો).

આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને ઉધાર લેનાર અને બાંયધરી આપનારાઓને સૂચના આપવામાં આવે છે કે અહીં નીચે વર્ણવેલ સ્થાવર અને જંગમ સંપત્તિ (સુરક્ષિત અસ્કયામતો) અને એડલવાઈસ અસ્કયામતો પુનઃનિર્માણ કંપની લિમિટેડની તરફેણમાં ગીરો અને અનુમાનિત છે, તેના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરે છે. EARC ટ્રસ્ટ SC-37 (EARC/Secured CREDITOR), જેનો ભૌતિક કબજો EARC ના અધિકૃત અધિકારીઓ દ્વારા 27 ડિસેમ્બર, 2022 ના રોજ લેવામાં આવ્યો છે, તે ઈ-ઓક્શન એજન્સી દ્વારા ઈ-ઓક્શન દ્વારા વેચવામાં આવશે, મેસર્સ ઈ- પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજી લિમિટેડ (ઓક્શન ટાઈગર) તેમની વેબસાઈટ/પોર્ટલ, https://edelweissarc.auctiontiger.net પર મે 17, 2024 ના રોજ બપોરે 12:00 વાગ્યે થી બપોરે 01:00 વાગ્યા વચ્ચે દરેક 5 મિનિટના અમર્યાદિત એક્સટેન્શન સાથે, જો ઈ-ઓક્શનની સમાપ્તિ પહેલા બિડ કરવામાં આવે તો, 'જેમ છે ત્યાં', 'જેમ છે', 'જે છે તે' અને 'કોઈ આશ્રય નથી'ના આધારે કુલ રૂ:-1625372484/ની વસૂલાત માટે -(રૂપિયા એકસો બાંસઠ કરોડ ત્રેપન લાખ બોંતેર હજાર ચારસો ચોર્યાસી રૂપિયા માત્ર માટે) ફેબ્રુઆરી 08, 2023 ના રોજ વધુ વ્યાજ સાથે, કરારના દરે અને અન્ય ખર્ચાઓ અને તેના પર ખર્ચ, EARCને કારણે De Core Nanosemiconductors limited (ઋણ લેનાર), હર્ષ ઈંદર લૂમ્બા, સ્વર્ગસ્થ શ્રી દીપક લૂમ્બા (વ્યક્તિગત બાંયધરી આપનાર) અને De Core સાયન્સ એન્ડ ટેક્નોલોજીસ લિમિટેડ (કોર્પોરેટ ગેરેંટર)ના કાનૂની વારસદાર તરીકે ક્ષમતામાં કામ કરે છે.

સુરક્ષિત અસ્કયામતોની અનામત કિંમત અને બાનાની થાપણ નીચે મુજબ હોવી જોઈએ:-

| ક્રમ નંબર | સુરક્ષિત સંપત્તિનું વિગતવાર વર્ણન | અનામત કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝીટ |
|---|---|---|---|
| 1 | ગાંધીનગર ઈલેક્ટ્રોનિક સ્પેશિયલ ઈકોનોમિક ઝોન ઔદ્યોગિક વિસ્તાર/એસ્ટેટ, કોલાવડા રોડ, સેક્ટર 25, ગાંધીનગરમાં 5521.38 ચોરસ મીટર અને પ્લોટ નંબર 33,34 અને 35 13887 ચોરસ મીટરની જમીન ધરાવતા પ્લોટ નંબર 13ના તમામ શાંતિ અને પાર્સલમાં લીઝહોલ્ડ હકો gujarat) ફેક્ટરી બિલ્ડિંગ અને તેના પરના માળખા સાથે. | રૂ. 12,37,00,000/- | રૂ. 1,23,70,000/- |
| 2 | બધા પ્લાન્ટ અને મશીનરી, ફર્નિચર અને ફિક્સર અને અન્ય જંગમ અસ્કયામતો પડેલી છે અને નાખવામાં આવી રહી છે અને ફેક્ટરીની જમીન પર છે, જેમ કે ઉપરના લોટ-1 હેઠળ વધુ ખાસ કરીને વર્ણવવામાં આવ્યું છે. | રૂ. 20,00,000/- | રૂ. 2,00,000/- |
| 3 | લોટ -1 અને લોટ- 2 બન્ને સાથે | રૂ. 12,57,00,000/- | રૂ. 1,25,70,000/- |

ઈ-ઓક્શનની સમયસરતા
સ્થળ નિરીક્ષણ:- 10 મે, 2024 ના રોજ સવારે 11 થી સાંજના 4 વચ્ચે
દસ્તાવેજની ચકાસણી:- 11 મે 2024 ના રોજ થી મે 15, 2024 સુધી રોજ કામકાજ ના દિવસો દરમિયાન સવારે 11 થી સાંજના 5 વચ્ચે
બિડ દસ્તાવેજની ખરીદી:- 11 મે 2024 ના રોજ થી મે 15, 2024 સુધી રોજ કામકાજ ના દિવસો દરમિયાન સવારે 11 થી સાંજના 5 વચ્ચે
EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ:- મે 16, 2024 ના રોજ બપોરે 2 થી
બિડ દસ્તાવેજ સબમિટ કરવાની છેલ્લી તારીખ, મે 16, 2024 ના રોજ બપોરે 5 થી
ઈ-ઓક્શનની શરૂઆત:મે 17, 2024 ના રોજ બપોરે 12 વાગતા
બેંક માહિતી : એકાઉન્ટ નંબર :- 0004103000054719 IFSC નં:- IBKL000004, આઈડીબીઆઈ બેંક, મિત્તલ કોર્ટ, નરીમાન પોઇન્ટ, મુંબઈ.
ઓફિસર કોન્ટેક્ટ માહિતી :-
Meghraj.Deshmukh@edelweissarc.in +917506642534

ઈ-ઓક્શન સેલના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને EARC ની વેબસાઈટ www.edelweissarc.in/propertysale પરની લિંકનો સંદર્ભ લો.

તારીખ :- 01-05-2024
સ્થાન :- મુંબઈ
Sd/-
અધિકૃત અધિકારી


# ભાજપનો દક્ષિણમાં સફાયો થઈ જશે, ઉત્તરમાં અડધો થઈ જશે : કોંગ્રેસના મનીષ તિવારી મતદારો સાથે જોડાયા

(એજન્સી) નવી દિલ્હી | તા 30

ચંદીગઢના સુખના તળાવની સાથે સવારની જીવંત લટારમાં, ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અને કોંગ્રેસના લોકસભા ઉમેદવાર, મનીષ તિવારીએ સ્થાનિકો સાથે વાર્તાલાપ કર્યો અને આગામી સામાન્ય ચૂંટણીઓ પર તેમની આંતરદૃષ્ટિ શેર કરી. આ નિખાલસ સગાઈએ તિવારીને વિવિધ રાજકીય મુદ્દાઓ પર, ખાસ કરીને ભારતીય જનતા પાર્ટી (BJP)ને લક્ષ્યમાં રાખીને તેમના પરિપ્રેક્ષ્ય વ્યક્ત કરવા માટે એક મંચ પૂરો પાડ્યો હતો.તિવારીએ હિંમતભેર કહ્યું, 'ભાજપનો દક્ષિણમાં સફાયો થઈ જશે અને 2019ની લોકસભા ચૂંટણીમાં તેના પ્રદર્શનની તુલનામાં ઉત્તરમાં અડધાથી નીચે આવી જશે. તેઓએ આ 150 બેઠકો પાર કરવા માટે પોતાને ભાગ્યશાળી માનવા જોઈએ. સમય.' તિવારીનું આ નિવેદન 'અબકી બાર 400 પાર'ના ભાજપના મહત્વાકાંક્ષી પ્રચાર સૂત્રને પડકારે છે, જે તેમના અંદાજિત ચૂંટણી પરિણામોમાં નોંધપાત્ર મંદી દર્શાવે છે.



ચંદીગઢમાં તિવારીની ચૂંટણીની હરીફાઈ ભાજપના સંજય ટંડન સામે છે, જે આ મતવિસ્તારના ઉચ્ચ દાવની પ્રકૃતિને રેખાંકિત કરે છે કારણ કે તે પંજાબ અને હરિયાણા બંને માટે વહીવટી રાજધાની તરીકે સેવા આપે છે. તિવારીના ઉત્સાહી ઝુંબેશ અને ભાજપની કાઉન્ટર વ્યૂહરચના વચ્ચે જૂન 1 ના રોજ ચૂંટણીના શોડાઉનને નજીકથી જોવાનું વચન આપે છે. ઝુંબેશના ઉત્સાહ વચ્ચે, તિવારીએ ભાજપની સોશિયલ મીડિયા વ્યૂહરચનાઓને સંબોધિત કરતી વખતે શબ્દોને ઓછા કર્યા નહોતા, તેમના પર જનતાને ગેરમાર્ગે દોરવા માટે જૂઠાણું ઘડવાનો આરોપ મૂક્યો હતો. આરક્ષણ પરના કથિત બનાવટી વિડિયોને લગતા વિવાદનો ઉલ્લેખ કરતા, તિવારીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'ભાજપ સોશિયલ મીડિયા પર એક ફેક્ટરી ચલાવે છે જે જૂઠાણાં અને કટ્ટરતાઓનું મંથન કરે છે. જૂઠાણું વેચવાની વાત આવે ત્યારે કોઈ તેમની સાથે સ્પર્ધા કરી શકે નહીં.'કેન્દ્રીય તપાસ એજન્સીઓ સામે આક્ષેપો તિવારીએ NDA ગઠબંધનમાંથી બહાર નીકળ્યા પછી તપાસમાં વધારો કરવાના શિરોમણી અકાલી દળના આક્ષેપોનો જવાબ આપતાં કેન્દ્રીય એજન્સીઓના રાજનીતિકરણમાં આગળ વધ્યા. તેમણે ભાજપ દ્વારા ચૂંટણીલક્ષી લાભ માટે આવકવેરા, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી), અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઇ) જેવી એજન્સીઓનો દુરુપયોગ ગણાવ્યો તે અંગે નારાજગી વ્યક્ત કરી હતી. તિવારીએ ચૂંટણી પંચની આ મુદ્દા પર ધ્યાન આપવાની જરૂરિયાત પર પ્રકાશ પાડ્યો હતો. નિષ્કર્ષમાં, સુખના તળાવ ખાતે તિવારીની સવારની સગાઈએ માત્ર તેમના ઝુંબેશની જોરશોરથી જ નહીં પરંતુ ચૂંટણી સ્પર્ધા અને રાજકીય પ્રવચનના વ્યાપક વર્ણનનો સંકેત પણ આપ્યો હતો. ભાજપ સામેના તેમના બોલ્ડ નિવેદનો અને ચૂંટણીની ગતિશીલતાનું વિવેચનાત્મક વિશ્લેષણ ચૂંટણીના ભાગરૂપે તીવ્ર બની રહેલા રાજકીય લેન્ડસ્કેપને રેખાંકિત કરે છે.

**સબસિડી** | **નાળિયેર ઉત્પાદકો દ્વારા સામનો કરવામાં આવેલ વર્તમાન પડકારો**

# નાળિયેર ઉત્પાદકો વ્યવસાયના વિસ્તરણ માટે સરકારની મદદ માંગે છે

(એજન્સી) નવી દિલ્હી | તા 30

ગુજરાતના લીલાછમ નારિયેળના બગીચાઓમાં, રાજ્યના નાળિયેર ઉત્પાદકો તેમના વ્યવસાયને વિસ્તારવા અને કૃષિ ક્ષેત્રને મજબૂત કરવા આતુર છે. આ લેખ આ ખેડૂતોની મહત્વાકાંક્ષાઓ અને લોકસભાની ચૂંટણી પછીના નિર્ણાયક સરકારી સમર્થન માટેના તેમના આહ્વાનને સમજાવે છે.

ગુજરાતમાં નારિયેળના ખેડૂતોને નોંધપાત્ર પડકારોનો સામનો કરવો પડે છે, ખાસ કરીને નારિયેળના રોપાઓ મેળવવા માટે પ્રતિબંધિત રેશનિંગ પદ્ધતિ. અગ્રણી ઉત્પાદક ચેતન રાવલના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમ વર્ષો પછી રોપાની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવાની તેમની ક્ષમતાને અવરોધે છે, ઉત્પાદકતા અને પાકની ગુણવત્તાને અસર કરે છે. તદુપરાંત, માર્ગ દ્વારા પરિવહન ખર્ચ અતિશય છે, જે બજારની પહોંચ અને નફાકારકતાને મર્યાદિત કરે છે. નાળિયેર ઉત્પાદકો લક્ષિત સરકારી સહાય માટે હિમાયત કરે છે. તેઓ કાર્યક્ષમતા અને આઉટપુટ વધારવા, વ્યવસાયના વિસ્તરણ માટે પોસાય તેવી લોનની ઍક્સેસ અને કૃષિ પદ્ધતિઓ સુધારવા માટે તકનીકી તાલીમ કાર્યક્રમો માટે



આધુનિક ખેતીના સાધનો માટે સબસિડી માંગે છે.ચેતન રાવલે નાળિયેરના રોપાઓ માટે સુધારેલ વિતરણ પદ્ધતિની આવશ્યકતા પર ભાર મૂક્યો છે, જે રેશનિંગ વિના સીધો સરકારી પુરવઠો સૂચવે છે. આ ફેરફાર ખેડૂતોને ગુણવત્તાની ખાતરી આપશે અને ખેતીના પ્રયાસોને પ્રોત્સાહન આપશે. વધુમાં, પરિવહન ખર્ચ ઘટાડવાના પ્રયાસો, સંભવતઃ રેલ્વે ફ્રેટ એડજસ્ટમેન્ટ દ્વારા, માર્કેટ એક્સેસ સુધારવા માટે પ્રસ્તાવિત છે. રાજુભાઈ, નાળિયેરના સપ્લાયર, નાળિયેર ઉદ્યોગ સાથે સંકળાયેલા પ્રભાવશાળી રાજકીય વ્યક્તિઓના મહત્વ પર ભાર મૂકે છે. નીતિ ઘડવૈયાઓ તરફથી વધતો રસ પરમિટ-સંબંધિત પડકારોનો સામનો કરી શકે છે અને વૃદ્ધિ અને નવીનતા માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરી શકે છે. વ્યક્તિગત લાભો ઉપરાંત, નારિયેળની ખેતીનું વિસ્તરણ વ્યાપક આર્થિક લાભોનું વચન આપે છે. તે રોજગારીની તકો પેદા કરી શકે છે, સ્થાનિક અર્થતંત્રોને ઉત્તેજીત કરી શકે છે અને પર્યાવરણીય સંરક્ષણના ઉદ્દેશ્યો સાથે સંરેખિત ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપી શકે છે.આ ચર્ચાઓનો સમય લોકસભાની ચૂંટણી સાથે સુસંગત છે.


**પશ્ચિમ રેલવે**

**OHE ની સુધારણા**

વરિષ્ઠ DEE/TRD/BL ઈ-ટેન્ડર નોટિસ નંબર આમંત્રિત કરે છે:- EL-TRD-W-118-24-25-1, તારીખ:- 29-04-2024. કામનું નામ :- મુંબઈ વિભાગના દહાણુ રોડ-સુરત વિભાગમાં સંપર્ક અને કેટેનરી વાયરના નવીકરણ દ્વારા OHE સંપત્તિઓની વિશ્વસનીયતામાં સુધારો. જાહેરાત કિંમત :- રૂ: 4,97,53,974/-. અર્નેસ્ટ મની :- રૂ: 3,98,800/-. સબમિશન કરવાની તારીખ અને સમય :- 29-05-2024 ના રોજ 15:00 કલાક સુધી . ખુલવાની તારીખ :- 29-05-2024 એ 15:30 કલાકે. કામની વિગતવાર પ્રકૃતિ, ટેન્ડર દસ્તાવેજોની કિંમત (નૉન-રિફંડેબલ), EMD, યોગ્યતાના માપદંડો, કામની સમાન પ્રકૃતિ, વિગતવાર ટેન્ડર શરતો વિશે કૃપા કરીને www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઑફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
0089
અમને લાઈક કરો: facebook.com/WesternRly

## 3.2ની તીવ્રતાથી ફરી ધણધણી કચ્છની ધરા

અમદાવાદ | છેલ્લા કેટલાય સમયથી ભારત સહિત દુનિયાભરમાં એક પછી એક ભૂકંપ અનુભવાઈ રહ્યા છે. જેમાં, ગુજરાતની ધરતી પણ બાકાત નથી ત્યારે આજે ફરી એકવાર ગુજરાતના કચ્છમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. હજુ થોડા દિવસ પહેલા જ ગત 17 એપ્રિલના રોજ કચ્છમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા ત્યારે આજે ફરીથી ભૂકંપ અનુભવાતા સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો છે. મળતી માહિતી મુજબ, આજે કચ્છમાં 3.2ની તીવ્રતાનો હળવો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. આ ભૂકંપ નું કેન્દ્ર રાપર પાસે હોવાનું જાણવા મળી રહ્યું છે.


# સિટી એક્સપ્રેસ

WEDNESDAY 01 MAY-2024

AHMEDABAD


## રાજ્યના અમુક વિસ્તારોમાં હિટવેવની આગાહી

ગાંધીનગર | ગુજરાતમાં ગરમીથી શેકાવવા તૈયાર થઈ જાવ. રાજ્યમાં કાળઝાળ ગરમી પડવાની આગાહી કરવામાં આવી છે. જેમાં સૌરાષ્ટ્રમાં યલો જ્યારે દીવમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યુ છે. તેમજ 3 મે બાદ તાપમાનમાં 2 ડિગ્રી જેટલો વધારો થશે. તેમજ સૌરાષ્ટ્રમાં આગામી 5 દિવસ હીટવેવની આગાહી છે. દીવમાં સીવિયર હીટવેવની આગાહી છે. જેમાં કચ્છમાં પણ 2 દિવસ હિટવેવની આગાહી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં તાપમાન ઉંચકાશે. તેમજ અમદાવાદમાં તાપમાન 42થી 43 ડિગ્રી સુધી પહોંચી શકે છે.



# લૂ લાગવાથી ઝાડા-ઊલટીના કેસમાં વધારો

## સોલા સિવિલ હોસ્પિટલની ઓપીડીમાં એક જ સપ્તાહમાં 10,020 કેસ નોંધાયા

(એજન્સી) અમદાવાદ, તા. 30 | અમદાવાદમાં છેલ્લા એક સપ્તાહથી તાપમાનનો પારો સતત વધતો રહ્યો છે. તેને કારણે લૂ લાગવા ઉપરાંત ઝાડા-ઊલટીના કેસમાં પણ વધારો થયો છે. અમદાવાદમાં છેલ્લા એક સપ્તાહમા ટાઈફોડના કેસ પણ નોંધાયા છે. પાણીજન્ય અથવા ગરમીને કારણે ઝાડા-ઊલટીના દર્દીઓમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં ગત એક સપ્તાહ દરમિયાન ઝાડા-ઊલટીના 23 કેસ નોંધાયા હતા. જ્યારે ટાઈફોડના છ કેસ નોંધાયા હતા. આ ઉપરાંત એક સપ્તાહ દરમિયાન સોલા સિવિલ હોસ્પિટલ ઓપીડીમાં 10,020 કેસ નોંધાયા હતા. જેમાંથી 992 દર્દીને દાખલ કરવાની ફરજ પડી હતી. ઉલ્લેખનિય છે કે, હાલમાં અમદાવાદ શહેરમાં તાપમાનનો પારો 40 ડિગ્રીને વટાવી ચૂક્યો છે. તેથી મચ્છરજન્ય રોગ ઉપર નિયંત્રણ આવ્યું છે, પરંતુ ગરમીને કારણે થતી તકલીફ અને પાણીજન્ય રોગમાં વધારો થયો છે. છેલ્લા એક સપ્તાહ દરમિયાન સોલા સિવિલ હોસ્પિટલમાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને મેલેરિયાના એક પણ કેસ નોંધાયો નથી.

### ઉનાળામાં બહારનું ખાવાથી લોકો બીમાર પડ્યા

અમદાવાદમાં ગરમીના લીધે રોગચાળો વધી રહ્યો છે. પ્રદૂષિત પાણી અને ગરમીમાં બહારનું ખાવાના કારણે લોકો બીમાર પડી રહ્યા છે. શહેરમાં એપ્રિલ મહિનામાં 27 દિવસમાં 134 પાણીના સેમ્પલો ફેઈલ આવ્યા છે. જેથી ઝાડા-ઊલટી, કમળા, કોલેરા અને ટાઈફોઈડના કેસો વધ્યા છે. શહેરમાં રોજના 60થી વધુ ઝાડા-ઊલટીના કેસો નોંધાઈ રહ્યા છે. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા અમરાઈવાડી, વટવા, લાંભા, મણિનગર અને દાણીલીમડા વિસ્તારમાં કોલેરાના કેસો પણ નોંધાયા છે. સરકારી અને ખાનગી દવાખાનાઓમાં પેટમાં દુ:ખાવો, ઝાડા-ઊલટી અને ટાઈફોઈડના દર્દીઓની લાઈનો જોવા મળે છે.




### વાયરલ હિપેટાઇટિસના 3 કેસ નોંધાયા

જ્યારે સ્વાઈન ફ્લૂના પણ એક શંકાસ્પદ કેસમાં દર્દીનો રિપોર્ટ નેગેટિવ નોંધાયો હતો. તદુપરાંત સોલા સિવિલ હોસ્પિટલમાં ચાલતા હિમોફિલિયા ડે કેર સેન્ટરમાં એક સપ્તાહ દરમિયાન બાળકોના 5 અને વયસ્કોના 12 કેસ નોંધાયા હતા. આ ઉપરાંત ગરમીને કારણે કેટલાક લોકોને શરદી, ખાસી, તાવ જેવા વાયરલ ઈન્ફેક્શનના લક્ષણો સાથે સારવાર અર્થે સોલા સિવિલ હોસ્પિટલમાં જવાની ફરજ પડી હતી. જેથી એક સપ્તાહ દરમિયાન સોલા સિવિલ હોસ્પિટલમાં વાયરલ ઈન્ફેક્શનના 1,468 કેસ નોંધાયા હતા. જ્યારે વાયરલ હિપેટાઈટિસના 3 કેસ નોંધાયા હતા.

### પ્રદૂષિત પાણીના કારણે રોગચાળામાં સતત વધારો

સૌથી વધારે પ્રદૂષિત પાણીના કારણે રોગચાળામાં સતત વધારો થઈ રહ્યો છે. સ્લમ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા જે પાણીના સેમ્પલ લેવામાં આવ્યા છે. ખાસ કરીને પૂર્વ વિસ્તારના બહેરામપુરા, અમરાઈવાડી અને લાંભામાં પાણીની લાઈનો અને ગટરની લાઈનોમાં તકલીફના કારણે હવે કોલેરા પણ વકર્યો છે. પાણીપુરી, આઈસગોલા અને શરબતના સેમ્પલ લેવામાં આવ્યા છે. આ વિસ્તારોમાં પાણીના સેમ્પલ લઈને ટેસ્ટ કરવામાં આવ્યા છે.

### એપ્રિલમાં 4464 પાણીના સેમ્પલ ટેસ્ટ કરાયા

ચાલુ એપ્રિલ મહિનામાં 27 દિવસમાં ઝાડા-ઊલટીના 1366, કમળાના 141, ટાઈફોઈડના 323 કેસ નોંધાયા છે. જ્યારે સાદા મેલેરિયાના 31, અને ડેન્ગ્યુના 36 કેસ નોંધાયા છે. શહેરમાં એપ્રિલ મહિનામાં 4464 પાણીના સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને તે પૈકી 134 પાણીના સેમ્પલ અનફીટ આવ્યા છે. જ્યાં પણ પાણી આવતું હોય ત્યાં એન્જિનિયરિંગ વિભાગને જાણ કરીને લાઈનો બદલવા માટે સૂચના આપવામાં આવી છે.

## પદ્મિનીબાએ પલટી મારતા કહ્યું, કોંગ્રેસને વોટ દેવાથી ફાયદો નથી સંકલન સમિતિ ડરી ગઈ



(એજન્સી) રાજકોટ | તા. 30

ક્ષત્રિય મહિલા આગેવાન પદ્મિનીબાએ આજે ક્ષત્રિય સમાજ માટે આંદોલન કરતી સંકલન સમિતિથી છેડો ફાડ્યો છે. સંકલન સમિતિના 5 સભ્યને બંગડી પહેરાવવાની ચીમકી ઉચ્ચારીને આડાહાથે લીધા હતા. રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે ટિપ્પણી કરી ત્યારે સંકલન સમિતિ વિરોધમાં હતી, પરંતુ આજે જ્યારે કોંગ્રેસના રાહુલ ગાંધીએ રાજા-રજવાડાં અંગે ટિપ્પણી કરી છે ત્યારે સંકલન સમિતિ શા માટે વિરોધ કરતી નથી. ક્ષત્રિય સમાજને તેમણે કોંગ્રેસની આંદોલન સમિતિ ગણાવી હતી, ક્ષત્રિય સમાજ એ બહેનો-દીકરીઓના સ્વાભિમાન માટે લડત ચલાવવી હોય તો ભાજપ, કોંગ્રેસ કે આમ આદમી પાર્ટી કોઈને પણ મત ન આપવો જોઈએ.એમ તેમણે કહ્યું હતું.

### સ્વાભિમાનની લડત ચાલુ હોય એવું હાલ મને લાગતું નથી

પદ્મિનીબા વાળાએ મીડિયાને જણાવ્યું હતું કે બહેનો-દીકરીઓ માટે સ્વાભિમાનની લડત ચાલુ હોય એવું હાલ મને લાગતું નથી. પુરુષોત્તમ રૂપાલાએ બફાટ કર્યો હતો, એનો વિરોધ તો ચાલુ જ છે, પરંતુ હવે રાજકારણ આવી ગયું છે. હાલમાં જ કોંગ્રેસના રાહુલ ગાંધી રાજા-રજવાડાં વિશે બોલ્યા ત્યારે તેમને પૂછવા માગું છું કે તમારું મોસાળ કઈ જગ્યાએ છે? અને રાજા-રજવાડાં અફીણ પીને પડ્યા રહેતા હતા એવો બફાટ કરતા આમ આદમી પક્ષના ઉમેશ મકવાણાને પણ પૂછવાનું કે આપના નેતા જેલમાં છે તો એ કયાં કારણોથી છે?

### હું ભાજપમાં હતી છતાં પણ પુરુષોત્તમ રૂપાલાનો વિરોધ કર્યો

તેમણે જણાવ્યું હતું કે જો બહેન-દીકરીઓના સ્વાભિમાન માટેની લડત ચલાવતા હોઈએ તો ભાજપ, કોંગ્રેસ કે આમ આદમી પાર્ટી કોઈને મત ન આપવો જોઈએ. સમાજને હાથો બનાવવામાં આવી રહ્યો છે અને તેથી સમાજ હાંસીપાત્ર બની ગયો છે. રૂપાલાનો જેમ વિરોધ કરવામાં આવ્યો એ રીતે રાહુલ ગાંધી અને ઉમેશ મકવાણાનો પણ વિરોધ કરવો જોઈએ. સંકલન સમિતિ ઝંડા લઈને બેસી ગઈ છે. તો રાહુલ ગાંધી પાસે માફી મગાવવી જોઈએ. પદ્મિનીબાએ ભાજપનો ખેસ પહેર્યો હોવાના આક્ષેપ મામલે તેમણે કહ્યું હતું કે હું ભાજપમાં હતી છતાં પણ પુરુષોત્તમ રૂપાલાનો વિરોધ કર્યો હતો, ત્યાર બાદ મેં રાજીનામું આપી દીધું હતું.

### ક્ષત્રિય સમાજ સાથે આ લડતમાં જોડાયેલી રહીશ

તેમણે જણાવ્યું હતું કે ક્ષત્રિય સમાજની સંકલન સમિતિ હવે કોંગ્રેસની સમિતિ બની ગઈ હોય એવું ચિત્ર ઊપસી રહ્યું છે. સંકલન સમિતિ દ્વારા ધર્મરથનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું, પરંતુ ત્યાર બાદ સામાજિક સ્વરૂપે આ લડત ચાલુ છે, કારણ કે લોકોએ આ લડતને સ્વયંભૂ રીતે ઉઠાવી લીધી છે. તેમણે વધુમાં કહ્યું હતું કે ક્ષત્રિય સમાજની સંકલન સમિતિ માત્ર પુરુષોત્તમ રૂપાલાને બદલે સમગ્ર ભાજપનો વિરોધ શા માટે કરી રહી છે. રાજા-રજવાડાં વિશે બોલનારા તમામનો વિરોધ કરવો જોઈએ. જોકે એવું થયું નથી, જેથી હું હવે સંકલન સમિતિની સાથે નથી, પરંતુ ક્ષત્રિય સમાજ સાથે આ લડતમાં જોડાયેલી રહીશ. આ સાથે જ તેમણે સંકલન સમિતિના 5 સભ્યને બંગડી પહેરાવવાનું એલાન કર્યું હતું.

## અમદાવાદમાં કચરાના ડમ્પર ચાલકે કારને અડફેટે લીધી, ત્રણના મોત



(એજન્સી) અમદાવાદ | તા. 30

ગુજરાતમાં માર્ગ અકસ્માતની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે આજે (30મી એપ્રિલ) અમદાવાદ શહેરના નારોલ-જુહાપુરા વચ્ચે ડમ્પર ચાલકે કારને જોરદાર ટક્કર મારી હતી. મળતી માહિતી અનુસાર, આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે. ઘટનાને પગલે લોકોના ટોળા એકઠા થયા હતા અને રોડ પર ટ્રાફિક જામના દ્રશ્ય સર્જાયા હતા. હાલ પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે.

### પીરાણામાં કચરાના ડમ્પર ચાલકો બેફામ બન્યા

શહેરમાં પીરાણા વિસ્તારમાં કચરાના ડમ્પર ચાલકો બેફામ બન્યા છે. આ ડમ્પરો દ્વારા અવાર-નવાર લોકોને કચડી નાખવાની ઘટનાઓ બનતી રહે છે. અગાઉ પણ પીરાણા સર્કલ નજીક ડમ્પરે બાઈકને અડફેટે લેતા બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. રાજ્યમાં છેલ્લા ઘણાં દિવસોથી અકસ્માતની ઘટના વધુ બની રહી છે. ગઈકાલે (29મી એપ્રિલ) રાજ્યમાં ત્રણ ગોઝારા માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના જીવ ગયા છે. બગસરા-જેતપુર હાઈવે પર ખાનગી બસ પલટી મારી જતા બે લોકોના મોત થયા હતા. બીજો અકસ્માત જામનગરના નારણપર ગામના પાટીયા નજીક કાર અને બાઈક વચ્ચે સર્જાયો હતો. જેમાં બાઈકમાં સવાર પતિ-પત્ની મૃત્યુ નીપજ્યું હતું.

## રૂપાલાને મળશે સમગ્ર પાટીદાર સમાજનું સમર્થન, રાજકોટમાં કડવા અને લેઉવા પાટીદારોનું સંમેલન

(એજન્સી) રાજકોટ | તા. 30

આગામી 7 મી મેના રોજ લોકસભા ચૂંટણીનું ત્રીજા તબક્કાનું મતદાન યોજાવા જઈ રહ્યું છે ત્યારે અત્યારથી જ રાજકારણ ગરમાઈ રહ્યું છે તેમાં પણ રાજકોટ બેઠક પરથી ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાના નિવેદન બાદ સમગ્ર ક્ષત્રિય સમાજ ભાજપ અને રૂપાલાના વિરોધમાં ઉતરી આવ્યો છે ત્યારે હવે આ જ બેઠકને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. પરષોત્તમ રૂપાલાના સમર્થનમાં સમગ્ર પાટીદાર સમાજ આવ્યો છે. મળતી માહિતી મુજબ, આગામી 4 તારીખે પાટીદાર સમાજ દ્વારા સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ ખાતે પાટીદાર સમાજના આ સ્નેહમિલન કાર્યક્રમમાં કડવા અને લેઉવા પાટીદાર સમાજના લોકો વિશાળ સંખ્યામાં હાજર રહેશે. તો સાથે સાથે પરસોત્તમ રૂપાલાના સમર્થનમાં લેઉવા અને કડવા પાટીદાર સમાજ એક મંચ પર જોવા મળશે. મહત્વનું છે કે આ સ્નેહમિલનમાં પાટીદાર સમાજના અનેક ઉધોગપતિઓ અને વેપારીઓ પણ જોડાશે.

### એક મંચ પર આવશે કડવા-લેઉવા પાટીદાર



ગુજરાતની હાલની સૌથી વધુ ચર્ચિત રાજકોટ બેઠકને લઈ મોટા સમાચાર સામે આવી રહ્યા છે. પરષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજને લઈને કરવામાં આવેલ નિવેદન બાદ જ્યાં ક્ષત્રિય સમાજ તેમના વિરોધમાં આવ્યો છે તો સૌરાષ્ટ્ર અને રાજકોટનો પાટીદાર સમાજ પરષોત્તમ રૂપાલાના સમર્થનમાં આવ્યો છે. રૂપાલાના સમર્થનને લઈને આગામી 4 મેના રોજ રાજકોટ ખાતે સમગ્ર પાટીદાર સમાજનું સંમેલન મળવા જઈ રહ્યું છે.


## શાહનો વીડિયો એડિટ કરનાર બંને 3 દિવસના રિમાન્ડ પર



(એજન્સી) અમદાવાદ | તા. 30

લોકસભાની ચૂંટણીને લઈને સાયબર ક્રાઈમ દ્વારા સોશિયલ મીડિયા પર મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે, જેમાં ધાર્મિક લાગણી દુભાય અથવા કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળે એ પ્રકારની પ્રવૃત્તિઓ પર નજર રાખવામાં આવી રહી છે. ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રીનો જાહેરસભાનો વીડિયો એડિટ કરી વાઈરલ કરનાર 2 આરોપીની સાયબર ક્રાઈમે ધરપકડ કરી છે, જેમાંથી એક આરોપી કોંગ્રેસના નેતાનો PA છે, જ્યારે બીજો આરોપી આમ આદમી પાર્ટીનો કાર્યકર્તા છે. બંને આરોપીની ધરપકડ કરી સાયબર ક્રાઈમે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે 5 દિવસના રિમાન્ડની માગ સાથે બંનેને મેટ્રો કોર્ટમાં રજૂ કરાતા કોર્ટે બંને 3 દિવસના રિમાન્ડ પર મોકલ્યા હતા.

**કોર્ટે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા :** આરોપી આર.બી. બારીયા વતી રિમાન્ડ અરજીનો વિરોધ કરતા એડવોકેટ યશવર્ધન.કે.કોષ્ઠીએ જણાવ્યું હતું કે, આ ઘટનામાં અન્ય કોઈ આરોપીઓને પકડવાના રહેતા નથી, આ વીડિયો એડિટેડ છે કે કેમ તેના તપાસ અધિકારી દ્વારા રિપોર્ટ કે ચકાસણીનો અહેવાલ કોર્ટના રેકોર્ડ ઉપર મુકાયો નથી, આરોપીએ પોલીસને તમામ માહિતી આપી દીધી છે, આરોપીએ વાપરેલો ફોન પણ પોલીસ પાસે જ છે, હવે કોઈ વસ્તુ મેળવવાની બાકી રહેતી નથી, સમગ્ર કેસ ઈલેક્ટ્રોનિક અને ટેક્નિકલ પુરાવા આધારિત છે, આ પુરાવા પોલીસ પાસે છે, જેથી આરોપીના પોલીસ કસ્ટડીની જરૂર રહેતી નથી. જો કે, કોર્ટે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.




### અમદાવાદનો બનાવ | જમાઈના ત્રાસથી પરિવાર સાબરમતી નદીમાં કૂદયો

# પરિવારનો સામુહિક આત્મહત્યાનો પ્રયાસ

(એજન્સી) અમદાવાદ | તા. 30

અમદાવાદમાં સાબરમતીમાં કૂદી પરિવારનો સામુહિક આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે. જેમાં અમદાવાદમાં ભુદરપુરા વિસ્તારમાં રહેતા 50 વર્ષીય ચંપાબેન તેમની દીકરી રીનાબેન તેમનું 6 વર્ષનું બાળક અને ચંપાબેનનો દીકરો ચંદ્રનગર રિવરફ્રન્ટના વોક વે પરથી નદીમાં કૂદ્યા હતા. આ બનાવની જાણ થતા સિનિયર અધિકારીઓ રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન પહોંચ્યા

આ બનાવની જાણ થતા સિનિયર અધિકારીઓ રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન પહોંચ્યા છે અને તેમની પૂછપરછ કરી રહ્યા છે પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે આ પરિવારમાં રીનાબેનને પતિ સાથે ઘણા સમયથી અણબનાવ ચાલતો હતો. તે ઘણી વખત ઘર જમાઈ તરીકે પણ રહેવા આવતો હતો અને પછી જતો રહેતો હતો. અગાઉ પરિવારે જમાઈ સામે સામે 498 સંદર્ભે ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ સતત તેનો ત્રાસ ચાલુ રહેતા અંતે કંટાળીને પરિવારે આત્મહત્યા કરવાનો વિચાર કરીને નદીમાં ઝંપલાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે અમદાવાદના ચંદ્રનગર રિવરફ્રન્ટના વોક વે પર મોડી સાંજે પરિણીતાએ છ વર્ષના બાળક, માતા અને ભાઈ સાથે નદીમાં ઝંપલાવી સામૂહિક આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પતિના ત્રાસથી પરિવારે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. આ ચારેય લોકો નદીમાં કુદ્યા એટલે આસપાસ લોકો પણ તેમને બચાવવા માટે ત્યાં પહોંચી ગયા હતા. આ સમયે ત્યાં હાજર કિન્નરો માનવતા દાખવી પોતે પહેરેલી સાડી નદીમાં નાખીને પરિવારને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ પાલડી પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ પણ નદીમાં કૂદ્યા અને નાના બાળક સહિત ચાર લોકોને બચાવી લીધા હતા. જ્યારે ફરીવાર લખેલ સુસાઈડ નોટ પાણીમાં પલળી જતા સાચી વિગતો જાણી શકાઈ નથી.



### દારૂડિયા પતિના ત્રાસથી કંટાળીને સાબરમતી નદીમાં ઝંપલાવી દીધું

આત્મહત્યા પાછળનું કારણ રિનાબેનનો પતિ નવિનચંદ્ર ચાવડા છે. જે લગ્ન બાદથી જ રિનાના પિયરમાં રહેતો અને દારૂ પીને સતત ત્રાસ આપતો અને મારઝૂડ કરતો હતો. અગાઉ તેની સામે ઘરેલુ હિંસાની પણ ફરિયાદ ચાંદખેડા પોલીસ મથકે નોંધાઈ હતી. તેઓના પતિ સામે અગાઉ વિરમગામ પોલીસ મથકે હત્યાનો ગુનો પણ નોંધાયો હતો અને તેના ત્રાસથી કંટાળીને રિનાબેનના પિતાનું પણ મોત થયુ હતું. પતિના કારણે રિનાબેનના માતા અને ભાઈ પણ કંટાળી ગયા હોય તેઓ તમામ 28મી એપ્રિલના રોજ આપઘાત માટે સાબરમતી નદી પહોંચ્યા હતા. જોકે ભીડ વધુ હોવાથી આપઘાત કરવાનું ટાળ્યુ હતુ અને બીજા દિવસે નદીમાં ઝંપલાવ્યુ હતું. આ મામલે એલીસબ્રિજ પોલીસ મથકે ઘરેલુ હિંસા સહિતની કલમો હેઠળ પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.